

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

સુવિચાર
કેટલાક અનુભવને અંતે બોલે છે,
કેટલાક અનુભવના અંતે બોલતા
બંધ થાય છે...!

રવિવાર, 08 સપ્ટેમ્બર 2024 | ભાદરવા સુદ - 5, વિક્રમ સંવત 2080 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 07 | અંક : 20 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12


**મૃતકોના પરિવારજનોને કેન્દ્ર અને રાજ્યની મળીને 4-4 લાખની સહાયની જાહેરાત**

# આગરા-અલીગઢ નેશનલ હાઈવે પર મોટી દુર્ઘટનામાં 17 લોકોના ઘટના સ્થળે જ મોત

■ **હાથરસ ક્ષેત્રમાં રોડવેઝ બસે મેક્સ વાનને ટક્કર મારી, અનેક ઘાયલ થયા**

ગુજરાત | વંદન





ઉત્તરપ્રદેશમાં ગઈકાલે મોડી રાત્રે બનેલી એક ભીષણ દુર્ઘટનામાં ઓછામાં ઓછા 17 લોકો માર્યા ગયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા. જે અંગે પોલીસે આજે શનિવારે જણાવ્યું હતું કે યુપીના હાથરસ ક્ષેત્રમાં એક મોટા માર્ગ અકસ્માતમાં સાત પુરૂષો, ચાર મહિલાઓ અને છ બાળકો સહિત 17 લોકોના મૃત્યુની પુષ્ટિ થઈ છે. શુક્રવારે, ઉત્તર પ્રદેશના હાથરસ જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ 93 પર રોડવેઝની બસે પાછળથી એક મેક્સી વાનને ટક્કર મારી હતી, જેમાં ઓછામાં ઓછા 17 લોકોના મોત થયા હતા.

આ અકસ્માતમાં ઘણા લોકો ઘાયલ પણ થયા છે, જેમને સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જિલ્લાના અધિકારીઓને ઘટનાસ્થળે પહોંચીને રાહત કાર્ય હાથ ધરવા સૂચના આપી છે. મુખ્યમંત્રીએ અધિકારીઓને ઘાયલોની યોગ્ય સારવાર સુનિશ્ચિત કરવા પણ કહ્યું છે.

પોલીસ અધિક્ષક નિપુન અગ્રવાલે જણાવ્યું હતું કે, "આગ્રા-અલીગઢ નેશનલ હાઈવે પર ઓવરટેક કરવાનો પ્રયાસ કરતી વખતે બસે વાનને ટક્કર મારી હતી." મૃતકોની ઓળખ ઈર્શાદ (25), મુન્ને ખાન (55), મુસ્કાન (16), તલ્લી (28), તબસ્સુમ (28), નજમા (25), ભોલા (25), ખુશ્બૂ (25), જમીલ (50) તરીકે થઈ છે. ), છોટે (25), અયાન (બે), સુફીયાન (એક), અલ્ફાઝ (છ), શોએબ (પાંચ) અને ઈશરત (50).

17 મૃતકોમાંથી 16 ખંડૌલીના સેમરા ગામના રહેવાસી હતા અને એક વ્યક્તિ ફિરોઝાબાદના દિદામાઈનો હતો. મેક્સ લોડર વાહનમાં મુસાફરી કરી રહેલા લોકો સાસની ગામમાં મુકુંદ ખેડા ચાલીસામાં એક ઉત્સવમાં ભાગ લઈને ખંડૌલી નજીક સેમરા ગામમાં પરત ફરી રહ્યા હતા.

સીએમ યોગીએ એક્સ-ગ્રેશિયા રકમની જાહેરાત કરી હતી જેમાં મૃતકોના પરિવારજનોને 2 લાખ રૂપિયા અને ગંભીર રીતે ઘાયલોને 50 હજાર રૂપિયાની આર્થિક સહાય આપવાનો નિર્દેશ આપ્યો છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ અકસ્માતમાં થયેલા મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો હતો અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી હતી. તેમણે ટ્વિટર પર કહ્યું કે સ્થાનિક વહીવટીતંત્ર રાજ્ય સરકારની દેખરેખ હેઠળ પીડિતોને તમામ શક્ય મદદ પૂરી પાડી રહ્યું છે.મોદીએ મૃતકોના પરિવારજનોને 2-2 લાખ રૂપિયા અને ઘાયલોને 50-50 હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી હતી. જ્યારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દુર્ઘટનામાં થયેલા મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો હતો અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી હતી.

**આ વર્ષે પણ ઇકો ફ્રેન્ડલી ગણેશ મૂર્તિની ભારે ખરીદી થઇ**

## મુંબઇમાં લાલ બાગચા રાજાના બિરાજમાન સહિત દેશભરમાં ગણેશોત્સવનો પ્રારંભ

■ **દેશભરમાં ભારે ધૂમધામથી 10 દિવસ સુધી ઉત્સવ મનાવાશે, 17મીએ વિસર્જન**

ગુજરાત | વંદન



દેશભરમાં ગણેશોત્સવનો હર્ષોલ્લાસ સાથે પ્રારંભ થયો છે. મંગલમૂર્તિ વિવિધ પંડાલમાં બિરાજમાન થયા છે. મુંબઈમાં લાલબાગના રાજાના દર્શન માટે ભક્તોનો ધસારો જોવા મળી રહ્યો છે. વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા છે. 20 કિલોનો સુવર્ણ મુકુટ ધારણ કરી લાલબાગના રાજા બિરાજમાન થયા છે. ગુજરાત સહિત દેશભરમાં ભારે ધૂમધામથી 10 દિવસ સુધી ગણેશ ઉત્સવ મનાવ્યા પછી ગણપતિ વિસર્જન કરવામાં આવે છે. આ વર્ષે ગણેશ વિસર્જન 17 સપ્ટેમ્બરે છે. આ ઉત્સવ દોઢ દિવસથી લઈને 11 દિવસ સુધી લોકો ઉજવે છે. કોઈ ગણેશજીની સ્થાપ દોઢ દિવસ કરે છે. તો કોઈ 11 દિવસ કરે છે અને ત્યારબાદ વિસર્જન કરે છે. હાલ બજારમાં અત્યારે 5 ઈંચની મૂર્તિથી લઈને 7થી 8 ફૂટની મૂર્તિ જોવા મળી રહી છે. જે લોકો ઘરમાં ગણેશજીની સ્થાપના કરી રહ્યા છે. તેઓ નાની-નાની મૂર્તિઓની ખરીદી કરી રહ્યા છે.


**ન્યૂઝ બ્રિફ**

### હૈદરાબાદમાં આઈસ્ક્રીમ મિશ્રિત દારૂ વેચતા રેકેટનો પર્દાફાશ




તેલંગાણાના હૈદરાબાદમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં આઈસ્ક્રીમ કાફેમાં વ્હિસ્કી મિક્સ કરીને વેચવાના કથિત રેકેટનો પર્દાફાશ થયો છે. મળતી માહિતી મુજબ છેલ્લા ઘણા દિવસોથી આઈસ્ક્રીમ કાફે સામે ફરિયાદો મળી રહી હતી. જે બાદ શુક્રવારે દરોડો પાડવામાં આવ્યો હતો અને આઈસ્ક્રીમ મિશ્રિત વ્હિસ્કી જપ્ત કરવામાં આવી હતી.સોશિયલ મીડિયા પરથી માહિતી મળી હતીઅધિકારીઓએ શનિવારે આ અંગે માહિતી આપી હતી.

### ઓગસ્ટમાં 27 હજારથી વધુ કર્મચારીઓને નોકરી ગુમાવી



ટેક્નોલોજી સેક્ટરમાં છટણીની સુનામી આવી છે. દુનિયાભરની IT કંપનીઓ પોતાના કર્મચારીઓને બહારનો રસ્તો બતાવવામાં વ્યસ્ત છે. વાસ્તવમાં, તેની વૈશ્વિક કામગીરીના કેટલાક વિભાગોને બંધ કરીને નોકરીઓ જોખમમાં મૂકાઈ રહી છે. ગયા મહિને એટલે કે ઓગસ્ટમાં 27 હજારથી વધુ કર્મચારીઓને નોકરી ગુમાવવી પડી હતી.Intel, IBM અને Cisco Systems જેવી મોટી નામની કંપનીઓએ તેમના કર્મચારીઓને બહાર નીકળવાના દરવાજા બતાવ્યા છે. ઓગસ્ટમાં, ટેક સેક્ટરની 40 થી વધુ કંપનીઓએ છટણીની જાહેરાત કરી છે.

### અનિલ અંબાણી હવે ટાટા અને મહિન્દ્રાને ટક્કર આપશે



અનિલ અંબાણી હવે EV સેક્ટરમાં પ્રવેશ કરીને ટાટા મોટર્સ અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા સાથે સ્પર્ધા કરવા જઈ રહ્યા છે. આ માટે અનિલ અંબાણીએ ચીનની સૌથી મોટી EV કંપની BYDના ભૂતપૂર્વ ભારતીય વડાને સલાહકાર તરીકે નિયુક્ત કર્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર અનિલ અંબાણીની કંપની રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈલેક્ટ્રિક કાર અને બેટરી બનાવવાની યોજના પર વિચાર કરી રહી છે. રિપોર્ટ મુજબ, રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરે દર વર્ષે આશરે 250,000 વાહનોની પ્રારંભિક ક્ષમતા સાથે EV પ્લાન્ટ સ્થાપવાની યોજનાનો "કોસ્ટ ફિલિબિલિટી" અભ્યાસ હાથ ધરવા માટે બહારના સલાહકારોની નિમણૂક કરી છે.

## જબલપુર સ્ટેશન નજીક એક્સપ્રેસ ટ્રેનના બે ડબા પાટા પરથી ઉતરી ગયા

■ **ટ્રેનની ઝડપ ઓછી હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી**

ગુજરાત | વંદન



મધ્યપ્રદેશના જબલપુરમાં એક મોટો ટ્રેન અકસ્માત થયો છે. અહીં ઈન્દોર ઓવરનાઈટ એક્સપ્રેસના બે ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. ઈન્દોર ઓવરનાઈટ એક્સપ્રેસ ઈન્દોરથી જબલપુર આવી રહી હતી ત્યારે મુખ્ય રેલવે સ્ટેશન પાસે ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ હતી. રેલવે અધિકારીઓનું કહેવું છે કે રેલવે સ્ટેશન નજીક હોવાને કારણે ટ્રેનની ગતિ ઘણી ધીમી હતી. જો સ્પીડ વધુ હોત તો અકસ્માત તદ્દન નુકસાનકારક બની શક્યો હોત. ઈન્દોર અને જબલપુર વચ્ચે ચાલતી રાત્રી એક્સપ્રેસ સવારે લગભગ 5.50 વાગ્યે પાટા પરથી ઉતરી ગઈ હતી. મુખ્ય રેલવે સ્ટેશનની ખૂબ જ નજીક આવ્યા બાદ ટ્રેનના બે ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા, જેના કારણે મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો. તમામ મુસાફરોને ઉતાવળમાં ટ્રેનમાંથી નીચે ઉતારવામાં આવ્યા હતા. દુર્ઘટનાની માહિતી મળતા જ રેલવેના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને રાહત કાર્ય શરૂ કરી દીધું હતું.માહિતી અનુસાર, ઈન્દોર અને જબલપુર વચ્ચે રાતોરાત ચાલતી એક્સપ્રેસ જબલપુરના મુખ્ય રેલવે સ્ટેશન પર પહોંચવાની હતી ત્યારે તેના બે ડબ્બા પાટા પરથી ઉતરી ગયાનું અધિકારીઓનું કહેવું છે કે ટ્રેનની ઝડપ 5 કિલોમીટર પ્રતિ કલાક હતી, તેથી કોઈ મોટી દુર્ઘટના થઈ નથી તે થયું નથી, પરંતુ આ અકસ્માત પાછળનું કારણ ચોક્કસ તપાસવામાં આવશે. હાલ આ અકસ્માતના કારણે ટ્રેન વ્યવહાર પ્રભાવિત થયો છે.

## મોદીના યુએસ પ્રવાસમાં મોટો ફેરફાર, હવે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને સંબોધિત નહીં કરે

■ **વડાપ્રધાનને બદલે વિદેશમંત્રી જયશંકરને સભાને સંબોધવાની તક મળી**

ગુજરાત | વંદન

એક અસામાન્ય ઘટનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અમેરિકા પ્રવાસમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે, તેઓ હવે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા(યુનો જનરલ એસેમ્બલી) ને સંબોધિત કરશે નહીં. પીએમ મોદી 26 સપ્ટેમ્બરે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને સંબોધિત કરવાના હતા, પરંતુ હવે તેઓ મહાસભાને સંબોધશે નહીં, તેના બદલે વિદેશ મંત્રી એસ જયશંકર 28 સપ્ટેમ્બરે મહાસભાને સંબોધશે. સામાન્ય રીતે આ સભાને સંબોધવુ એક પ્રતિષ્ઠા મનાય છે. પરંતુ મોદી હવે કેમ સંબોધિત નહીં કરે તે એક ચર્ચાનો વિષય બની શકે છે.

પહેલા કાર્યક્રમ હેઠળ પીએમ 22 સપ્ટેમ્બરથી 26 સપ્ટેમ્બર સુધી અમેરિકા જવાના હતા, આ દરમિયાન તેઓ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા સહિત વધુ બે કાર્યક્રમોને સંબોધિત કરવાના હતા. જો કે, હવે તેઓ 22-23 સપ્ટેમ્બરે વધુ બે કાર્યક્રમોને સંબોધશે, પરંતુ સામાન્ય સભાનો ભાગ બની શકશે નહીં.જ્યાં એક તરફ પીએમ મોદી સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને સંબોધિત નહીં કરે તો બીજી તરફ તેઓ ન્યૂયોર્કની મુલાકાત દરમિયાન બે મોટી સભાઓને સંબોધિત કરશે. પીએમ 22 સપ્ટેમ્બરે નાસાઉ વેટરન્સ મેમોરિયલ કોલિઝિયમ ખાતે લોંગ આઈલેન્ડમાં 16,000 લોકોની વચ્ચે એક વિશાળ કાર્યક્રમને સંબોધિત કરશે.સંયુક્ત રાષ્ટ્રએ જુલાઈમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 79મા સત્ર માટે વક્તાઓની યાદી જાહેર કરી હતી, જે મુજબ પીએમ મોદી 26 સપ્ટેમ્બરે મહાસભાને સંબોધવાના હતા. જો કે, શુક્રવારે વક્તાઓની સંશોધિત સૂચિ બહાર પાડવામાં આવી હતી, જે મુજબ, ભારતના વિદેશ પ્રધાન એસ જયશંકર 28 સપ્ટેમ્બરે મહાસભાને સંબોધિત કરશે.પીએમ મોદીએ જૂનમાં ભારતના વડાપ્રધાન તરીકે ઐતિહાસિક ત્રીજી મુદત માટે યુએન બોડીમાં પદના શપથ લીધા હતા. પીએમએ છેલ્લે સપ્ટેમ્બર 2021માં યુએનજીએના વાર્ષિક સત્રને સંબોધિત કર્યું હતું. જો કે, તેમણે ગયા વર્ષે 21 જૂને યુએન હેડક્વાર્ટરની મુલાકાત લીધી હતી અને યોગ દિવસની ઉજવણીનું નેતૃત્વ કર્યું હતું.આ વર્ષે, સંયુક્ત રાષ્ટ્ર મહાસભાનું સત્ર 24 સપ્ટેમ્બરથી શરૂ થશે અને 30 સપ્ટેમ્બર સુધી ચાલશે. બ્રાઝિલ સામાન્ય સભા ખોલનાર અને ઉચ્ચ સ્તરીય સત્રને સંબોધિત કરનાર પ્રથમ દેશ હશે. બ્રાઝિલ પછી, અમેરિકા સભાને સંબોધિત કરશે, જ્યાં રાષ્ટ્રપતિ જો બિડેન યુએસ પ્રમુખપદની ચૂંટણી પહેલા યુએન પ્લેટફોર્મ પરથી બોલશે.

## અજબ ગજબ : 1896 કરોડમાં બનેલા હાઈવે માટે ₹8349 કરોડ વસૂલાયા

■ **હાઈવેના નિર્માણનો ખર્ચ નિકળ્યા બાદ પણ કરોડો-કરોડો રૂપિયાનો ટોલટેક્સ વસૂલાતા રોષ**

ગુજરાત | વંદન



આ દિવસોમાં સોશિયલ મીડિયા પર રસ્તાઓ અને ટોલ વસૂલાતના મુદ્દે જબરદસ્ત ચર્ચા શરૂ થઈ ગઈ છે. 1896 કરોડ રૂપિયાના ખર્ચે નેશનલ હાઈવે બનાવવામાં આવ્યો હતો, જ્યારે તેના પર બનેલા ટોલ પ્લાઝામાંથી 8349 કરોડ રૂપિયા વસૂલવામાં આવ્યા હોવાની માહિતી સામે આવ્યા બાદ આ ચર્ચા શરૂ થઈ હતી. દિલ્હી-જયપુર હાઈવે એટલે કે NH-8 પર મનોહરપુર ટોલ પ્લાઝા છે. આ ટોલ ઘણા સમયથી વસૂલવામાં આવી રહ્યો છે. તેની કિંમત વસૂલ કરવામાં આવી છે, તે પછી પણ ટોલ બંધ કરવામાં આવી રહ્યો નથી.આ નેશનલ હાઈવે પર મનોહરપુર સિવાય શાહજહાંપુર અને દૌલતપુર બે ટોલ પ્લાઝા છે. આ પછી આરટીઆઈ દ્વારા ત્રણેય ટોલ પ્લાઝાની માહિતી માંગવામાં આવી હતી, જેમાંથી એક આરટીઆઈનો જવાબ મળ્યો હતો.આરટીઆઈનાજવાબમાં જણાવવામાં આવ્યું હતું કે આ ટોલ પ્લાઝા પર 03-04-2009 થી ટોલ વસૂલવામાં આવે છે. રોડ બનાવવાનો ખર્ચ કેટલો થયો અને તેમાં સરકારનો કેટલો હિસ્સો હતો? કહેવામાં આવ્યું હતું કે હાઈવેના નિર્માણમાં 1896 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો

રોડ પર કેટલો ટોલ ટેક્સ વસૂલવામાં આવ્યો છે? તેના જવાબમાં જણાવવામાં આવ્યું હતું કે 2023 સુધી આ ટોલમાંથી 8349 કરોડ રૂપિયા એકત્ર થયા છે. તમને જણાવી દઈએ કે આ રકમથી ગુરુગ્રામથી જયપુરને જોડતા 4 હાઈવે બનાવવામાં આવી શકે છે. તેમજ આ ટોલ પ્લાઝા આજ સુધી બંધ કરવામાં આવ્યો નથીજ આ માહિતી સામે આવી ત્યારે સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ ગઈ. લોકો તેમની પોસ્ટ દ્વારા આ સવાલ પૂછી રહ્યા છે કે જ્યારે વાહન ખરીદતી વખતે રોડ ટેક્સ ભરાય છે તો પછી રસ્તા પર મુસાફરી કરવા પર દર 50 કિલોમીટરે ટોલ ટેક્સ કેમ વસૂલવામાં આવે છે? અન્ય એક યુઝરે કહ્યું કે જો આવા તમામ મોટા હાઈવેની પણ RTI દ્વારા તપાસ કરવામાં આવે તો 4 ગણા નફાના સમાન આંકડાઓ સામે આવશે.

## કેન્યામાં સ્કૂલમાં ભયાનક આગથી 17 બાળકનાં મોત, 13 દાઝી ગયા

■ **આ માટે જવાબદારોને સખતમાંથી સખત સજા કરાશે-રાષ્ટ્રપતિ**

ગુજરાત | વંદન





કેન્યાની નીએરી કાઉન્ટી સ્થિત હીલ સાઈડ એન્ડશૉ પ્રાયમરી સ્કૂલમાં આવેલાં બોર્ડીંગમાં અચાનક આગ ફાટી નીકળતાં 17 બાળકોનાં મૃત્યુ થયાં હતાં જ્યારે અન્ય 13ને સખત દાઝી ગયા હતા. આથી મૃત્યુ આંક વધવાની પણ ભીતિ છે તેમ પોલીસ અધિકારીએ શુક્રવારે પત્રકારોને જણાવ્યું હતું. પોલીસ પ્રવક્તા રેસીલા ઓનિયાંગોએ આ માહિતી આપતાં વધુમાં જણાવ્યું હતું કે આ બોર્ડીંગ સ્કૂલમાં 14 વર્ષ સુધીનાં 4 બાળકોને લેવામાં આવે છે.

નીએરી કાઉન્ટીના કમીશનર પાયસ મુરૂગુએ અને શિક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે જે બિલ્ડીંગમાં વિદ્યાર્થી રહે છે તે ત્રણ માળનું બિલ્ડીંગ છે. તેમાં 150 વિદ્યાર્થીઓ રહે છે. મોટા ભાગનાં મકાનો પાટીયાનાં જ બનેલાં હોઈ આગ ઝડપભેર ફેલાઈ જાય છે.આ સ્કૂલમાં 824 વિદ્યાર્થીઓ છે. તે પાટનગર નૈરોબીથી 200 કિ.મી. ઉત્તરે આવેલા મધ્યસ્થ ઉચ્ચ પ્રદેશમાં આવેલી છે. મધ્ય અને દક્ષિણ આફ્રિકામાં જંગલો ઘણાં હોવાથી મોટા ભાગનાં ઘરો તો લાકડાનાં જ બનેલાં હોય છે. તેથી આગ લાગવી સહજ છે.આ આગ પછી મૃતક બાળકોનાં માતા-પિતા ભારે હૈયે બાળકોના મૃતદેહો શોધી રહ્યાં હતા. આ દુર્ઘટના પછી પ્રમુખ વિલિયમ હૂતોએ તે સમાચારોને દ્રવ્ય-દ્રાવક કહ્યા હતા. સાથે X ઉપર કરેલા ટ્વિટમાં જણાવ્યું હતું કે આ માટે જવાબદારોને સખતમાંથી સખત સજા કરાશે.

ઉપ પ્રમુખ રિગાથી ગયાગુઆએ શાળાઓના વહીવટકર્તાઓને સલામતી માટે આપેલી માર્ગદર્શક રેખાને યોગ્ય રીતે અનુસરવા અનુરોધ કર્યો હતો.

બાળકોને જવા આવવાનો સમય બચે તે માટે ઘણાં માતા-પિતા, ખાસ કરીને જેઓ સ્કૂલથી દૂર રહે છે તેઓ તેમનાં બાળકોને બોર્ડીંગ સ્કૂલમાં મુકે છે.કેટલાક સમય પૂર્વે વિદ્યાર્થીઓએ જ કામનાં દબાણ અને બોર્ડીંગની પરિસ્થિતિ અંગે વિરોધ દર્શાવવા શાળાનાં મકાનને આગ ચાંપી હતી.

**વાંકી નજરે...** સૌજન્યથી...





## સુનિતા વિલિયમ્સને અંતરિક્ષમાં લઇ જનાર સ્ટારલાઇનર યાન પૃથ્વી પર પરત ફર્યું

■ **સુનિતા અને અન્ય સાથી ફેબ્રુઆરી 2025 સુધીમાં પૃથ્વી પર પાછા ફરશે**

ગુજરાત | વંદન



સુનિતા વિલિયમ્સ અને બૂચ વિલ્મોરને અવકાશ સ્ટેશન પર લઈ જનાર સ્ટારલાઈનર અવકાશયાન પૃથ્વી પર પરત ફર્યું છે. સ્ટારલાઈનર અવકાશયાન ભારતીય સમય અનુસાર સવારે 9:30 વાગ્યે ન્યૂ મેક્સિકોના વ્હાઈટ સેન્ડ સ્પેસ હાર્બર પર ઉતર્યું હતું. જો કે આ સ્પેસક્રાફ્ટ દ્વારા સ્પેસ સ્ટેશન પર પહોંચેલા સુનિતા વિલિયમ્સ અને બૂચ વિલ્મોરે હવે ત્યાં જ રહેવું પડશે, બંને અવકાશયાત્રીઓ હવે નાસાના ક્રૂ 9 મિશનનો ભાગ બનશે અને સ્પેસએક્સના ડ્રેગન કેપ્સ્યુલ દ્વારા ફેબ્રુઆરી 2025 સુધીમાં પૃથ્વી પર પાછા ફરશે.

5 જૂનના રોજ, જ્યારે સ્ટારલાઈનર બંને અવકાશયાત્રીઓ સાથે સ્પેસ સ્ટેશન પર પહોંચ્યું હતું, ત્યારે તકનીકી ખામીને કારણે તે સમયસર પરત ફરી શક્યું ન હતું. નાસા, બોઈંગ સાથે મળીને, સ્ટારલાઈનર બનાવનાર કંપનીએ નક્કી કર્યું કે તેઓ સ્ટારલાઈનરમાંથી સુનિતા વિલિયમ્સ અને બૂચ વિલ્મોરને પાછા નહીં લાવશે. જો કે બોઈંગને તેના અવકાશયાન સુરક્ષિત વળતર માટે સક્ષમ હોવાનો વિશ્વાસ હતો, નાસાએ તેના દ્વારા અવકાશયાત્રીઓના પરત આવવાને 'જોખમી' ગણાવ્યું હતું. અંતે, 3 મહિના પછી, બોઈંગનું સ્ટારલાઈનર પૃથ્વી પર સુરક્ષિત રીતે ઉતરવામાં સફળ રહ્યું હતું..

નાસાના જણાવ્યા અનુસાર, સ્ટારલાઈનર ભારતીય સમય અનુસાર સવારે 3:30 વાગ્યે સ્પેસ સ્ટેશનથી અલગ થયું અને સવારે 9:32 વાગ્યે અમેરિકાના ન્યૂ મેક્સિકોમાં વ્હાઈટ સેન્ડ સ્પેસ હાર્બર પર ઉતર્યું. આ રણ વિસ્તાર છે. સ્ટારલાઈનરના લેન્ડિંગના વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે લેન્ડિંગ પહેલા સ્પેસક્રાફ્ટના 3 પેરાશૂટ ખુલ્યા અને તે પૃથ્વી પર સુરક્ષિત રીતે ઉતરવામાં સફળ રહ્યું હતું..

## મણિપુરના જીરીબામમાં ફરી હિંસા, ખાનગી ફાયરિંગમાં 5 લોકોના મોત

■ **શંકાસ્પદ લોકોએ એક મકાનમાં આગ પણ લગાવી દીધી**

ગુજરાત | વંદન

મણિપુરના જીરીબામ જિલ્લામાં ફરી એકવાર હિંસા થઈ છે. કુકી અને મીતેઈ જૂથો વચ્ચે ભારે ગોળીબારમાં પાંચ લોકો માર્યા ગયા હતા. શંકાસ્પદ લોકોએ એક મકાનમાં આગ પણ લગાવી દીધી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ઘટનાસ્થળે ભારે ગોળીબાર થઈ રહ્યો છે. આ હુમલો જીરીબામ જિલ્લાના નુંગસેકપીમાં થયો હતો, જે જીરીબામ પોલીસ સ્ટેશનથી લગભગ 7 કિમી દૂર છે.

આ પહેલા શુક્રવારે રાત્રે શંકાસ્પદ આતંકવાદીઓએ પૂર્વ મુખ્યમંત્રી મેરેમ્બમ કોઈરિંગના ઘર પર રોકેટ વડે હુમલો કર્યો હતો. આ ઘટનામાં એક વૃદ્ધના મોતના સમાચાર છે. જ્યારે આ ઘટનામાં છ લોકો ઘાયલ થયા હોવાની પણ માહિતી છે.

થોડા દિવસો પહેલા મણિપુરના સેંજમ ચિરાંગમાં અન્ય ડ્રોન બોમ્બ હુમલામાં ત્રણ લોકો ઘાયલ થયા હતા. મણિપુર પોલીસે ટ્વિટર પર એક નિવેદનમાં આ માહિતી આપી હતી.


ગાંધીનગર
સાપ્તાહિક
ગુજરાત વંદન
gujaratvandan.com

### મોટેરાથી મહાત્મા મંદિર સુધીનો ટ્રેક તૈયાર, 18થી વધુ સ્ટેશનો પર રોકાશે મેટ્રો

# વડાપ્રધાન મોદી 75મો જન્મ દિન વિવિધ પ્રજાલક્ષી કાર્યોનું લોકાર્પણ દ્વારા ઉજવશે

■ દિવંગત માતા હિરાબાની છબીને પુષ્પાંજલિ અર્પશે, મેટ્રો ટ્રેનને લીલીઝંડી બતાવશે

ગુજરાત | વંદન





વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાનો 75મો જન્મદિન ગાંધીનગર ખાતે ઉજવે તેમ મનાય છે. તેઓ બે દિવસ માટે ગુજરાતની મુલાકાતે આવી રહ્યાં છે. 17 સપ્ટે.1950ના રોજ જન્મેલા મોદીને આ વર્ષે 75મુ બેસશે અને તેને લઈને રાજકીય ચર્ચા જાગે તે એક અલગ બાબત છે પણ વડાપ્રધાન મોદી પોતાના જીવનની પોણી સદીની ઉજવણી પોતાની માતા હિરાબા વગર કરશે. નોંધનીય છે કે 30 ડિસે.2022ના રોજ 99 વર્ષની વયે તેમનું નિધન થયું હતું.

વડાપ્રધાન પોતાના 75મા જન્મદિને ગાંધીનગરમાં જ્યાં માતા હિરાબા રહેતા હતાં અને દર વર્ષે તેમને મળવા આવતા હતા એ નિવાસસ્થાને જઈને તેમની છબીને પુશ્પાજંલિ અર્પે તેમ મનાય છે. જો કે તેમના બે દિવસીય પ્રવાસની વિગતો હજુ જાહેર થઈ નથી. પણ એક જાહેર કાર્યક્રમમાં તેઓ મોટેરાથી ગાંધીનગર વચ્ચે તૈયાર થયેલા મેટ્રોના રૂટ પરથી પ્રથમ મેટ્રો ટ્રેનને રવાના કરે તેમ છે.

મોટેરાથી ગાંધીનગરના મહાત્મા મંદિર વચ્ચે સપ્ટેમ્બરના બીજા સપ્તાહથી મેટ્રો ટ્રેન દોડતી થઈ જશે. આગામી 16-17 સપ્ટેમ્બરના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. ત્યારે તેમના દ્વારા આ રૂટનું ઉદ્ઘાટન કરવામાં આવશે.

ગત મહિનાના પ્રથમ સપ્તાહમાં જ કમિશ્નર ઓફ મેટ્રો રેલ સેફ્ટી (સીએમઆરએસ) દ્વારા આ રૂટનું ઈન્સ્પેક્શન હાથ ધરાયું હતું. 15 ઓગસ્ટની આસપાસ જ આ રૂટનો પ્રારંભ થઈ શકે તેવી સંભાવના હતી. પરંતુ હવે વડાપ્રધાનના હસ્તે આ રૂટનું ઉદ્ઘાટન થશે.

અલબત્ત, આ અંગે જીએમઆરસી દ્વારા હજુ કોઈ સત્તાવાર જાહેરાત કરાઈ નથી. પ્રાપ્ત વિગતો અનુસાર મહાત્મા મંદિરથી ગિફ્ટ સિટી વચ્ચેની મેટ્રો ટ્રેનની કામગીરી હજુ જારી છે અને તે રૂટ આ વર્ષના અંત સુધીમાં શરૂ થવાની સંભાવના હાલ નહિવત્ છે.

મેટ્રોનો રૂટ આ મુજબ છે. કોટેશ્વર રોડ, વિશ્વકર્મા કોલેજ, તપોવન સર્કલ, નર્મદા કેનાલ, કોબા સર્કલ, જૂનું કોબા, કોબા ગામ, જીએનએલયુ, પીડીપીયુ, ગિફ્ટ, રાયસણ, રાંદેસણ, ધોળા કુવા સર્કલ, ઈન્ફોસિટી, સેક્ટર-1, સેક્ટર-10એ, સચિવાલય, અક્ષરધામ, જૂનું સચિવાલય, સેક્ટર-16, અને સેક્ટર-24, મહાત્મા મંદિર.

મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગરના સેક્ટર-1 (ઈન્દ્રોડા સર્કલ)ના ફેઝ-2ની ટ્રાયલ ફેબ્રુઆરીમાં જ પૂરી કરી દેવાઈ હતી. જેના માટે નર્મદા કેનાલ ઉપર 300 મીટરના કેબલ બ્રિજનું પણ નિર્માણ કરાયું છે. ફેઝ-2માં કુલ 28.24 કિલોમીટરનો રૂટ છે. જેમાં 22.84 કિલોમીટર મોટેરાથી મહાત્મા મંદિર કોરિડોર, 5.42 કિલોમીટર મંદિર-જીએનએલયુ-ગિફ્ટ સિટી કોરિડોરનો સમાવેશ થાય છે. મોટેરાથી મહાત્મા મંદિર વચ્ચે કુલ 20 જ્યારે અને જીએનએલયુ-ગિફ્ટ સિટીના બે સ્ટેશન હશે.

## 14 જિલ્લાના 1.69 લાખથી વધુ નાગરિકોને રૂપિયા 8.04 કરોડની કેશડોલ્સ ચૂકવાઈ

■ 22 મૃતકોના પરિવારોને રૂ. 88 લાખની સહાય, 4,673 કિસ્સામાં રૂ. 3.67 કરોડની મકાન સહાય

■ ઘરવખરી અને કપડા સહાય માટે 50,111 પરિવારોને રૂ. 20.07 કરોડથી વધુનું ચૂકવણું કરાયું




ગુજરાત | વંદન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં ભારે વરસાદથી અતિ પ્રભાવિત જિલ્લાઓમાં જનજીવન ઝડપભેર પૂર્વવત થાય અને અસરગ્રસ્ત જરૂરતમંદ પરિવારોને કેશડોલ્સ અને ઘરવખરી સહાયની ચૂકવણી પણ ત્વરાએ થાય તે અંગે જિલ્લા કલેકટરોને દિશાનિર્દેશ આપ્યા છે. જેના પગલે સંબંધિત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં અસરગ્રસ્ત પરિવારોને કેશડોલ્સ અને ઘરવખરી સહાયની નિયમાનુસારની ચુકવણી પ્રક્રિયા અસરગ્રસ્તોનો સરવે કરીને હાથ ધરવામાં આવી રહી છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે પ્રેસ-મીડિયાને સંબોધન કરતા રાહત કમિશનર આલોકકુમાર પાંડે દ્વારા જણાવવામાં આવ્યું છે કે, રાજ્યના વડોદરા, સુરત, રાજકોટ, આણંદ, કચ્છ, ખેડા, ગાંધીનગર, જામનગર, દેવભૂમિ દ્વારકા, નર્મદા, નવસારી અને પોરબંદર, મોરબી તથા વલસાડ જિલ્લાઓમાં કુલ ૧૧૨૦ ટીમ દ્વારા સરવેની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ જિલ્લાઓમાં તા. ૩ સપ્ટેમ્બર સુધીમાં ૧,૬૯,૫૬૧ વ્યક્તિઓને કુલ રૂ. ૮.૦૪ કરોડ રકમ કેશડોલ્સ પેટે ચૂકવવામાં આવી છે.

એટલું જ નહિ, જે પરિવારોની ઘરવખરી-કપડાં વગેરે પાણીમાં તણાઈ જવાથી કે નુકસાન થવાથી નાશ પામ્યા છે, તેવા પરિવારોની સરવે કામગીરી ૧૧૬૦ ટીમ દ્વારા હાથ ધરવામાં આવી છે. અત્યાર સુધીમાં આ જિલ્લાઓના આવા ૫૦,૧૧૧ પરિવારોને કુલ રૂ. ૨૦.૦૭ કરોડથી વધુ રકમ ઘરવખરી અને કપડા સહાય પેટે ચૂકવવામાં આવી છે.

વધુ વિગતો આપતા તેમણે ઉમેર્યું કે, આ સમયગાળા દરમિયાન માનવ મૃત્યુના કિસ્સામાં ૨૨ મૃતકોના પરિવારોને રાજ્ય સરકાર તરફથી કુલ રૂ. ૮૮ લાખની સહાય ચૂકવવામાં આવી છે. સાથે જ પશુ મૃત્યુના કિસ્સામાં મૃત્યુ પામેલા ૨,૬૧૮ પશુઓના માલિકોને કુલ રૂ. ૧.૭૮ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. આ ઉપરાંત ભારે વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં કાચા મકાનો, પાકા મકાનો, આંશિક અને સંપૂર્ણ નુકશાન પામેલા મકાન અને ઝુંપડાનો પણ સરવે હાથ ધરીને અત્યાર સુધીમાં ૪,૬૭૩ મકાન-ઝુંપડા માલિકોને કુલ રૂ. ૩.૬૭ કરોડથી વધુની રકમ સહાય પેટે ચૂકવવામાં આવી છે.

દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ગત બે દિવસ દરમિયાન વરસેલા વરસાદના કારણે કેટલાક જિલ્લાઓમાં સરવેની કામગીરી પ્રગતિમાં છે અને પરિવારો-વ્યક્તિઓની સંખ્યાની વિગતો જેમ ઉપલબ્ધ થતી જશે, તેમ ઘરવખરી-કપડા સહાય, કેશડોલ્સ, માનવ મૃત્યુ, પશુ મૃત્યુ ઉપરાંત કાચા પાકા મકાનમાં થયેલા નુકશાન માટે વધુ ચૂકવણીની પ્રક્રિયા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવશે.

### કુલ 2,230 કિમી રોડ-રસ્તાનું સમારકામ 10 દિવસમાં પૂર્ણ કરાશે

રાજ્યમાં ભારે વરસાદની પરિસ્થિતિ વચ્ચે અસરગ્રસ્ત વિસ્તારોમાં NDRFની ૧૭, SDRFની ૨૭ તેમજ આર્મીની ૦૯ કોલમ ઉપરાંત એરફોર્સ અને કોસ્ટગાર્ડની ટીમો દ્વારા કુલ ૩૭,૦૫૦ લોકોને રેસ્ક્યુ તેમજ ૪૨,૦૮૩ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું હતું. સાથે જ, ૫૩ વ્યક્તિઓને એરલીફ્ટ પણ કરવામાં આવ્યા હતા. રાજ્યના કુલ ૮૮૦ શેલ્ટર હોમ્સમાં અસરગ્રસ્ત ૪૮,૬૯૫ લોકો અને ૬૦૨ સગર્ભા મહિલાઓનું સ્થળાંતર કરીને મેડિકલ ટીમ દ્વારા તપાસ કરાઈ છે. સાથે જ, વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાંથી હોસ્પિટલોમાં કુલ ૨૧૬ સફળ પ્રસુતિ પણ કરવામાં આવી છે. ભારે વરસાદથી રાજ્યમાં અસરગ્રસ્ત કુલ ૨,૨૩૦ કિમી રોડ-રસ્તાનુ સમારકામ આગામી ૧૦ દિવસમાં પૂર્ણ કરીને તમામ રોડને મોટરેબલ કરી દેવામાં આવશે.

## વાંચશે ગુજરાતઃ 50 તાલુકામાં સરકારી પુસ્તકાલયો શરૂ કરવામાં આવશે

■ મોબાઈલ યુગમાં વાંચન પ્રવૃતિ તરફ યુવાઓને વાળવાનો પ્રયાસ

ગુજરાત | વંદન

રાજ્યના 21 જિલ્લાના 50 તાલુકામાં સરકારી પુસ્તકાલયો શરૂ કરવાનો નિર્ણય કરાયો છે. આજના મોબાઈલ યુગમાં વાંચન પ્રવૃતિ ઘટી ગઈ છે તેવા સમયે વાંચનની પ્રવૃત્તિમાં લોકો રસ લેતા થાય તે માટે તેમને પ્રોત્સાહિત કરવાનો છે. સરકારે, રાજ્યના તમામ આદિવાસી તાલુકાઓમાં પણ પુસ્તકાલયો કાર્યરત કરવાનું આયોજન છે. આ અંતર્ગત, રાજ્યના 7 આદિજાતિ જિલ્લાઓના 14 તાલુકામાં પુસ્તકાલયો શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે. તેના પરિણામે, ગુજરાતના પ્રત્યેક આદિજાતિ તાલુકાના તમામ આદિવાસી સમુદાયોને વાંચન સેવાનો 100 ટકા લાભ પ્રાપ્ત થશે.

રાજ્ય સરકારે સમાજના વાંચન રસિક નાગરિકોને જાહેર ગ્રંથાલયની સુવિધાઓ સરળતાથી પ્રાપ્ત થાય તે માટે ચાલુ વર્ષે રાજ્યમાં વધુને વધુ અનુદાનિત ગ્રંથાલયો શરૂ કરવાનું આયોજન કર્યું છે અને તેના ભાગરૂપે સરકારી તાલુકા ગ્રંથાલય શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. સરકાર માને છે કે, રાજ્યની સ્થાપનાથી લઈને આજ સુધીમાં એક સાથે એક જ વર્ષમાં આટલી મોટી સંખ્યામાં ગ્રંથાલયને મંજૂરી આપવાનો આ નિર્ણય ઐતિહાસિક છે. પુસ્તકો, સામયિકો, આલેખો અને સચિત્ર શિક્ષણના સાધનો દ્વારા લોકોમાં વાંચન પ્રત્યે રસ જાગે અને જ્ઞાનનો પ્રચાર થાય તેવા ઉદ્દેશથી સમગ્ર રાજ્યમાં જાહેર ગ્રંથાલયની સ્થાપના અને વિકાસ થાય તે માટે જાહેર ગ્રંથાલય માટેની માન્યતા તથા સહાયક ગ્રાન્ટની નીતિ નક્કી કરાઈ છે.

રાજ્ય સરકાર તરફથી ચૂકવાતી ગ્રાન્ટમાં વર્ષ 2023-24થી અનુદાનિત ગ્રંથાલયોને લોકફાળામાંથી મુક્તિ આપી 100 ટકાના ધોરણે અનુદાનમાં વધારો કરવાની મંજૂરી આપવામાં આવી છે.

### જય જિનેન્દ્રઃ મુખ્યમંત્રીએ શ્વેતાંબર દેરાસર ખાતે ભક્તિભાવપૂર્વક દર્શન કર્યા



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં નવરંગપુરા સ્થિત દેવકીનંદન જૈન શ્વેતાંબર દેરાસર ખાતે ઉપસ્થિત રહીને જૈન સંપ્રદાયને પર્યુષણ પર્વની શુભકામનાઓ પાઠવી હતી.મુખ્યમંત્રીશ્રીએ દેરાસરમાં કરાયેલા ભગવાનના આંગી શણગારને નિહાળ્યો હતો તેમજ અત્યંત ભક્તિ ભાવપૂર્વક દર્શન કર્યાં હતાં. ત્યારબાદ તેઓએ મહારાજ સાહેબનાં આશીર્વાદ લઈને ઉપસ્થિત સૌને પર્યુષણ પર્વની શુભકામનાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીશ્રીએ ભગવાનના સુંદર આંગી શણગારને બિરદાવ્યો હતો. આ પ્રસંગે જૈન શ્રેષ્ઠીઓ, અગ્રણીઓ, સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

### 30માંથી 20 રહેણાંક, 7 કોમર્શિયલ, 2 મિક્સ્ડ-યુઝ અને 1 જાહેર બિલ્ડિંગનું નિર્માણ થશે

## રિયલ એસ્ટેટઃ અમદાવાદ, સુરત, ગાંધીનગર-વડોદરામાં 30 ઊંચી બિલ્ડિંગોને મંજૂરી મળી

■ અમદાવાદમાં 25, સુરત-ગાંધીનગરમાં 2-2 અને વડોદરામાં 1 સ્કાયસ્ક્રેપર બનશે

ગુજરાત | વંદન

ગગનચુંબી ઈમારતો અને તેમનું આકર્ષક સ્થાપત્ય વિકાસનું મહત્વનું પરિમાણ છે અને તાજેતરના વર્ષોમાં રાજ્ય અનેક ગગનચુંબી ઈમારતો બનાવીને અભૂતપૂર્વ વિકાસનું સાક્ષી બન્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સ્કાયસ્ક્રેપર બિલ્ડીંગ્સના નિર્માણની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે, જે તેના ઝડપી શહેરી વિકાસ અને આર્કિટેક્ચરલ ઇનોવેશનનો પુરાવો છે.

વર્ષ 2017 સુધી ગુજરાતમાં ઈમારતો માટે મહત્તમ 70 મીટરની ઊંચાઈ માન્ય હતી. શહેરી વિસ્તરણની જરૂરિયાત અને વર્ટિકલ ગ્રોથની સંભાવનાને ઓળખીને રાજ્ય સરકારે 100 મીટરથી વધુ ઊંચી, આઈકોનિક બિલ્ડિંગોના નિર્માણને પ્રોત્સાહન આપતા નિયમોમાં સુધારો કરવા માટે સક્રિય પગલાં લીધા હતા. 27 મે, 2021ના રોજ જાહેર થયેલા આ નવા નિયમોએ અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા અને ગાંધીનગર જેવા મોટા શહેરોમાં ગગનચુંબી ઈમારતોના વિકાસ માટે માર્ગ મોકળો કર્યો છે.

સરકારના નવા નિયમો 5.4ના મહત્તમ ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ (FSI) સાથે હાઈ-રાઈઝ બિલ્ડિંગોને મંજૂરી આપે છે. બેઝ FSI કરતાં વધી ગયેલી પ્રીમિયમ FSI રેડી રેકનર રેટના 50% પર ઉપલબ્ધ છે, જે ડેવલપર્સને વર્ટિકલ ગ્રોથમાં રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કરે છે.

આ નિયમો અમલમાં આવ્યા બાદ અમદાવાદ, સુરત, ગાંધીનગર અને વડોદરામાં 30 ગગનચુંબી ઈમારતોને મંજૂરી આપવામાં આવી છે. ગુજરાતના ફાઈનાન્શિયલ ટેક સિટી એટલે કે ગિફ્ટ સિટીમાં પહેલેથી જ બે ગગનચુંબી ઈમારતોનું બાંધકામ પૂર્ણ થઈ ચૂક્યું છે, અને અન્ય 10 ઈમારતોનું બાંધકામ થઈ રહ્યું છે.

ગુજરાતમાં વર્ટિકલ ડેવલપમેન્ટના કારણે નોંધપાત્ર આવક ઊભી કરવામાં



સફળતા મળી છે, જેમાં સ્થાનિક સંસ્થાઓને પ્રીમિયમ FSI દ્વારા આશરે 1000 કરોડની આવક ઊભી થઈ છે. દિવાળી પહેલાં આવા અનેક પ્રોજેક્ટ પૂર્ણ થવાની ધારણા છે, જે રાજ્યના શહેરી લેન્ડસ્કેપને વધુ સુંદર બનાવશે.આ ઈમારતો ઊંચાઈના નવા રેકોર્ડ તો તોડી જ રહી છે, સાથે ટેરેસ લેવલ પર મિવાન ફોર્મવર્ક, શીયર વૉલ અને સ્કાયવૉક્સ જેવી અદ્યતન કન્સ્ટ્રક્શન ટેક્નોલોજીનો પણ સમાવેશ કરી રહી છે. આ ઉપરાંત, ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેની જોગવાઈ એ સુનિશ્ચિત કરે છે કે આ તમામ ડેવલપમેન્ટ્સ ભવિષ્યમાં આવનારા પરિવર્તન માટે પણ સજ્જ છે.

ઊંચા બિલ્ડીંગોના નિર્માણ માટેના પ્રોજેક્ટ્સની સંભાવનાઓનું મૂલ્યાંકન કરવા માટે શહેરી વિકાસ અને શહેરી આવાસ વિભાગના અગ્ર સચિવની અધ્યક્ષતામાં રાજ્ય સ્તરે સ્પેશિયલ ટેક્નિકલ કમિટી (STC) નું ગઠન કરવામાં આવ્યું છે. આ કમિટીમાં સોઈલ મિકેનિક્સ, સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ અને ફાયર સર્વિસીસના નિષ્ણાતોનો સમાવેશ થાય છે, જેઓ સુનિશ્ચિત કરે છે કે સલામતી એ સર્વોચ્ચ પ્રાથમિકતા હોય.આમાંની ઘણી ગગનચુંબી ઈમારતોને ગ્રીન બિલ્ડીંગ્સ તરીકે રેટ કરવામાં આવી છે, જે ટકાઉ શહેરી વિકાસમાં ફાળો આપે છે અને નવા બાંધકામની પર્યાવરણીય અસરોને ઘટાડે છે. ગુજરાતની સ્કાયલાઇનમાં આવેલું પરિવર્તન અમદાવાદમાં સરખેજ-ગાંધીનગર હાઈવે જેવા મુખ્ય રોડ ઉપર સ્પષ્ટપણે પ્રદર્શિત થાય છે, જ્યાં કમર્શિયલ સ્પેસ ડેવલપમેન્ટમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. હવે જ્યારે, ઉચ્ચ FSI ઉપલબ્ધ છે, ત્યારે આ વિસ્તાર સ્કાયસ્ક્રેપર્સ એટલે કે ગગનચુંબી ઈમારતોનું હબ બનવા માટે સજ્જ છે, જે જમીનના કાર્યક્ષમ ઉપયોગ અને ટકાઉ શહેરી વિકાસ માટેની રાજ્યની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

### ખાંડના લાડવા ખાવાની હરીફાઈ સહિત પહેલી વાર ગ્રામીણ પરંપરાગત સાંસ્કૃતિક સ્પર્ધાઓ યોજાશે

## હું તો ગઇ તી મેળેઃ રાજ્ય સરકારની પહેલથી સૌથી મોટા 'તરણેતરના મેળા'નો પ્રારંભ

■ મેળામાં રાજ્ય સરકાર દ્વારા ગ્રામીણ ઓલિમ્પિક અને પરંપરાગત સ્પર્ધાઓનું આયોજન

ગુજરાત | વંદન

મેળાઓ ભારતીય સભ્યતા અને સંસ્કૃતિનું અભિન્ન અંગ છે, જે આપણી પરંપરાઓ, ખાણીપીણી, રહેણીકરણી અને વારસાનું પ્રતિનિધિત્વ કરે છે. ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના તરણેતર ગામમાં યોજાતો તરણેતરનો મેળો ગુજરાતની જીવંત સંસ્કૃતિ અને પરંપરાઓનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

લોકવાયકા મુજબ, દ્રૌપદી સ્વયંવર સમયે તરણેતર સ્થિત ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં અર્જુને જલકુંડમાં માત્ર માછલીનું પ્રતિબિંબ જોઈને મત્સ્યવેધ કર્યો હતો અને દ્રૌપદી સાથે વિવાહ કર્યા હતા. તેથી આ ભૂમિને પાંચાળ ભૂમિ તરીકે ઓળખવામાં આવે છે. આ જલકુંડમાં સ્નાન કરવાનું ધાર્મિક મહત્વ પણ છે. એક માન્યતા અનુસાર, ભાદ્રપદ શુક્લ પક્ષની પંચમીએ અહીં ગંગા મૈયાનું અવતરણ



થાય છે. પૌરાણિક કથા અનુસાર અહીં પ્રાચીનકાળથી તરણેતર મેળાનું આયોજન કરવામાં આવે છે.

સૌરાષ્ટ્રની વિવિધ જ્ઞાતિઓ જેમ કે, ભરવાડ, આહિર, રબારી અને કાઠી ઉપરાંત સ્થાનિક લોકો તેમના પરંપરાગત પોશાકમાં તરણેતરના મેળામાં ભાગ લે છે. રંગબેરંગી ભરત ભરેલા ભાતીગળ પોશાક પહેરેલા યુવાનો ભાતભાતની ભરત ભરેલી છત્રીઓ લઈને મેળામાં ફરતા જોવા મળે છે. તો છોકરીઓ રંગબેરંગી ઘેરવાળી ચણિયાચોળીમાં જોવા મળે છે. ગરબા અને દાંડિયા રમતી યુવતીઓને જોઈને લોકો મંત્રમુગ્ધ થઈ જાય છે. આ મેળામાં યુવકોને આકર્ષક છત્રી નૃત્ય કરતા જોવા એ પણ અનેરો લ્હાવો છે.

ગુજરાત સરકારના પશુપાલન વિભાગના માર્ગદર્શન હેઠળ સુરેન્દ્રનગર જિલ્લા પંચાયત દ્વારા તરણેતરમાં પશુ પ્રદર્શન અને હરીફાઈનું આયોજન કરવામાં આવે છે, જેમાં ગીર અને કાંકરેજ વર્ગની ગાય, જાફરાબાદી અને બન્ની જાતિની ભેંસ વગેરેનું પ્રદર્શન કરવામાં આવે છે અને સારી ઓલાદના પશુ માટે સ્પર્ધા યોજવામાં આવે છે. વિજેતા પશુને પુરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવે છે. આ પશુમેળાના આયોજનનો ઉદ્દેશ સારી ઓલાદના પશુઓના પાલનને પ્રોત્સાહન આપવાનો છે.રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં ખેલ પ્રતિભાઓને ઓળખીને તેને પ્રોત્સાહન આપવા માટે ઘણી યોજનાઓ કાર્યરત છે અને આ માટે વિવિધ કાર્યક્રમો પણ આયોજિત કરવામાં આવે છે. આમાં તરણેતરના મેળામાં યોજાતા ગ્રામીણ ઓલિમ્પિકનું પણ મહત્વ છે.

તેના અંતર્ગત મેળામાં વિવિધ વયજૂથના શાળાના બાળકો માટે 100 મીટર, 200 મીટર, 800 મીટર દોડ, લાંબી કૂદ, દોરડા કૂદ અને લંગડી જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. દોડ ઉપરાંત, યુવાનો માટે ગોળા ફેંક, લાંબી કૂદ, 4x100 મીટર રિલે દોડ, નાળિયેર ફેંક, કુસ્તી, વોલીબોલ, કબડ્ડી, રસ્સાખેંચ, સ્ટ્રોંગેસ્ટ મૅન, સાતોડી (નારગોલ) અને ખાંડના લાડવા ખાવાની હરીફાઈનું આયોજન કરવામાં આવશે.

## મહિલાઓના આર્થિક ઉત્થાન અને સશક્તિકરણ માટે નવી 'નારી ગૌરવ નીતિ 2024' જાહેર

■ ઉદ્યોગોમાં નાઈટ શિફ્ટમાં કામ કરતી મહિલાઓ માટે પણ નીતિ જાહેર કરાશે

ગુજરાત | વંદન

મહિલાઓના આર્થિક ઉત્થાન અને સશક્તિકરણ માટે ગુજરાત સરકારે નવી 'નારી ગૌરવ નીતિ 2024'ની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આ સુધારેલી નીતિનો ઉદ્દેશ મહિલાઓ અને કન્યાઓ માટે યોગ્ય વાતાવરણ બનાવવાનો છે. આ નીતિ ન્યાયી અને સમાન તકોને વધુ પ્રોત્સાહન આપશે, લિંગ ભેદભાવ દૂર કરે અને સામાજિક માળખામાં પરિવર્તન લાવશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે 'નારી ગૌરવ નીતિ' સૌ પ્રથમ 2006માં ઘડવામાં આવી હતી અને અમલમાં મૂકવામાં આવી હતી. ગુજરાત પ્રથમ રાજ્ય હતું જેણે મહિલાઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને એક વ્યાપક નીતિ મુખ્ય પ્રવાહના વિકાસના એજન્ડામાં સામેલ કર્યા હતા. બદલાતા સામાજિક-આર્થિક સંદર્ભો અને વિકસતા કાયદાઓ, નિયમો અને સામાજિક પરિસ્થિતિઓને કારણે, નીતિના



મૂળ માળખા અને તેના પાસાઓમાં ફેરફાર કરવો જરૂરી બન્યો છે, તેમ સરકારે જણાવ્યું હતું.

આ નીતિમાં આઠ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે અને રાજ્યમાં મહિલાઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ વિભાગો વચ્ચે સંકલન દ્વારા તેનો અમલ કરવામાં આવશે. દરેક વિભાગને નીતિમાં દર્શાવ્યા મુજબ તેમના ક્ષેત્રોને લગતા મુદ્દાઓ પર કાર્યવાહી કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

રાજ્ય સરકાર ઉદ્યોગોમાં નાઈટ શિફ્ટમાં કામ કરતી મહિલાઓ અંગે પણ નીતિ જાહેર કરવાની તૈયારીમાં છે. આ નીતિનો હેતુ તે તમામ કંપનીઓનો સેન્ટ્રલ ડેટાબેસ બનાવવાનો છે જ્યાં મહિલાઓ નાઈટ શિફ્ટમાં કામ કરે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કંપનીઓને નાઈટ શિફ્ટમાં મહિલાઓને નોકરી આપવાની મંજૂરી મેળવવાની પ્રક્રિયા કલેક્ટર કચેરીમાં અલગ-અલગ હોય છે. નવી નીતિ એ ક્ષેત્રોની કંપનીઓ માટે સ્પષ્ટ ગાઈડલાઈન્સ છે.

એવું જોવા મળ્યું હતું કે સંગઠિત ક્ષેત્રની કંપનીઓ મહિલાઓને નાઈટ શિફ્ટમાં કામ કરવાની પરવાનગી મેળવવા માટેની પ્રક્રિયાઓનું પાલન કરે છે, પરંતુ અસંગઠિત ક્ષેત્ર મોટાભાગે જિલ્લા કલેક્ટર કચેરી અથવા શ્રમ વિભાગ પાસેથી મંજૂરી મેળવતું નથી. બીપીઓ ક્ષેત્રમાં કાર્યરત મહિલાઓના ડેટાબેઝનો વિભાગ પાસે નથી અને તેમ છતાં સંખ્યાબંધ કોલ સેન્ટરો રાત્રે ચાલતા હોય છે જેમાં કર્મચારીઓમાં નોંધપાત્ર સંખ્યામાં મહિલાઓ છે.

ડોરસ્ટેપ પિક-અપ અને ડ્રોપ સુવિધાઓ અને નાઈટ શિફ્ટના સમયને સ્પષ્ટ કરવા સહિતના અન્ય પગલાંનો નવી નીતિમાં સમાવેશ કરવામાં આવે તેવી અપેક્ષા છે. રાજ્ય સરકાર રાત્રે મહિલાઓને રોજગાર આપતા એકમો માટે નાણાકીય પ્રોત્સાહનો આપવા પણ વિચારી રહી છે. જુલાઈ સુધીમાં, રાજ્યના શ્રમ વિભાગને નાઈટ શિફ્ટમાં મહિલાઓને નોકરી આપવાની મંજુરી માંગતી કંપનીઓ તરફથી 79 અરજીઓ મળી હતી.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના જૈન-જૈનેતર નાગરિકોને "મિચ્છામી દુક્કડમ'

ગુજરાત | વંદન

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જૈન અને જૈનેતર નાગરિક ભાઈ-બહેનોને શનિવારે , 7 સપ્ટેમ્બરે ઉજ્વાનારા સંવત્સરી પર્વ પ્રસંગે 'મિચ્છામી દુકકડમ' પાઠવ્યા છે.

તેમણે પર્યુષણ મહાપર્વને ક્ષમાપના અને ઉપકાર સ્મરણનું પર્વ ગણાવતાં જણાવ્યું છે કે, મન, વચન અને કર્મથી જાણે-અજાણે થયેલી ભૂલોની ક્ષમા-યાચનાનું આ પર્વ છે. ક્ષમા, સંતોષ, સરળતા, વિનમ્રતા તેમજ કરૂણા અને જીવદયાના ભગવાન શ્રી મહાવીરના સિદ્ધાંતોને સમાજ જીવનમાં આત્મસાત કરનારૂં પર્યૂષણ પર્વ, સામાજિક સમરસતા અને માનવતાની શક્તિઓને વધુ પ્રગાઢ બનાવશે એવી શ્રદ્ધા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વ્યક્ત કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત અને દેશ-વિદેશમાં વસતા સૌ જૈન પરિવારોને સંવત્સરી પર્વની શુભેચ્છાઓ સાથે મિચ્છામી દુક્કડમ પણ પાઠવ્યા છે.

બીજીતરફ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના સૌ નાગરિક ભાઈ-બહેનોને ગણેશ ચતુર્થી પર્વની શુભકામનાઓ પાઠવી છે.


## એપીએમસીના વહીવટમાં નાણાકીય ઉચાપત, જમીન ખરીદીમાં ગેરરીતીમાં ભેરવાઇ ગયા

# ભાજપમાં ગયા છતાં પૂર્વ ધારાસભ્યને 8 કરોડ ભરવા પડી શકે

ગુજરાત | વંદન

એપીએમસીના વર્તમાન ચેરમેન ગોવાભાઈ રબારી સામે માર્કેટયાર્ડના વહીવટમાં ગેરરીતી આચરવામાં આવી હોવાથી વર્ષ 2015માં ગુજરાત સરકાર દ્વારા રૂપિયા 4.11 કરોડ ઉપરાંતની વસુલાત માટે ગુજરાત હાઈકોર્ટમાં દાવો દાખલ કરવામાં આવ્યો હતો. જેની સામે ગોવાભાઈએ દાવો રદ કરવા માટે સુપ્રીમ કોર્ટમા પીટીશન દાખલ કરી હતી. જે પીટીશન રદ કરી ડીસા કોર્ટમાં થયેલ દાવો ચલાવવા માટે આદેશ કરતા સહકારી માળખામાં હલચલ મચી છે.ઉત્તર ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવતા ડીસા એપીએમસીના વર્તમાન ચેરમેન અને ડીસાના તત્કાલીન ધારાસભ્ય ગોવાભાઈ રબારીએ પોતાની આગળની ટર્મમાં ચેરમેન હતા તે દરમ્યાન વહીવટમાં નાણાકીય ઉચાપત, જમીન ખરીદી જેવી ગેરરીતી આચરી હોવાના આરોપો લાગ્યા હતા. આથી ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર ગુજરાત રાજ્ય ગાંધીનગરના નિયામક દ્વારા તા.21 ફેબ્રુઆરી 2015ના હુકમથી તત્કાલીન ચેરમેન ગોવાભાઈ રબારીને રૂપિયા 4,11,18,553ની અંગત જવાબદારી નક્કી કરવામાં આવી હતી.ત્યારબાદ નાણા વસુલ કરવા માટે ગુજરાત સરકાર દ્વારા તત્કાલીન જીલ્લા રજીસ્ટાર (સહકારી મંડળીઓ પાલનપુર બનાસકાઠા) ને અધિકૃત કરવામાં આવ્યાં હતાં. આથી તત્કાલીન જીલ્લા રજીસ્ટાર દ્વારા સરકાર તરફે ડીસા કોર્ટમાં સ્પેશ્યલ દાવો દાખલ કરાતાં તે દાવા સામે ગોવાભાઈ હાઈકોર્ટ ગયા હતા.

ગુજરાત હાઈકોર્ટે પણ દાવો ચલાવવાના હુકમને માન્ય રાખતા તેઓ સુપ્રિમ કોર્ટમાં ગયા હતા અને સુપ્રિમ કોર્ટમાં સ્પેશ્યલ લીવ પીટીશન દાખલ કરી હતી. જેમાં સુપ્રિમ કોર્ટે તા.27 ઓગષ્ટ 2024ના રોજ ચેરમેન ગોવાભાઈ રબારી સામે દાખલ કરેલ રૂપિયા 4,11,18,553 ન ભરવાની પિટીશન રદ કરીને ગુજરાત સરકાર અને ગુજરાત હાઈકોર્ટના હુકમને બહાલ રાખતાં ગોવાભાઈની ચિતામાં વધારો થયો છે.ડીસા એપીએમસીના વર્તમાન ચેરમેન ગોવા રબારી સામે એપીએમસીમાં પાચ થી છ કરોડની ઉચાપત, તેમજ ભીલડી જમીન પ્રકરણ સહિતના અનેક કૌભાંડ આચર્યા હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું હતું. આ પ્રકારના અનેક ભ્રષ્ટાચારોમાંથી નીકળવા ભાજપના વોશિંગ મશીનમાં પ્રવેશી ગયા પણ હવે ફસાઈ ગયા છે. ભાજપના જ આગેવાનો સવાલ ઉઠાવે છે કે છે કે ભાજપના આગેવાનો શા માટે કોંગ્રેસના આવા ભ્રષ્ટાચારીઓને ભાજપમાં લાવી પક્ષની આબરૂ બગાડતા હોય છે. ભાજપના કાર્યકરો આ પ્રકારના સમાચારોથી વ્યથિત થઈ કોંગ્રેસીઓને સ્વીકારતા નથી તે તાજેતરની લોકસભા ચૂંટણીમાં પણ જોવા મળ્યું હતું..




ડીસા એપીએમસીના વર્તમાન ચેરમેન અને તત્કાલીન કોંગ્રેસી નેતા ગોવાભાઈ રબારીએ ડીસા માર્કેટયાર્ડમાં ગેરરીતી આચરી હોવાથી ગુજરાત સરકાર દ્વારા 4.11 કરોડ વસુલ કરવા માટે ડીસા કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો. જેને સુપ્રિમ કોર્ટ દ્વારા માન્ય રાખવામાં આવ્યો છે ત્યારે ડીસા કોર્ટમાં આગામી 12 સપ્ટેમ્બરના રોજ તારીખ હોઈ ત્યારબાદ કોર્ટ નો શુ હુકમ થાય છે તે જોવાનું રહ્યું પંરતું સુપ્રીમ કોર્ટ એ દાવા અંગેની પીટીશન કાઢી નાખતા હવે ગોવાભાઈ રબારી સામે ગાળીયો ફસાયો છે.

ગોવાભાઈ રબારીએ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી પીટીશન સુપ્રિમ કોર્ટે રદ કરતા ગુજરાત હાઈકોર્ટના હુકમને માન્ય રાખી ગોવાભાઈ રબારીને રૂપિયા 4,11,18,553 ઉપરાંત વર્ષ 2015 થી આજ દિન સુધી વ્યાજ સહિત અંદાજીત આઠથી દસ કરોડ ભરવાની પણ નોબત આવી શકે તેમ છે.જોકે કોર્ટમાં દાવો ચાલ્યા બાદ કોર્ટ જે નિર્ણય લેશે ત્યારબાદ સમગ્ર વિગત બહાર આવશે. જાહેર સભા અને બેઠકોમાં પોતે જોરશોરથી સ્વચ્છ છબી ધરાવતાં ભાષણો કરીને લોકોને ગેરમાર્ગે દોરતા નેતાજી ગોવાભાઈ રબારીને ગુજરાત સરકારે અગંત જવાબદારી ઠેરવતા તેઓ પોતે ભેરવાઈ ગયા છે.

# અમદાવાદમાં અત્યાર સુધીમાં 35 ઈંચ કરતાં વધુ વરસાદ ખાબક્યો, હવેનો વરસાદ બોનસ હશે.....

## ઉત્તર ઝોનમાં સૌથી વધુ 45.46 ઈંચ, દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં 31,98 ઈંચ વરસાદ નોંધાયો



ગુજરાત | વંદન

અમદાવાદ શહેરમાં સિઝનનો 35.53 ઈંચ વરસાદ પડ્યો છે. જેમાં શહેરની જરૂરિયાતને ધ્યાનમાં લેતાં અત્યાર સુધીમાં પૂરતો વરસાદ વરસ્યો છે. તેમાં નરોડામાં સૌથી વધુ 61.86, મણિનગરમાં 48.28, ઓઢવમાં 44.68 ઈંચ વરસાદ આવ્યો છે. તેમજ ફક્ત 9 દિવસમાં 40 ટકા વરસાદ પડ્યો છે તથા ઉત્તર ઝોનમાં સૌથી વધુ 45.46 ઈંચ વરસાદ આવ્યો છે.

અમદાવાદમાં ગત સપ્તાહ દરમિયાન વરસેલા મુશળધાર વરસાદને પરિણામે મોસમનો કુલ 35.53 ઈંચ વરસાદ નોંધાયો છે. આમ, શહેરની જરૂરિયાતને ધ્યાનમાં લેતાં અત્યાર સુધીમાં પૂરતો વરસાદ વરસ્યો છે. હજુ ચોમાસું બાકી છે અને હવે પછી શહેરમાં જો વરસાદ પડશે તો તે બોનસ ગણાશે.

શહેરના ઉત્તર ઝોનમાં સૌથી વધુ 45.46 ઈંચ, વરસાદ વરસ્યો છે. પૂર્વ પટ્ટામાં નરોડામાં સૌથી વધુ 61.86 ઈંચ, મણિનગરમાં 48.28, ઓઢવમાં 44.68 ઈંચ વરસાદ પડી ચૂક્યો છે. જ્યારે પશ્ચિમમાં ગોતામાં સરેરાશથી વધુ 39.36 વરસાદ નોંધાયો છે. પૂર્વ અમદાવાદમાં સરેરાશ 37.83 ઈંચ વરસાદ વરસ્યો છે.

સિઝનની જરૂરિયાત કરતા 2.83 ઈંચ એટલેકે 8 ટકા વધુ વરસાદ નોંધાયો છે. જોકે, પશ્ચિમમાં હજુ પણ 1.76 ઈંચ કે અંદાજે 5 ટકાની ઘટ છે. અમદાવાદને ચોમાસામાં સરેરાશ 35 ઈંચ વરસાદની જરૂર હોય છે. મંગળવારે સિઝનનો આ ક્વોટા પૂરો થઈ ગયો હતો. ચાલુ વર્ષે કેટલાંક દિવસો રાહ જોવડાવ્યા પછી મેઘરાજા મહેરબાન થયા છે અને છેલ્લા 9 દિવસમાં બારે મેઘ ખાંગા થયા હતા અને ફક્ત 9 દિવસમાં શહેરમાં લગભગ 40 ટકા જેટલો વરસાદ ખાબક્વાને પરિણામે શહેરને જોઈતી ઘટ પૂરી કરી દીધી હતી.

શહેરના પશ્ચિમ, દક્ષિણ પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ ઝોનમાં સરેરાશ 33.24 ઈંચ વરસાદ નોંધાયો છે. શહેરના ઉત્તર ઝોનમાં સૌથી વધુ 45.46 ઈંચ, વરસાદ વરસ્યો છે. જ્યારે દક્ષિણ ઝોનમાં 38.56 ઈંચ, મધ્ય ઝોનમાં 31.13 ઈંચ અને દક્ષિણ- પશ્ચિમ ઝોનમાં 31,98 ઈંચ વરસાદ નોંધાયો છે.

# રીંગણાનો ઓળો- ચૂલા પર બનાવેલા બાજરીના રોટલાની છે ડિમાન્ડ

## અમદાવાદ હાટમાં શારદાબેન ગ્રામિણ પધ્ધતિથી બનાવે છે ભોજન

ગુજરાત | વંદન

અત્યારના સમયમાં યુવાઓથી લઈને વૃદ્ધ વ્યક્તિઓ સુધી અત્યારે પીઝા, બર્ગર અને સેન્ડવીચનો ક્રેઝ જોવા મળે છે ત્યારે શહેરના વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલા અમદાવાદ હાટમાં છેલ્લા 25 વર્ષથી શારદાબેન નામની આત્મનિર્ભર સ્ત્રી આજે પણ ચૂલા ઉપર રોટલા બનાવી પોતાના પરિવારનું જીવન ગુજરાન ચલાવે છે.શારદાબેન મૂળ સાણંદ પાસે આવેલા નાનકડા ગામના વતની છે. શરૂઆત સમયમાં તેઓ ખેતરમાં છૂટક મજૂરી કરતા હતા. પરિવારની આર્થિક સ્થિતિ ખૂબ ખરાબ હતી. રોજનું કમાઈ અને રોજનું ખાવું પડે તેવા પ્રકારની પરિસ્થિતિ હતી. ત્યારબાદ કોઈ વ્યક્તિ દ્વારા તેમને કહેવામાં આવ્યું કે તમે 11 બહેનોને



ભેગા કરી અને એક સખી મંડળ બનાવો અને પોતાની સ્વરોજગારી ઊભી કરી હતી.શારદાબેન કહે છે કે "હું તો અભણ હતી મને તેવી કઈ ખબર પડે નહીં" તેથી એક ભણેલા બહેનને સાથે રાખી તેમણે પોતાનું સખીમંડળ બનાવી હાથ રૂમાલ અને કપડા બનાવી અલગ અલગ જગ્યાએ વહેંચવા જતા. તેઓ જણાવે છે કે તેઓ મુંબઈ અને દિલ્હી સુધી પોતાના હાથ રૂમાલ વહેંચવા ગયેલા છે.

ત્યારબાદ જ્યારે અમદાવાદ શહેરના અંજલી ચાર રસ્તા પાસે એક હાટ બન્યું હતું. ત્યારે તેમણે પોતાના હાથ રૂમાલ અને કપડાંની દુકાનની ત્યાં શરૂઆત કરી અને થોડો સમય ત્યાં રહ્યા. તે બાદ તેમને ફરી કંઈક અલગ કરવાનો વિચાર આવ્યો, કોઈનું માર્ગદર્શન મળ્યું અને ગ્રામીણ ભોજનાલય નામ આપી ચૂલા પર રોટલા અને રીંગણાનો ઓળો એમ શુદ્ધ કાઠીયાવાડી અંદાજમાં કાઠીયાવાડી ભોજન માટેની હોટલની શરૂઆત કરી.

શારદાબેનના હાથનું આ કાઠીયાવાડી ભોજન અને તેમાં પણ ખાસ રીંગણાનો ઓળો અને ચૂલા પર બનાવેલા બાજરીના રોટલા ખાવા માટે અમદાવાદના વિવિધ વિસ્તારોમાંથી લોકોનો જમાવડો થાય છે. રોજ 100 થી 150 થાળી વેચાય છે.

# 39મા ચક્ષુદાન પખવાડિયાની ઉજવણી આરંભાઇ, અનેકવિધ કાર્યક્રમોનું આયોજન

ગુજરાત | વંદન

પેટા- 'ઓર્ગન ડોનેશન ચેમ્પિયન' તરીકે પ્રખ્યાત ડૉ. રાકેશ જોશી સહિત ૫૦૦થી વધુ શાળાના વિધાર્થીઓ જોડાયા

દેશભરમાં ૩૯માં ચક્ષુદાન પખવાડિયાની ઉજવણીનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ થયું છે. જેના ભાગરૂપે રાજ્યમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલના સતત માર્ગદર્શન હેઠળ રાજ્યના નાગરિકોને ચક્ષુદાન પ્રત્યે જાગૃત તેમજ પ્રોત્સાહિત કરવા અનેકવિધ કાર્યક્રમો ઉજવવામાં આવી રહ્યા છે.

રાજ્યના તમામ નાગરિકોને પણ કેન્દ્ર અને રાજ્ય સરકારની આ નેમ સાથે જોડાઈ 'ચક્ષુદાન' પ્રત્યેની ખોટી માન્યતાઓને જડમૂળથી જ



ખત્મ કરવાનું છે. જ્યારે, સરકારના પ્રયાસમાં સમાજનો પ્રયાસ ભળે છે, ત્યારે વિકાસની ગતિ બમણી થઈ જાય છે, આ પખવાડિયાના કાર્યક્રમ એનું ઉત્તમ ઉદાહરણ છે.

૩૯માં ચક્ષુદાન પખવાડિયા અંતર્ગત રાજ્ય સરકાર હેઠળની એમ. એન્ડ જે. ઈન્સ્ટીટયુટ ઓફ ઓપ્થેલમોલોજી અમદાવાદ દ્વારા જાગૃતતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નર્સિંગ સ્ટાફ, રેસીડેન્ટ ડોક્ટર, સામાજિક કાર્યકર તેમજ 'ઓર્ગન ડોનેશન ચેમ્પિયન' તરીકે પ્રખ્યાત ડૉ. રાકેશ જોશી સહિત અંદાજે ૫૦૦થી વધુ પ્રાથમિક શાળાના વિધાર્થીઓ જોડાયા હતા. આ રેલી ફોરમ પ્રાથમિક શાળા જહાંગીર પુરા સર્કલથી શરૂ થઈ હતી. જે સિવિલ હોસ્પિટલ, અસારવા સર્કલ, એમ. એન્ડ જે. આંખની સરકારી હોસ્પિટલ થઈ તેના પ્રારંભ સ્થળે સમાપ્ત કરવામાં આવી હતી. આ સમગ્ર રેલી દરમિયાન વચ્ચે આવતા આસપાસના નાગરિકો તેમજ દુકાનોમાં 'ચક્ષુદાન' કરવા પ્રત્યે માહિતી આપી સાથે જ, તેમણે પેમ્પલેટ અને પોસ્ટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અમદાવાદના વિવિધ સ્થળો જેમ કે, સાબરમતી અને સેંટ ઝેવીયસ ચર્ચ, લો, પરીમલ તેમજ વિક્ટોરીયા ગાર્ડન ખાતે ઓપ્થેલ્મોલોજીનાં રેસિડેન્ટ ડોકટર દ્વારા ચક્ષુદાન માટે જાગૃત કરતા અને માહિતી આપતા પોસ્ટર અને પેમ્પલેટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

# 400ની વસ્તીવાળુ આખુ ગામ બારોબાર વેચી દેવાયાનો ગ્રામજનોનો દાવો

## સર્વે નં.162માં 22 સરકારી આવાસો સહિત પાણીના બોર પણ છે

ગુજરાત | વંદન

મહુધા તાલુકાના મિરઝાપુરના ઝાલાપુરા ગામને બારોબાર વેચી દેવામાં આવ્યું છે. જેનો દસ્તાવેજ પણ બની ગયો છે. સરકારી મિલકત અને સમગ્ર સર્વે નંબર સાથે આખા ગામનો વેચાણ દસ્તાવેજ કરી વેચાણ કરવાનો કિસ્સો બહાર આવ્યો છે.:




મહુધા તાલુકાના મિર્ઝાપુર તાબે આવેલ ઝાલાપુરાના સર્વે નંબર 162 માં સરકારી પ્રાથમિક શાળા, 4 મંદિર, 22 આવાસો સહિત 48 થી વધુ મકાનો આવેલા છે. જે બારોબાર વેચી મારવામાં આવતા ચકચાર મચી જવા પામી છે.

આ જગ્યામાં છેલ્લા 1975 થી પરિવારો પોતાના મકાનોમાં રહે છે. ગામમાં 400 થી વધુ વસ્તી આવેલ છે. 1997માં આ જમીનમાં પ્રાથમિક શાળા પણ બનાવવામાં આવી હતી. સર્વે 162 માં 22 સરકારી આવાસો સહિત 48 મકાન, પ્રાથમિક શાળા, 4 મંદિર, 4 સીસી રસ્તા અને ત્રણ જેટલા પાણીના બોર પણ છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ 50 વર્ષ પહેલા પાંચ રૂપિયાના સ્ટેમ્પ ઉપર ગ્રામજનોના વડીલોએ જમીન વેચાણ રાખી હતી. જેનો કબજો, ભોગવટો અને માલિકી હક પણ ગ્રામજનોનો છે .ત્યારે ડાકોર મહુધા રોડ પર કરોડો રૂપિયાની જમીનનો અધિકારીઓની મિલીભગતથી ભૂમાફિયાઓએ બારોબાર ખેલ પાડી દીધો હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે.:

જુના માલિકના વારસદારોએ પેઢીનામું કરી ખોટો દસ્તાવેજ બનાવી બારોબાર જમીનનું વેચાણ કર્યું હોવાનો ગ્રામજનો આક્ષેપ કરી રહ્યા છે. ખેતીલાયક જમીન બતાવી ખોટા પુરાવા રજૂ કરી દસ્તાવેજ બનાવાયો છે. જેની વેચાણ

...અનુસંધાન પેજ નં. 6 પર

## ફરિયાદ મળતાં ગામલોકોએ પાંજરાપોળમાં ધસી જઇને અન્ય ગાયોને બચાવી....

# આ તે કેવુ: પાંજરાપોળમાં ભૂખી-તરસી 40 ગાયોના મોત, કોઇનું રૂવાંડુ પણ ફરક્યું..?


## પશુચિકિત્સકે ભૂખ્યા અને તરસ્યા રહેવાનાં કારણે ગાયોનું મૃત્યુ થયું હોવાની પુષ્ટિ કરી

ગુજરાત | વંદન

ગૌરક્ષા માટે એક તરફ હરિયાણામાં ઉથલપાથલ મચી છે તો બીજી તરફ ગુજરાતમાં બોટાદ જિલ્લાના ટ્રસ્ટ સંચાલિત એક પાંજરાપોળમાં 40થી વધુ ગાયો ભૂખી-તરસી મૃત્યુ થતાં ગૌપ્રેમીઓ અને સ્થાનિક લોકોમાં આક્રોશ છે. તેઓ પાંજરાપોળ વિરુદ્ધ કડક કાર્યવાહીની માગ કરી રહ્યા છે.પોલીસે મામલામાં ફરીયાદ નોંધીને પાંજરાપોળના સંચાલકની ધરપકડ કરી છે.

આ અંગેની વિગતમાં, બોટાદના સાલૈયા ગામ નજીક ભુતડા દાદાના ડુંગર ઉપર આવેલી 'રાધિકા પાંજરાપોળ'માં આશરે 500થી વધુ ગાયો રાખવામાં આવી હતી. ગૌશાળામાં ગાયોનાં મૃત્યુ થતાં હોવાની માહિતી મળતા રવિવારે મોટી સંખ્યામાં સાલૈયા અને આજુબાજુનાં ગામોના લોકો પાંજરાપોળમાં પહોંચ્યા હતા. ગામલોકોને 35 જેટલી ગાયના મૃતદેહ સ્થળ પરથી મળી આવ્યા હતા. આ પાંજરાપોળને પશુ સહયની ગ્રાન્ટ મળે છે કે કેમ તેની પણ તપાસની માંગ થઈ છે. કેમ કે તયાં 500 જેટલી ગાયોને રાખવાની વ્યવસ્થા છે.

લોકોએ આ ઘટનાની પોલીસને જાણ કરી હતી. ગામલોકો અને



પોલીસની ટીમ પાંજરાપોળની અંદર પ્રવેશ કર્યો તો બીજી અનેક ગાયો બીમાર હાલતમાં અને કેટલીક મૃત હાલતમાં મળી આવી હતી. ગામલોકોએ પશુચિકિત્સકને બોલાવીને બીમાર ગાયોની સારવાર કરાવી હતી.

સચીન પીઠવા કહે છે, ''બે દિવસથી પાંજરાપોળમાંથી ગાયોના મૃતદેહો વિવિધ જગ્યાએ દફનાવવામાં આવી રહ્યા હતા. ગામલોકોને શંકા જતાં તેઓ પાંજરાપોળમાં પહોંચ્યા હતા પરંતુ ત્યાં હાજર વ્યક્તિ ભાગી છૂટી હતી.''

સાલૈયા ગામમાં રહેતા રમેશ પટેલે જણાવ્યું કે, 'બે દિવસથી લોકો ફરીયાદ કરતા હતા કે ગાયો મૃત્યુ પામી રહી છે અને એટલે અમે પાંજરાપોળમાં જઈને સમગ્ર સ્થિતિનો તાગ મેળવવાનું નક્કી કર્યું હતું. અમે જ્યારે અંદર પહોંચ્યા ત્યારે ગાયો મૃત અવસ્થામાં મળી આવી હતી. આશરે 100 જેટલી ગાયો ગંભીર રીતે બીમાર હતી. અમે પાંજરાપોળની આસપાસ તપાસ કરી તો કેટલીક ગાયો જમીનમાં દાટવામાં આવી હતી અને કેટલીક ગાયોના મૃતદેહને ખુલ્લામાં છોડી દેવામાં આવ્યા હતા.ગામલોકોના કહેવા અનુસાર ભોજન અને પાણીના અભાવે ગાયોનાં મોત થયાં છે. તેમનો દાવો છે કે પાંજરાપોળની અંદર ઘાસચારો અને પાણીની કોઈ યોગ્ય વ્યવસ્થા નહોતી, જેના કારણે આ ઘટના ઘટી છે.

એક સ્થાનિક રહીશ વિજયભાઈ દલવાણિયા કહે છે, ''પાંજરાપોળમાં માત્ર એક જ વ્યક્તિ કામ કરે છે. આટલી બધી ગાયોની સંભાળ લેવી એકલી વ્યક્તિ માટે અશક્ય છે.

## આપ પાર્ટીની સાથે કોંગ્રેસ અને ભાજપના કોર્પોરેટરો પણ લાંચ લેતા ઝડપાઇ ચૂક્યા છે

# ગુજરાતમાં લાંચ લેવામાં સુરત મહાનગરપાલિકાના જનપ્રતિનિધિઓ સૌથી વધુ ઝડપાયા : એસીબી

ગુજરાત | વંદન

સુરત સિવાય અન્ય કોઈ મહાનગરપાલિકામાં કોર્પોરેટરો લાંચ લેતા ઝડપાયા નથી. જોકે સુરતથી પણ ફક્ત આમ આદમી પાર્ટી નહીં પરંતુ કોંગ્રેસ અને ભાજપના કોર્પોરેટરો પણ લાંચ લેતા ઝડપાઈ ચૂક્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે,.

થોડા દિવસ પહેલા સુરત મહાનગરપાલિકામાં આમ આદમી પાર્ટીના બે કોર્પોરેટર દ્વારા લાંચ માંગવામાં આવી હતી જે મામલે એસીબી દ્વારા એક કોર્પોરેટરની ધરપકડ કરવામાં આવી હતી. સુરતના આમ આદમી પાર્ટીના કોર્પોરેટર જીતેન્દ્ર કાછડીયા અને વિપુલ સુહાગીયા દ્વારા કોઈ કામ અંતર્ગત દસ લાખ રૂપિયાની ડિમાન્ડ કરવામાં આવી હતી જેના આધારે એસીબીએ એક કોર્પોરેટરની ધરપકડ કરી હતી.

આમ આદમી પાર્ટીના કોર્પોરેટર પકડાયા બાદ રાજકારણ ગરમાયું હતું અને અલગ અલગ રાજકીય પક્ષો દ્વારા એસીબી તેમજ સરકાર પર મીલીભગત હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા હતા. આ તમામ આક્ષેપો વચ્ચે ખરેખર સુરત મહાનગરપાલિકાના કોર્પોરેટરોનો ઈતિહાસ શું રહ્યો છે.એસીબી દ્વારા મળેલી માહિતી મુજબ છેલ્લા થોડા વર્ષોમાં રાજ્યભરમાંથી ફક્ત સુરતના કોર્પોરેટરો દ્વારા જ લાંચની માંગણી અથવા તો લાંચ સ્વીકારી હોવાના કિસ્સાઓ સામે આવ્યા છે, જેમાંથી અત્યાર સુધીમાં ભાજપના 4




કોર્પોરેટર, કોંગ્રેસના 2 કોર્પોરેટર તેમજ આમ આદમી પાર્ટીના 2 કોર્પોરેટર સામે ફરિયાદ નોંધાય છે અને તેમની ધરપકડ પણ કરવામાં આવી હતી.

સુરત મહાનગરપાલિકામાં વર્ષ 2018માં વોર્ડ નંબર 25ના ભાજપના કોર્પોરેટર મીનાબેન રાઠોડ પાંચ લાખ રૂપિયાની લાંચ લેતા ઝડપાયા હતા. સુરત મહાનગરપાલિકામાં વર્ષ 2018માં વોર્ડ નંબર 11ના ભાજપના કોર્પોરેટર નેનસી સુમરા 55 હજારની લંચ લેતા ઝડપાયા હતા.વર્ષ 2019માં વોર્ડ નંબર 8ના ભાજપનાં કોર્પોરેટર અને ડ્રેનેજ કમિટીના વાઈસ ચેરમેન જયંતીલાલ ભંડેરી 50000 ની લાંચ લેતા ઝડપાયા હતા.સુરત મહાનગરપાલિકામાં વર્ષ 2019માં વોર્ડ નંબર 18ના કોંગ્રેસના કોર્પોરેટર લીલાબેન સોનવણે 15,000ની લાંચ લેતા ઝડપાયા હતા. વર્ષ 2019માં વોર્ડ નંબર 18નાં કોંગ્રેસના કોર્પોરેટર કપિલાબેન પટેલ 50,000 રૂપિયાની લંચ લેતા ઝડપાયા હતા.સુરત મહાનગરપાલિકામાં વર્ષ 2020માં વોર્ડ નંબર 18ના કોંગ્રેસના કોર્પોરેટર સતિષભાઈ પટેલ 15,000 ની લાંચ લેતા ઝડપાયા હતા. હાલમાં જ વર્ષ 2024 માં સુરત મહાનગરપાલિકાના આમ આદમી પાર્ટીના વોર્ડ નંબર 16 ના કોર્પોરેટર જીતેન્દ્ર કાછડીયા તેમજ વોર્ડ નંબર 17 ના કોર્પોરેટર વિપુલ સુહાગ્યા દસ લાખ રૂપિયાની લાંચની માંગ કરવાના કેસમાં ઝડપાયા છે.

# જામનગર,વડોદરા અને કચ્છને અતિવૃષ્ટિગ્રસ્ત જાહેર કરો : કોંગ્રેસ

## પ્રમુખ ગોહિલે સરકારને લીલો દુકાળ જાહેર કરવા રજૂઆત કરી

ગુજરાત | વંદન

ગુજરાતમાં આ ચોમાસામાં મેઘરાજાએ અનેક વિસ્કારોમાં પોતાનું રૌદ્ર સ્વરુપ બતાવ્યુ છે. સૌરાષ્ટ્ર, જામનગર,વડોદરા, કચ્છમાં આ વર્ષે અતિ ભારે વરસાદ વરસ્યો છે. જે પછી ખેડૂતોના પાકને તો નુકસાન પહોંચ્યુ જ છે.

સાથે લોકોના ઘરોમાં અને દુકાનોમાં પાણી ઘુસી જતા સામાનને પણ નુકસાન પહોંચ્યુ છે. પાણી ભરાઈ જવાને લીધે હજારો એકર જમીનને પણ નુકસાન પહોંચ્યુ છે. ગુજરાત કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે આ વિસ્તારોની મુલાકીત લઈને સહાય આપવા સરકાર સમક્ષ માગ કરી છે.

તેમણે કહ્યું કે, કચ્છમાં ધોધમાર વરસાદ બાદ ભયાવહ તારાજી સર્જાઇ છે. લખપત તાલુકાના અનેક ગામ હજુ પાણી-પાણી છે. દોલતપર ગામના ખેતરો બેટમાં ફેરવાયા છે. ખેતરોમાં પાણી ફરી વળતા પાકને મોટાપાયે નુકસાન પહોંચ્યુ છે. લીલા દુકાળને લીધે ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. એરંડા, મગફળીના પાક સાથે ખેડૂતોની મહેનત પણ



ધોવાઈ છે. કૃષિ, પશુપાલન પર આધારિત લખપતમાં સ્થિતિ કથળી છે. સરકાર મદદ કરે તેવી ખેડૂતોની માંગ છે.

ગોહિલે કચ્છ જિલ્લાના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી. શક્તિસિંહે સૌરાષ્ટ્ર, જામનગર,વડોદરા, કચ્છને અતિવૃષ્ટિગ્રસ્ત જાહેર કરવા માગ કરી છે. આ જિલ્લાઓમાં સરેરાશ કરતા વધુ વરસાદ પડ્યો છે તેને ધ્યાનમાં રાખીને રાખી સરકાર પાસે લીલો દુકાળ જાહેર કરવા માગ કરી છે. આ સાથે લોકોને ઉદાર હાથે સહાય આપવા આગળ આવવાની અપીલ પણ કરી છે.

સંપાદકીય
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

સંપાદકીય....

# યુક્રેન-રશિયા શાંતિ મંત્રણામાં ભારત એવી ફોર્મ્યુલા રજૂ કરે કે વિશ્વ આશ્ચર્યચકિત થઈ જાય..!



રશિયાના સુપ્રિમો વ્લાદિમીર પુતિને યુક્રેન સાથે શાંતિ મંત્રણાને લઈને આપેલા એક મોટાં નિવેદન એમ કહ્યું છે કે યુક્રેન સાથે રશિયાની સંભવિત શાંતિ વાટાઘાટોમાં ચીન, ભારત અને બ્રાઝિલ મધ્યસ્થીની ભૂમિકા ભજવી શકે છે. પુતિને ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમમાં કહ્યું કે, જો કે, અમારો મુખ્ય ઉદ્દેશ્ય યુક્રેનના ડોનબાસ વિસ્તારને કબજે કરવાનો છે. રશિયન સૈન્ય ધીમે ધીમે કુર્સ્કથી યુક્રેનિયન સૈન્યને પાછું ધકેલી રહ્યું છે.

રાજકીય રીતે જોઈએ તો ભારતના જુના મિત્ર રાષ્ટ્ર રશિયાના વર્તમાન સર્વેસર્વા પુતિનનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાલમાં જ યુદ્ધગ્રસ્ત યુક્રેનની અને તે પહેલા રશિયાની મુલાકાત લીધી હતી.મોદીની આ બંને મુલાકાતો ખૂબ મહત્વની મનાય છે. અને વૈશ્વિક સ્તરે ચર્ચાનો વિષય બની હતી

.પીએમ મોદી જુલાઈ મહિનામાં રશિયાના પ્રવાસે ગયા હતા અને પુતિનને ભેટીને યાદ અપાવ્યું હતું કે શાંતિનો માર્ગ યુદ્ધના મેદાનથી નથી આવતો.આ મુલાકાત બાદ તેઓ તાજેતરમાં યુક્રેનની મુલાકાતે ગયા અને રાષ્ટ્રપતિ ઝેલેન્સકીને પણ ભેટીને અને ખભે હાથ મૂકીને રશિયા સાથે મંત્રણા કરવાની સલાહ આપી હતી. જો કે તેઓ આ મુલાકાતથી નારાજ હતા અને જાહેરમાં પોતાની નારાજગી વ્યક્ત કરી હતી.

આ પૃષ્ઠભૂમિમાં પુતિને મંત્રણા માટે કરેલી જાહેરાત અને તેમાં ભારતને પણ સામેલ કરવા કરેલી હિમાયતથી વિશ્વ મંચ પર ભારતની શાખમાં વધારો થયો એમ કહી શકાય. હવે જેમણે હુમલો કર્યો તે શાંતિ ઈચ્છતા હોય ત્યારે એમ અનુમાન લગાવી શકાય કે કે યુક્રેન યુધ્ધનો હવે ખૂબ ઝડપથી ઉકેલ આવશે. અને તેમાં ભારતની ખાસ કરીને વડાપ્રધાન મોદીની ભૂમિકા નિર્ણાયક રહે એવા પુતિનના પ્રયાસો રહે એમ રાજકીય રીતે જણાઈ રહ્યું છે. અને જો તેમ ન હોય તો રશિયા સામે ચાલીને યુક્રેન સાથેની મંત્રણાં ચીન અને બ્રાઝિલની સાથે ભારતને શા માટે જવાબદારી સોંપે....એવો સવાલ થવો વાજિબ છે.

વડાપ્રધાન મોદી કહે છે તેમ ભારતની નીતિ હમેશા યુધ્ધ નહીં પણ શાંતિ અને અહિંસાનો સંદેશ આપનાર બુધ્ધની નીતિ રહી છે. તેમણે વૈશ્વિક મંચ પર અનેક વખત ભારતનો આ સંદેશો વિશ્વ વ્યાપી બનાવ્યો છે. ભારતે ક્યારેય કોઈ દેશ પર સામે ચાલીને હુમલો કર્યો નથી. અને જેણે હુમલો કર્યો તેને છોડ્યો નથી. ભારતની આસપાસ એટલા નાના નાના દેશો છે કે ભારત ધારે તો તેમને પોતાના કહ્યામાં રાખી શકે છે. પણ ભારતની એવી દાનત નથી. ભારત સૌની સાથેહળીમળીને પ્રમ અને શાંતિ તથા ભાઈચારાથી સહઅસ્તિત્વની લાગણી સાથે રહેવામાં માને છે.

રશિયાએ જ્યારે સામે ચાલીને શાંતિ મંત્રણાં ભારતની સામેલગીરી ઈચ્છી છે ત્યારે ભારતે તેમાં સામેલ થઈને બન્ને તરફના નિર્દોષ નાગરિકોના જીવોને બચાવવા પોતાના તમામ શ્રેષ્ઠ પ્રયાસો કરવા જોઈએ અને એક એવી ફોર્મ્યુલા ભારત વિશ્વ સમક્ષ મૂકે કે રશિયા અને જેના ઉપર હુમલો થયો તે યુક્રેન બન્ને રાજી થાય અને ન તુમં હારે ન હમ જીતે એવી એક લાગણી સાથે સૌ સારા વાના થાય.

ભારતના આ શ્રેષ્ઠ પ્રયાસો ભારતને શાંતિ માટેના નોબેલ પુરસ્કાર સુધી લઈ જાય તો નવાઈ નહીં......!!

જ્યારે વડાપ્રધાન વાજપેયીએ આતંકીઓના બદલામાં ભારતના પેસેન્જરોની જિંદગીઓ બચાવી...

# તો કંદહારથી 135 લાશો ભારત આવી હોત.....!

## વેબસિરિઝ ફ્લાઈટ આઈસી-814માં આતંકીઓના શંભુ-ભોલેના નામને લઈને વિવાદ

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com







પોતાના નાગરિકોની સલામતી માટે દુનિયાભરમાં નામના ધરાવનાર ઈઝરાયલમાં હમાસ આતંકી સંગઠનના કબજામાંથી અંદાજે 100 જેટલા ઈઝરાયલી બંધકોને મુક્ત કરાવવા સડકો પર નિકળ્યા અને બંધકોને જીવતા પરત લાવવા હમાસ સાથે યુધ્ધવિરામ માટે વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ પર જે રીતે દબાણ લાવી રહ્યાં છે એવુ જ માનસિક દબાણ 1999ના છેલ્લા મહિના ડિસેમ્બરના છેલ્લા સપ્તાહમાં ભારતમાં વડાપ્રધાન અટલબિહારી વાજપેયી પર એ લોકો લાવી રહ્યાં હતા.....

દબાણ લાવનારા એ લોકો હતા કે જેમના સ્વજનો આતંકીઓ દ્વારા હાઈજેક કરેલા ભારતના વિમાનમાં હતા અને વિમાન તાલિબાનોના દેશ અફઘાનના કંદહારમાં લઈ જવાયું હતું. દેશ આખામાં હાહાકાર મચી ગયો હતો. આતંકી સંગઠન હરકત-ઉલ-અંસારનાં પાંચ આતંકીઓએ 24મી ડિસેમ્બર, 1999ના દિવસે નેપાળની રાજધાની કાઠમાંડૂથી દિલ્હી જઈ રહેલી ઈન્ડિયન એરલાઈન્સની ફ્લાઈટ નંબર આઈસી-814ને હાઈજેક કરી લીધી હતી.

આ દરમિયાન વિમાનમાં મુસાફરો અને ક્રુ મેમ્બર મળીને કુલ 180 લોકો સવાર હતા. વિમાન હાઈજેક કર્યા પછી થોડાક જ કલાકોમાં આતંકીઓએ ભારત સરકાર પર દબાણ લાવવા એક મુસાફર રૂપિન કાત્યાલની હત્યા કરી દીધી. 25 વર્ષનાં રૂપિન કાત્યાલ પર ચરમપંથીએ ચાકુના ઘા મારીને તેમની લાશને વિમાનના દરવાજે મૂકી દીધી હતી.. આ વિમાન રાતે લગભગ પોણા બે વાગ્યે દુબઈ પહોંચ્યું. ત્યાં ઇંધણ ભરાવવાના બદલામાં કેટલાક મુસાફરોને મુક્ત કરવા પર સમજૂતી થઈ.

દુબઈમાં 27 મુસાફરોને છોડવામાં આવ્યાં, જેમાં મોટેભાગે મહિલાઓ અને બાળકો સામેલ હતાં. પેટના કેન્સરના દર્દી સિમોન બરાર નામક મહિલાને કંદહારમાં સારવાર માટે વિમાનની બહાર જવા માટે માત્ર 90 મિનિટની પરવાનગી આપવામાં આવી હતી.

આતંકી સંગઠને જમ્મુ-કાશ્મિરની જેલમાં બંધ પોતાના ખૂંખાર સાથી મસૂદ અઝહર સહિત શરૂઆતમાં પોતાના 36 સાથીઓને મુક્ત કરવાની અને સાથે-સાથે 20 કરોડ અમેરિકન ડૉલરની ખંડણીની માંગણી કરી હતી......

આ ઉપરાંત હાઈજેકર્સ એક કાશ્મીરી અલગતાવાદીના મૃતદેહને સોંપવાની પણ માગણી કરી હતી. જોકે, તાલિબાનના આગ્રહ પર હાઈજેકર્સે પૈસા અને મૃતદેહની માગણી છોડી દીધી. પરંતુ હાઈજેકર્સ ભારતીય જેલોમાં બંધ મસૂદ અને અન્ય બે સાથીઓને મુક્ત કરવાની માંગણી પર અડગ હતા.

વાજપેયીની સરકાર ભારે દબાણમાં હતી. મંત્રીઓ કે અધિકારીઓ જ્યાં પણ હાઈજેક વિમાનની માહગિતી આપવા પત્રકાર પરિષદ યોજતા હતા ત્યાં વિમાનમાં બંધકોના પરિવારજનો પહોંચીને હોબાળો મચાવતા અને વેજપેયી સરકારને તેમના સ્વજનના બદલામાં



આતંકીઓને છોડી મૂકવા રીતસર ઉહાપોહ, ધાંધલ-ધમાલ મચાવતા હતા.

તે વખતે મિડિયાએ પણ આ ધાંધલ-ધમાલને ખૂબ ચગાવીને સરકાર નબળી છે, નિર્ણય લઈ શકતી નથી એવી એક છાપ ઉપસાવવામાં આવી કે 135 નાગરિકોની જિંદગીના બદલામાં બે કે ત્રણ આંતકીઓને છોડી મૂકવાથી શું ખાટુમોળુ થઈ જવાનું છે....છોડી મૂકાયેલા આતંકીએઓને સરકાર પછીથી ગમે ત્યારે પકડી શકે છે પણ અપહરકારો વિમાનમાં અમારા સ્વજનોને મારી નાંખશે તો તેમને પોલીસી બનાવવી કે હવે પછી વિમાનનું અપહરણ થાય તો ભલે એમાં કોઈ વીવીઆઈપી હોય તો પણ અપહરણકારો સાથે કોઈ સોદો કરવો નહી, પછી ભલે વિમાનને આતંકીઓ ઉડાવી દે. અલબત તે પછી ભારતમાં એવી કોઈ વિમાની અપહરણની ઘટના બની નથી એટલું સારૂ છે.

તે વખતે વાજપેયી સરકારની કોંગ્રેસે ટીકા કરી નહોતી કેમ કે વડાપ્રધાને તે વખતે સોનિયા ગાંમધીને રૂબરૂ બાલાવી, બેઠક કરીને વિશ્વાસમાં લઈને

ગૃહ મંત્રાલયે 6 જાન્યુઆરી, 2000ના રોજ જાહેર કરેલા નિવેદન પ્રમાણે, હાઈજેકર્સના સાચાં નામો ઈબ્રાહિમ અતહર (બહાવલપુર), શાહિદ અખ્તર સૈયદ (ગુલશન ઈકબાલ, કરાચી), સની અહમદ કાઝી (ડિફેન્સ એરિયા, કરાચી), મિસ્ત્રી ઝહૂર ઈબ્રાહિમ (અખ્તર કૉલોની, કરાચી) અને શાકિર (સુક્કૂર સિટી) હતા.

આ નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે મુસાફરોની સામે હાઈજેકર્સ એકબીજાને ચીફ, ડૉક્ટર, બર્ગર, ભોલા અને શંકરના નામે સંબોધિત કરી રહ્યા હતા. ગૃહ મંત્રાલયનું આ નિવેદન ભારતના વિદેશ મંત્રાલયની વેબસાઈટ પર આજે પણ છે.ગૃહ મંત્રાલયે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે પ્લૅન હાઈજેકની ઘટના પછી ગુપ્તચર એજન્સીઓએ મુંબઈથી ચાર ચરમપંથીઓની ધરપકડ કરી હતી.

મંત્રાલયે આપેલી જાણકારી પ્રમાણે, આ ચરમપંથીઓ પાસેથી જાણકારી મળી કે હાઈજેકની આખી યોજના પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈનું એક ઑપરેશન હતું જેને ચરમપંથી સંગઠન હરકત-ઉલ-અંસારે અંજામ આપ્યો હતો.

ધર્મ

# 8મીએ ઉજવાશે ઋષિ પંચમી-સામા પાંચમ, આ છે તેનું ધાર્મિક મહત્વ ...

ભાદરવા સુદ પાંચમના દિવસે કરવામાં આવતા વ્રતને સામા પાંચમ તરીકે ઓળખવામાં આવે છે. આ વ્રત મોટેભાગે સ્ત્રીઓ માસિક ધર્મ દરમિયાન જાણે-અજાણે થતા દોષોના નિવારણ માટે કરે છે. સામા પાંચમની પૌરાણિક વ્રતની કથા પણ મહિલાઓના માસિક ધર્મ સાથે સંબંધિત છે. સામા પાંચમને ઋષિ પંચમી તરીકે પણ ઓળખવામાં આવે છે. પૌરાણિક માન્યતા અનુસાર, આ વ્રત કરવાથી સપ્તઋષિઓની કૃપા દ્રષ્ટિ રહે છે. ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિનો વાસ રહે છે.

દર વર્ષે ભાદ્રપદ શુક્લ પક્ષની પંચમી તિથિ પર ઋષિ પંચમી ઉજવવામાં આવે છે, જે ઋષિમુનિઓને સમર્પિત વિશેષ વ્રત છે. આ વખતે 8 સપ્ટેમ્બરે સાત ઋષિઓની ઉપાસના ઋષિ પંચમીનું વ્રત કરશે.

ઋષિપંચમીનું વ્રત ખાસ કરીને મહિલાઓ કરે છે પરંતુ પુરુષો પણ તેનું પાલન કરી શકે છે. આ દિવસે સાત ઋષિ - કશ્યપ, અત્રિ, ભારદ્વાજ, વશિષ્ઠ, ગૌતમ, જમદગ્નિ અને વિશ્વામિત્રની પૂજા કરવામાં આવે છે. આ સાત ઋષિઓને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના અંશ માનવામાં આવે છે. તેમને વેદ અને ધાર્મિક ગ્રંથોના લેખક માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આ વ્રત કરવાથી દરેક પ્રકારના પાપોમાંથી મુક્તિ મળે છે અને જીવનમાં સુખ-શાંતિ આવે છે.

### ઋષિ પંચમી મુહૂર્ત-

પંચાંગ અનુસાર, આ વર્ષે ભાદ્રપદ મહિનાની શુક્લ પક્ષની પંચમી તિથિ 7 સપ્ટેમ્બરે સાંજે 05:37 વાગ્યે શરૂ થશે અને 8 સપ્ટેમ્બર, 2024ના રોજ સાંજે 07:58 વાગ્યે સમાપ્ત થશે. તેથી, ઉદયા તિથિ અનુસાર, 8 સપ્ટેમ્બરના રોજ ઋષિ પંચમી વ્રત રાખવામાં આવશે.

આ દિવસે ભક્તો સ્નાન કરે છે અને શુદ્ધ વસ્ત્રો પહેરે છે. પછી તેઓ સાત ઋષિઓની મૂર્તિ અથવા ચિત્રની સામે દીવો પ્રગટાવે છે અને પૂજા કરે છે. પૂજામાં પંચામૃત, પુષ્પ, ચંદન, ધૂપ-દીપ અને વિવિધ પ્રકારના ફળ અને પુષ્પો અર્પણ કરવામાં આવે છે. પૂજા દરમિયાન ઋષિમનિઓની આરતી અને



મંત્રોનું પઠન કરવામાં આવે છે અને વ્રત કથા સાંભળવામાં આવે છે. આ પછી, ભક્તો પાણી મુક્ત અથવા ફળ-મુક્ત ઉપવાસ કરે છે અને દિવસભર ભગવાનની સાથે સાત ઋષિઓનું ધ્યાન કરે છે. સાત ઋષિઓની સોનાની મૂર્તિઓ બનાવીને ઋષિ પંચમીના દિવસે યોગ્ય બ્રાહ્મણને દાન કરવાથી અનંત પુણ્ય પ્રાપ્ત થાય છે.

ઋષિ પંચમીનું વ્રત વિશેષ મહત્વનું માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આ વ્રત રાખવાથી પરિવારમાં સુખ અને સમૃદ્ધિ આવે છે. જ્યોતિષીઓના જણાવ્યા અનુસાર, આ દિવસે દેશભરના ભક્તો સાત ઋષિઓની ખૂબ જ આદર અને ભક્તિ સાથે પૂજા કરે છે અને તેમના જીવનને ધાર્મિક બનાવવાની ઈચ્છા રાખે છે. ઋષિ પંચમીના આ પવિત્ર અવસર પર તમામ ભક્તો શુદ્ધ હૃદય અને સાચી શ્રદ્ધાથી ઋષિમુનિઓની પૂજા કરશે અને તેમની પાસેથી આશીર્વાદ લેશે.

### સામાપાંચમની પૂજન વિધિ-

આ દિવસે વ્રત કરનારે સવારે વહેલા ઊઠીને અઘેડાનું દાંતણ કરી, શરીર પર માટી ચોળી, માથામાં આંબળાની ભૂકી નાંખી નહાવું જોઈએ. આ દિવસે સામો ખાવો, ફળાહાર કરવો. અનાજ ખાવું નહીં. સ્નાન કર્યા પછી મહાદેવજીની ભક્તિ ભાવથી પૂજા કરવી. આ રીતે પાંચ વર્ષ સુધી આ વ્રત કરવું. ત્યાર બાદ તેનું ઉજવણું કરવું. ઉજવણીના દિવસે અરુંધતી સહિત સપ્તઋષિઓની પૂજા કરવી અને ગરીબ બ્રાહ્મણોને જમાડી, યથાશક્તિ દાન-દક્ષિણા આપવી.

લઘુવાર્તા

# ખાટલાકોર્ટે શ્વાનખટલો : બોલો અંકલ, હવે આપણે પેલા આલ્શેશિયનનું શું કરવાનું છે?'

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com


કેદીઓની બેરેક, રેલવે સ્ટેશનોના રેનબસેરા, હોટલોની ડોરમેટરીઓ, શહેરોની ફૂટપાથો કે દવાખાનાંઓના જનરલ વોર્ડની જેમ ઉનાળાની રાત્રિઓએ અમારા મહેલ્લાના લોકો પોતપોતાનાં આંગણાંમાં હારબંધ ઢોલિયાઓમાં સૂઈને, ઘરમાંના વીજપંખાઓને આરામ આપીને, વીજ ઉર્જાબચતની સરકારી ઘોષણાઓને આરામથી ઊંઘીને સન્માન આપતા હતા. ભસતાં કૂતરાં તેમની ઊંઘમાં ખલેલ પહોંચાડી શકતાં ન હતાં, કેમ કે દિવસભરના શ્રમનો તેમનો થાક અને મંદમંદ વાતા કુદરતી પવનનો પિચ્છસ્પર્શ મીઠી નિંદર માણવા તેમના માટે પ્રેરક બની જતાં હતાં.

પરંતુ હું એ બધાંમાં અપવાદ રૂપે જાગી રહ્યો હતો. આકાશદર્શન એ મારો શોખ હતો અને તદનુસાર હું તો પથારીમાં પડ્યો પડ્યો આકાશમાંના વિવિધ તારાઓ અને તારાસમૂહોને નિહાળી રહ્યો હતો. ટમટમતા તારલાઓ અને વાદળોમાં સંતાકૂકડી રમતા ચંદ્રના સૌંદર્યમાં હું એવો તો મગ્ન હતો કે પેલાં ભસતાં કૂતરાંના કર્કશ અવાજો મારી રસવૃત્તિને બાધક નિવડતા ન હતા.

પણ ત્યાં તો ધડધડ પગલાંના અવાજ સાથે હાથમાં લાકડી લઈને મહેલ્લાના છેડે રહેતા કાન્તિકાકા એક કૂતરા પાછળ એમ બબડતા દોડવા માંડ્યા કે 'આજે જો તું મારી ઝાપટમાં ન આવ્યું, તો દિવસે તારી વાત; તને પાડી દીધું જ સમજજે.'

મેં ધીમા અવાજે પૂછ્યું, 'કેન્ટ અંકલ, કેમ કેમ શું થયું?'

હું કાન્તિકાકાને કેન્ટ અંકલ નામે બોલાવતો હતો તેના સામે તેમણે મારા એવા પહેલા સંબોધનથી જ વાંધો લીધો ન હતો. તેમને પોતાને કદાચ તેમનાં ફોઈએ પાડેલું કાન્તિ નામ ગમતું નહિ હોય અને વળી મારા જેવો કોલેજિયન તેમને આવું અંગ્રેજી નામ આપે તે તેમને પસંદ પડી ગયું પણ હોય! જે હોય તે પણ દરેક વેકેશનમાં મારી પાસે દરરોજ અડધોએક કલાક તો તેઓ જરૂર પસાર કરે, કેમ કે અમારી વચ્ચે આત્મીયતાનો સેતુ બંધાઈ ચૂક્યો હતો.'અલ્યા અસોક, મારું બેટું એ એવું હેવાયું થઈ ગયું છે કે રોજ રાત્રે પથારીમાં મારા ભેગું સૂઈ જાય છે અને મને ગંદુગંદુ લાગે છે. ભલે પાપ થાય, પણ મારે તેને ઠેકાણે પાડવું જ પડસે.''પેલું આલ્શેશિયન



જેવું લાગે છે, તે તો નથી?' 'હા, એ જ. ભલે એ આલ્સેસિયન જેવું લાગતું હોય કે ફાલ્સેસિયન જેવું લાગતું હોય, પણ તેની આ હરકત ચલાવી ન લેવાય.'

મારું નામ જો કે અશોક હતું, પણ તેઓ અને અસોક કહીને જ બોલાવતા. મેં તેમને મારા નામના ઉચ્ચારને સુધારવા જણાવ્યું હતું ત્યારે તેમણે તેમની અશક્તિ જાહેર કરતાં મને મારું નામ જ બદલી દેવાની સલાહ આપી હતી. અમારી વચ્ચેનો આ મુદ્દે થયેલો સંવાદ જે હજુ ય મને યાદ છે, જે આ પ્રમાણે હતો :'કેન્ટ અંકલ, તમને 'શ' અને 'સ' વચ્ચેનો ઉચ્ચારભેદ તમારા ગુરુજીઓએ શિખવ્યો નથી કે શું?'

'સાળાજીવન દમિયાન એ બિચારા એ સિખવવા ખૂબ મથ્યા, હું પણ મથ્યો; પરિણામ સૂન્ય. મારા પોતરાએ હોઠથી સીટી વગાડવાની ખૂબ પ્રેક્ટિસ કરીને તેના સંકર નામને ઠીક રીતે બોલવા મથામણ કરાવી, પરિણામ સૂન્ય. તારી કાકીએ જ્યારે મને હડફાવ્યો કે આ ઉંમરે સીટીઓ વગાડતાં તમને સરમ નથી આવતી, ત્યારે તેની વાતની સરમ ભરીને મેં સીટીઓ વગાડવી બંધ કરી. જો અસોક, દરેક માણસમાં કોઈ ને કોઈ કમજોરી તો હોય જ છે.'

વચ્ચે આડવાતમાં ઊતરી ગયો તે બદલ ક્ષમાયાચના. એ રાત્રે તો ઊંઘતા માણસોની ઊંઘને ખલેલ ન પહોંચે તે માટે મેં તેમને સવારે વાત કરવા જણાવ્યું હતું અને તેઓ ચૂપચાપ તેમના શય્યાસ્થાને જતા પણ રહ્યા હતા. મેં વિચાર્યું કે આગામી સવારે આ કૂતરા વિષય ઉપર કેન્ટ અંકલની ૭૦ની નહિ તો ઓછામા ઓછી ૧૬ એમ.એમ.ની ફિલ્મ તો જરૂર ઉતારવી! વળી આમ કરવા પાછળનો મારો ઉમદા ખ્યાલ પણ એ હતો કે મારે પેલા નિર્દોષ પ્રાણીનો જીવ બચાવવો હતો અને માત્ર એટલું જ નહિ, પણ એ બેઉ વચ્ચેની નફરતની દિવાલને મારે તોડવી હતી.

સવારે નવેકના સુમારે હું જ્યારે ઓસરીના ખાટલે પંખા નીચે અખબાર વાંચી રહ્યો હતો, ત્યારે કેન્ટ અંકલ ખોંખારો ખાતા મારી પાસે આવ્યા અને સીધેસીધું બોલ્યા, 'અસોક, બોલ એ નાલાયક

(અનુસંધાન પેજ-6 ઉપર)

સેબીનોમિક્સ

હિન્ડનબર્ગ-કોંગ્રેસ-સેબી સ્ટાફ અને હવે સંસદની સમિતિને આપવો પડશે હિસાબ...

# અરરરર.. કેટલુ સરસ મજાનું ચાલતું હતું સેબી, પણ હવે ...?!

## અને ધીમે રહીને જાણકારી બહાર આવશે- સેબીના વડાને કહેવામાં આવ્યું છે કે.....!

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

બિચ્ચારા માધબી પૂરી બુચ. વિવાદોમાં પૂરેપૂરા ફસાઈ ગયા છે. અધૂરામાં પૂરુ હોય તેમ હવે તેમને સંસદની કમિટિ સામે ઉભા રહેવુ પડશે અને તેમની સામે થયેલા આક્ષેપોનો વિગતવાર જવાબ આપવો પડશે.,.... અરરર.... કેટલુ સરસ મજાનું ચાલતું હતુ સેબી. પણ પેલા હિન્ડબર્ગિયાએ એવો ઉંબાડિયો કર્યો કે સેબીમાં કોણ છે, સેબી કોણ ચલાવે છે, સેબીમાં શું ચાલે છે... તેની સઘળી વિગતો એક પછી પછી એક બહાર આવવા લાગી.

હિન્ડનબર્ગ તો સમજ્યા... કોંગ્રેસના આરોપો પણ જાણે કે સમજ્યા પણ માધબી પૂરી બુચ જ્યાં બેસીને શેર બજાર પર ધ્યાન રાખવાનું કામ ચીવટપૂર્વક કરી રહ્યાં છે એ સેબીના કર્મચારીઓ હવે એકાએક ઉકળ્યા- સેબીના ચેરમેન તુંડમિજાજી છે... મિટીંગમાં અપમાન કરે છે, મોટેથી બોલે છે...ઓફિસમાં ટોક્સિક કલ્ચર છે.....હવે આ ટોક્સિક એટલે ઝેર...ઝેરી....એટલે કે સેબીની ઓફિસમાં વાતાવરણ ઝેરી છે....કામ થતું નથી અને તેના માટે જો કોઈ જવાબદાર હોય તો ચેરમેન મહોદયા છે....!

કહેવાય છે ને કે પડે ત્યારે બધુ પડે...એમ સેબીમાં બધુ સમુસૂતરૂ ચાલતુ હતુ અને હિન્ડનબર્ગે આરોપો મૂકતા તેઓ એકાએક લાઈમલાઈટમાં આવી ગયા.... તેમાં વળી કોંગ્રેસે ક્યાંકથી ખાँખા ખોળા કરીને વિગતો મેળવી કે સેબીના ચેરમેન હોવા છતાં તેમને માતૃસંસ્થા આઈસીસીઆઈસી બેંકમાંથી પણ પગાર મળતો હતો.....કેમ, શું કામ, શેને માટે, એ બેંકની એવી તે શું સેવા કરી કે તમને છોડ્યા પછી પણ પગાર ભથ્થા પેન્શન આપે.... એવા એવા સવાલોના ઘેરામાં આવી ગયા છે સેબીના વડા.

કોંગ્રેસની જેમ સેબીના કર્મચારીઓએ તેમના વર્તનને લઈને ખુલ્લો આરોપ મૂક્યો તે વધારે ગંભીર કહી શકાય. કેમ કે સેબીમાં કેટલાય ચેરમેન આવ્યાં પણ ક્યારેય કર્મચારીઓએ ઉહાપોહ મચાવ્યો નથી કે એમ કહ્યું નથી કે સેબીમાં ટોક્સિક વર્ક કલ્ચર છે....મિટીંગોમાં અપમાનજનક ભાષાનો ઉપયોગ કરાય છે.....એવુ ક્યારેય કોઈ બોલ્યું નથી કે બોલ્યા નથી..પણ અત્યાર સુધી ચુપ હતા કે બીકના માર્યા બોલી શકતા નહોતા અને હવે તેઓ ચારેબાજુથી ઘેરાઈ ગયા ત્યારે લાગ જોઈને સોગઠી મારવી....કહેવતની જેમ સેબીના કર્મચારીઓએ પોલખોલ ઝૂંબેશની જેમ માધબી પૂરી બુચ દ્વારા કરાતી માથાકૂટને જાહેર કરીને તેમને દૂર



કરવાની માંગ કરી છે...

માધબી જે બેંકમાં હતા એ બેંકની સાથે જોડાયેલા અન્ય મહિલા અધિકારી ચંદા કોચર પણ વિવાદમાં છે. વિડિયોકોનની 3 હજાર કરોડની લેન એનપીએ કરવાનો આરોપ છે. માધબી પણ એ જ બેંકમાં હતા અને બેંક છોડ્યા બાદ પગાર-ભથ્થા પેટે 16 કરોડ મેળવ્યાં તે જાણકારી કોંગ્રેસને કોણે આપી હશે....!? જાહિર હૈ.... તેમના વિરોધીઓએ સામે ચાલીને કોંગ્રેસને જાણકારી આપી હોય કે લો...આ છે તેમના કારનામા... અને કરો જાહેર જેથી સૌને ખબર પડે કે ગુડબુકમાં રહેનારે શું શું કર્યું છે.....હિન્દી ડાયલોગમાં બોલે તો ક્યા ક્યા ગુલ ખિલાયે હૈ.....

સેબી વડા માધબી હિન્ડનબર્ગને ધૂત્કારે...કોંગ્રેસને વખોડે અને ટોક્સિક કલ્ચર કહેનારાઓની પાછળ બાહ્ય પરિબળોનો હાથ હોવાનો ભલે દાવો કરે પણ સંસદની જાહેર હિસાબ સમિતિને અવગણી શક્શે નહીં. સમિતિએ સેબીની કામગીરીને પોતાની સત્તામાં આવરી લીધી છે અને હવે માધબીએ સંસદમાં જઈને સમિતિ સમક્ષ હાજર થવુ પડે. તેમની સામેના જાહેર આરોપોની આખી યાદી સમિતિ લઈને બેસશે અને એક પછી એક સવાલો પૂછશે.... અને તેના સંતોષકારક જવાબો નહીં હોય તો કહેશે કે સેબીમાં આ શું ચાલી રહ્યું છે....તેમને પદ પરથી દૂર કરવા જોઈએ....!? આવુ પણ કહી શકે અથવા ક્લીન ચીટ પણ આપી શકે કે પછી મુદતો પાડીને મામલો વિસરાઈ જાય એટલે ધીમે રહીને સરકારમાંથી જાણકારી બહાર આવે કે સેબીના વડાને રજા પર ઉતરી જવા કહેવામાં આવ્યું છે.....! અને જેવા ઉતરશે કે સેબીના કર્મચારીઓ વગર દિવાળીએ દિવાળી ઉજવશે......!

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

# સન્માન: રાજ્યના 28 શિક્ષકોને 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક' અર્પણ કરાયા

**10 લાભાર્થી વિદ્યાર્થીઓને પણ પ્રતીકાત્મકરૂપે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં**

ગુજરાત | વંદન

અમદાવાદના ટાગોર હોલ ખાતે શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત એક સમારોહમાં શિક્ષણમંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર અને શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાની ઉપસ્થિતિમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના 28 શિક્ષકોનું 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક'થી સન્માન કર્યું હતું. જે મુજબ, મુખ્યમંત્રી જ્ઞાનસાધના શિષ્યવૃત્તિ અને મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશિપ મેળવનારા 10 લાભાર્થી વિદ્યાર્થીઓને પણ પ્રતીકાત્મકરૂપે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શિક્ષણ વિભાગ દ્વારા



'વિકાસ ગાથા' શોર્ટ ફિલ્મનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. આ તબક્કે રાજ્યપાલે કહ્યું હતું કે, જો શિક્ષક પોતાના કર્તવ્યનું યોગ્યતાપૂર્વક પાલન ન કરે તો તે પરિવાર, સમાજ અને રાષ્ટ્ર માટે ઘાતક પુરવાર થાય. તેમણે વધુમાં કહ્યું હતું કે, શિક્ષકો સમર્પણભાવથી પ્રામાણિકતાપૂર્વક કર્તવ્યપાલન કરે તો સમાજમાં મોટું પરિવર્તન આવી શકે. નાનામાં નાનું બાળક પણ બધું જ સમજે છે. તેની સમજણશક્તિ અને ગ્રહણશક્તિ અમાપ છે. હવનના સમિધ જેવા પ્રગટવા માટે તત્પર બાળકોને વિદ્યાપુંજ જેવા અગ્નિસ્વરૂપ આચાર્ય-ગુરુજન પ્રજ્વલિત કરે, તેમના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરે, અધ્યાપકો પર મોટી જવાબદારી છે.

આ દરમિયાન મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, 21મી સદી જ્ઞાનની સદી છે અને તેનું નેતૃત્વ ભારત કરશે. શિક્ષક ક્યારેય નિવૃત્ત થતો નથી, તેની અંદરનું શિક્ષકત્વ સતત જાગૃત રહે છે. વિદ્યાર્થીઓનો શિક્ષણ અને શિક્ષક પ્રત્યેનો આદર, શિક્ષકનું સમર્પણ અને શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે પોતીકાપણા-અપનાપનની ત્રિવેણીથી ગુજરાતે જ્ઞાન-કૌશલ્ય, શિક્ષા-દીક્ષા ક્ષેત્રને નવી ઊંચાઈઓ આપી છે. તેમણે વડાપ્રધાન મોદીની વિઝનરી લીડરશિપમાં ઘડાયેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)ને ઉજ્જવળ અને વિકસિત ભારતના નિર્માણમાં ઉદ્દીપક ગણાવી હતી.

શિક્ષણમંત્રી ડૉ. કુબેર ડિંડોરે કહ્યું હતું કે, શિક્ષક સમાજની શ્રેષ્ઠ મૂડી છે. જેમની યાદમાં સમગ્ર દેશ આજે શિક્ષક દિવસ ઉજવે છે. તે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન ભારતના રાષ્ટ્રપતિ બન્યા તે પહેલાં એક શિક્ષક જ હતા. શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક પ્રાપ્ત કરનારા રાજ્યસ્તરે 28, જિલ્લા કક્ષાએ 96 અને તાલુકા કક્ષાએ 184 સહિત તમામ શિક્ષકો તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસાધના શિષ્યવૃત્તિ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશિપ મેળવનારા 10 લાભાર્થી વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર તરફથી તેમણે શુભેચ્છાઓ પાઠવી હતી.

### ગેમિંગ એરિયા માટે અલગ-અલગ પ્લાનીંગ રેગ્યુલેશનની જોગવાઈઓ કરવામાં આવી

# જાગ્યા ત્યારથી સવાર: ગેમિંગ એક્ટિવિટી એરિયા માટેના પ્લાનિંગ નિયમોમાં ફેરફાર

ગુજરાત | વંદન

રાજકોટ ટી.આર.પી. ગેમઝોન અગ્નિકાંડની વિભીષિકા બાદ ગેમિંગ એક્ટિવિટી એરિયા અને કોમર્શિયલ બાંધકામમાં થતા ગેમિંગ એક્ટિવિટી એરિયા માટે અલગ અલગ પ્લાનીંગ રેગ્યુલેશનની જોગવાઈ કરવી ખૂબ મહત્વની હોવાથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા આ બાબતના નિયમો બનાવવાનો નિર્ણય જાહેર હિતમાં લેવામાં આવ્યો છે. જે અંતર્ગત રાજ્યમાં જાહેર સલામતી, જાહેર સુરક્ષા અને જાહેર હિતને ધ્યાને લઈને ગેમિંગ એક્ટિવિટી એરિયા માટેના પ્લાનીંગ રેગ્યુલેશનની કોમ્પ્રિહેન્સિવ જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન CGDCRમાં જોગવાઈઓ કરવામાં આવી છે.

રાજ્ય સરકારે આનંદપ્રમોદ અને ઉજાણી માટેના સ્થળ તરીકે ગેમિંગ એક્ટિવિટીના વધી રહેલા ચલણના સંદર્ભમાં આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્યના વિવિધ શહેરોમાં સ્વતંત્ર ગેમિંગ એક્ટિવિટી એરિયા અને શોપિંગ મોલ તેમજ શોપિંગ કોમ્પ્લેક્ષ જેવા કોમર્શિયલ બાંધકામોમાં પણ ગેમિંગ એક્ટિવિટી એરિયા વિકસિત થઈ રહ્યાં છે.

મુખ્યમંત્રીએ આવા ગેમિંગ એક્ટિવિટી એરિયામાં એકત્રિત થતી વધુ પડતી ભીડના સંદર્ભમાં જાહેર સલામતી, જાહેર સુરક્ષા અને જાહેર હિત ધ્યાનમાં લઈને ગેમિંગ એક્ટિવિટી એરિયા માટેના પ્લાનીંગ રેગ્યુલેશનની મહત્વની જોગવાઈઓ CGDCRમાં કરવાના જનહિતલક્ષી નિર્ણય કર્યા છે.

ગેમિંગ એક્ટિવિટી એરિયા અને કોમર્શિયલ બાંધકામમાં થતા ગેમિંગ એક્ટિવિટી એરિયા માટે અલગ-અલગ પ્લાનીંગ રેગ્યુલેશનની જોગવાઈઓ કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે CGDCRમાં આ અંગેની જે જોગવાઈઓ કરી છે તેમાં ગેમિંગ એક્ટિવિટી એરિયાના બાંધકામ માટે રસ્તાની પહોળાઈ, મિનિમમ એરિયા, બાંધકામની ઊંચાઈ, પાર્કિંગ, સલામતીના ઉપાયો તથા લેવાની થતી વિવિધ પ્રકારની NOCની વિસ્તૃત જોગવાઈઓનો સમાવેશ થાય છે.

# સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
રાજકીય કે સામાજિક કાર્યોમાં પણ રસ વધશે. તમારી કાર્યક્ષમતા અપેક્ષા કરતા વધુ નફો મેળવવાની સંભાવના છે. કેટલાક સમયથી ચાલી રહેલી અંગત સમસ્યા પણ ઉકેલાઈ જશે. બેદરકારી અને આળસ જેવી પરિસ્થિતિઓને તમારા પર હાવી ન થવા દો.

**વૃષભ** (બ.વ.ઉ)
તમારા દરેક કાર્યને યોજનાબદ્ધ રીતે કરવા અને તમારા કામ પ્રત્યે એકાગ્રતાથી તમને સફળતા મળશે. નજીકના કે દૂરના પ્રવાસની પણ સંભાવના છે. નકામી પ્રવૃત્તિઓમાં સમય પસાર કરવાથી તમારા મહત્વપૂર્ણ કામમાં અડચણ આવી શકે છે. શેર, સટ્ટા જેવી જોખમી પ્રવૃત્તિઓમાં બિલકુલ રોકાણ ન કરો.

**મિથુન** (ક.છ.ઘ)
તમે તમારી મહેનત અને સારી જીવનશૈલીથી સકારાત્મક પરિણામ પ્રાપ્ત કરશો. બીજાઓ પાસેથી અપેક્ષાઓ રાખવાથી તમારી કાર્યક્ષમતા ઘટશે. વિદ્યાર્થીઓ અને યુવાનોને તેમની ક્ષમતા મુજબ કાર્ય પૂર્ણ કરવામાં મદદ મળશે. બિનજરૂરી ખર્ચ પર નિયંત્રણ રાખો.

**કર્ક** (ડ.હ)
તમારે માત્ર સમયનું યોગ્ય નિયંત્રણ કરવાની જરૂર છે. જો કોઈ સમસ્યા ઊભી થાય, તો તેને પરિવારના સભ્યો સાથે શેર કરો, તમને ચોક્કસપણે યોગ્ય ઉકેલ મળશે. સગા-સંબંધીઓ ઘરમાં આવતા-જતા રહેશે. કોઈ પણ મોટો નિર્ણય લેતા પહેલા તેના વિશે ગંભીરતાથી વિચારો.

**સિંહ** (મ.ટ)
પરિવારના કોઈ વરિષ્ઠ સભ્યના માર્ગદર્શનમાં કોઈની મદદથી કોઈ પારિવારિક સમસ્યાનો ઉકેલ આવશે. જેના કારણે દરેક વ્યક્તિ રાહત અનુભવશે. તમે તમારી કુશળ ક્ષમતાઓનો પણ ભરપૂર ઉપયોગ કરશો.બગડતા બજેટને કારણે તમારું મહત્વપૂર્ણ કામ અટકી શકે છે.

**કન્યા** (પ.ઠ.ણ)
આ સમયે તમારા અંગત કામ પર વધુ ધ્યાન આપો. છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી સમસ્યાઓથી રાહત મળશે. અચાનક તમને ક્યાંકથી સહયોગ અને યોગ્ય સલાહ મળશે. વિદેશ જવાનો પ્રયાસ કરી રહેલા લોકોને સારા સમાચાર મળી શકે છે.

**તુલા** (ર.ત)
તમને વરિષ્ઠ સભ્યો તરફથી કેટલીક ઉત્તમ સલાહ મળી શકે છે. જેના કારણે તમે પૂરા આત્મવિશ્વાસ અને ઊર્જા સાથે કોઈપણ પરિસ્થિતિનો સામનો કરી શકશો. તમે તમારી અન્ય જવાબદારીઓ પણ સારી રીતે નિભાવશો. તમે કોઈપણ પ્રકારનું જોખમ લેતા ડરશો નહીં.

**વૃશ્ચિક** (ન.ય)
પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે અને મનોરંજન કે બહાર ફરવાનો કાર્યક્રમ બનશે. તમારો સમય આનંદદાયક રહેશે. પરિવારના સભ્યો સાથે કોઈ વિષય પર ઉંડાણપૂર્વક વાતચીત થશે અને યોગ્ય પરિણામો પણ આવશે. ખરીદી અને મનોરંજન સંબંધિત પ્રવૃત્તિઓ થશે.

**ધન** (ભ.ધ.ફ)
તમારી યોજનાઓને અમલમાં મૂકવા માટે અનુકૂળ સમય છે. તમારો દિવસ બિનજરૂરી પ્રવૃત્તિઓને બદલે તમારા કામ પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરશે. નજીકના સંબંધોની મદદથી તમને કોઈ ચોક્કસ નિર્ણય લેવામાં સરળતા રહેશે. દિવસ આનંદદાયક રહેશે.

**મકર** (ખ.જ)
જે કાર્યોમાં કેટલાક સમયથી અડચણો આવી રહી હતી તે હવે ખૂબ જ સરળ અને સરળ રીતે ઉકેલી શકાય છે. ઉતાવળ કરવાને બદલે શાંતિપૂર્ણ રીતે કાર્ય પૂર્ણ કરવાનો પ્રયાસ કરો. ખાસ લોકો સાથે મુલાકાત લાભદાયક રહેશે.તમે ગેરકાયદેસર કામોમાં સામેલ ન થાઓ તો સારું રહેશે.

**કુંભ** (ગ.સ.શ.ષ)
તમારી રુચિ જડમૂળ સિવાય કેટલીક વિશેષ પ્રવૃત્તિઓમાં રહેશે. જ્યારે કોઈ સમસ્યા ઊભી થાય ત્યારે ગભરાવાને બદલે તેનો ઉકેલ શોધવાનો પ્રયાસ કરો. ઘર અથવા જમીન સંબંધિત અટકેલા કામ આગળ વધવાની સંભાવના છે.કોઈપણ નકારાત્મક પરિસ્થિતિમાં તમારું મનોબળ જાળવી રાખો.

**મીન** (દ.ચ.ઝ)
તમને પરિવારના કોઈ વરિષ્ઠ વ્યક્તિ પાસેથી મહત્વપૂર્ણ સલાહ મળશે, જે ફાયદાકારક રહેશે. તમારી વિચારસરણીને સકારાત્મક અને સંતુલિત બનાવવા માટે, ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ માટે થોડો સમય કાઢો. યુવાનોને તેમની મહેનત પ્રમાણે યોગ્ય પરિણામ પણ મળશે. બેદરકારીને કારણે તમારા કામમાં અવરોધો આવી શકે છે. કોઈપણ પ્રકારનું પેપર વર્ક કરતી વખતે સાવચેત રહો.

### ભાજપના નવા સદસ્યતા અભિયાનમાં રૂપાલાની માર્મિક ટકોર

# "નવા નેતાઓની લ્હાઇમાં જુના નેતાઓ ભુલાઇ ન જાય"

ગુજરાત | વંદન

ભારતીય જનતા પાર્ટી દ્વારા હાલમાં સદસ્યતા અભિયાન ચાલી રહ્યું છે.ભાજપના રાષ્ટ્રીય નેતાઓથી લઈને સ્થાનિક નેતાઓ સદસ્યતા અભિયાનમાં જોડાઈ રહ્યા છે. આ અભિયાન અંતર્ગત બુધવારે રાજકોટ ખાતે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ભાજપના વરિષ્ઠ આગેવાન અને રાજકોટના સાંસદ પરષોત્તમ રુપાલાની અધ્યક્ષતામાં સદસ્યતા અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ભાજપના તમામ શ્રેણીના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા પરંતુ કેટલાક જુના જોગીઓની ગેરહાજરી હતી, જેના કારણે પરશોત્તમ રૂપાલાએ માર્મિક ટકોર કરી હતી. રૂપાલાએ કહ્યું હતું કે સદસ્યતા અભિયાનમાં નવા કાર્યકર્તાઓને જોડવા જોઈએ પરંતુ નવા નેતાઓની લહાઈમાં જુના નેતાઓ ભુલાઈ ન જાય તેની તકેદારી રાખજો.

સદસ્યતા અભિયાન કાર્યક્રમ ભાજપની વિચારધારા સાથે લોકોને જોડવાનો છે. જો કે રાજકોટ ભાજપના કાર્યક્રમમાં વજુભાઈ વાળા, પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણી, પૂર્વ સાંસદ મોહન કુંડારિયા, પૂર્વ ધારાસભ્ય લાખા સાગઠિયા, ગોવિંદ પટેલ, નિતીન ભારદ્વાજ, કશ્યપ શુક્લ સહિતના નેતાઓની ગેરહાજરી જોવા મળી હતી.

રૂપાલાએ કહ્યું હતું કે રાજકોટ ભાજપે સદસ્યતા અભિયાનમાં પુરા જોશથી કામગીરી કરવાની છે



અને રાજ્યમાં દાખલારૂપ સદસ્ય બનાવવાના છે, પરંતુ તેની સાથે જુના જોગીઓને પણ આપણે ભુલવાના નથી. વજુભાઈ વાળા જેવા સિનીયર આગેવાનોના ઘરે જઈને તેઓને ભાજપના સદસ્ય બનાવવાની પણ શહેર સંગઠનને ટકોર કરી હતી. રૂપાલાએ નામ લીધા વિના જે જુના જોગીઓ હાંસિયામાં ધકેલાઈ ગયા છે તેને ફરી સક્રિય કરીને સદસ્યતા અભિયાનમાં જોતરવા માટેની સલાહ પણ આપી હતી.

રાજકોટમાં મુખ્યમંત્રી તરીકે વિજય રૂપાણીએ પદભાર છોડ્યાં પછી સ્થિતિ અલગ છે. દરેક તબક્કે ભાજપના બે જુથ આમને સામને જોવા મળી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમ સિવાય ભાજપના અન્ય કાર્યક્રમોમાં જુથવાદની આગ જોવા મળે છે.

રાજકોટમાં હાલમાં શહેર ભાજપની સત્તાનું સૂકાન મુકેશ દોશી પાસે છે અને ભુતકાળમાં રહેલી ભાજપની પ્રથા મુજબ પ્રદેશના આગેવાન સત્તાની કમાન સંભાળી રહ્યા છે અને વહિવટી નિર્ણયમાં મહાનગરપાલિકાના હોદ્દેદારની મહત્વની ભુમિકા રહેલી છે, જેના કારણે જુના જોગીઓ સાઈડલાઈન થયાં છે. આ નેતાઓ પોતે નિજાનંદમાં હોવાનું કહીને સક્રિય રાજકારણથી દુર થઈ રહ્યા છે અને પાર્ટીના નિર્ણયોથી પોતાનું અંતર રાખી રહ્યા છે, જેના કારણે ભાજપમાં આંતરિક કલેહ જોવા મળે છે.

# ભાદરવામાં પણ મેઘરાજા કરશે ભરપૂર જમાવટ: અંબાલાલ પટેલની આગાહી

ગુજરાત | વંદન

હવામાનના આગાહીકાર અંબાલાલ પટેલે ખેડૂતો માટે ચિંતાજનક આગાહી કરી છે. અંબાલાલે ભીતિ વ્યક્ત કરી છે કે જો રાજ્યમાં આ પ્રકારે અવિરત વરસાદ શરૂ રહેશે તો ખેડૂતોના પાકને નુકસાન થશે.

પાક નષ્ટ થઈ શકે છે. પાક બળી જવાની તેમજ જીવાત પડવાની ભીતિ રહેલી છે. આ તરફ વરસાદને લઈને અંબાલાલે જણાવ્યુ છે કે હાલ રાજ્ય પર જે એક બાદ એક વરસાદી સિસ્ટમ બની રહી છે તેને જોતા ભાદરવા મહિનામાં પણ મેઘરાજા ભરપૂર જમાવટ કરે તેવુ લાગી રહ્યુ છે.

આગામી ત્રણ દિવસ અમદાવાદ, વડોદરા, આણંદ, નડિયાદ, પંચમહાલના ભાગોમાં હળવાથી ભારે વરસાદી ઝાપટા પડવાની શક્યતા છે. જેમા અરવલ્લી, સાબરકાંઠા, ઈડરના કેટલાક ભાગોમાં હળવા વરસાદી ઝાપટા પડી શકે છે.

ભાવનગર કચ્છ, સૌરાષ્ટ્ર સહિતના ભાગોમાં હળવાથી ભારે વરસાદી ઝાપટા પડી શકે છે. રાજ્યમાં હવે વરસાદ માત્ર ઝાપટા સ્વરૂપે આવશે.

બંગાળના સાગરમાં સિસ્ટમ સક્રિય થવાથી બિહાર અને મધ્યપ્રદેશ થઈ ગુજરાતના સરહદી વિસ્તારમાં ભારે વરસાદની શક્યતા છે.

ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદી ઝાપટા પડી શકે છે. 22 સપ્ટેમ્બરે સિસ્ટમ સક્રિય થવાથી 22,23,24 રાજ્યના અનેક ભાગોમાં ભારે વરસાદી ઝાપટા પડવાની શક્યતા રહેશે.

# ગીરમાં કારની સ્પીડ 30થી વધારશો તો ડ્રાઈવરને તુરંત મળશે એલર્ટ

### સિંહોને અકસ્માતથી બચાવવા ખાસ સેન્સર સીસ્ટમ મૂકાઇ

ગુજરાત | વંદન

અત્યાધુનિક મોનિટરિંગ સિસ્ટમ દ્વારા ગુજરાતના સાસણ ગીરમાં સિંહ અને વન્ય જીવોનું કેવી રીતે સંરક્ષણ થઈ રહ્યું છે. ગુજરાત વન વિભાગે જૂનાગઢના સાસણ નજીક પ્રાણીઓ અને એમાં પણ ખાસ કરીને સિંહોને માર્ગ અકસ્માતોથી બચાવવા ખાસ વ્યવસ્થા કરી છે.

આ મોનિટરીંગ સિસ્ટમમાં જ્યારે કોઈપણ પ્રાણીની દેખાય છે. ત્યારે રિયલ ટાઈમમાં ઈલેક્ટ્રોનિક બોર્ડ પર 'વાઈલ્ડલાઈફ અહેડ' જેવા સંદેશાઓ દેખાય છે. સાથે જ અહીં મહત્તમ ઝડપ મર્યાદા આવશ્યકપણે 30 કિલોમીટર પ્રતિ કલાક છે.

જો કોઈ વાહન મર્યાદા કરતા વધુ ઝડપે આગળ વધે તો વન વિભાગ અને ડ્રાઈવર બંનેને તરત જ એલર્ટ કરવામાં આવે છે. વન્યપ્રાણીઓની સલામતી માટે, ગુજરાત વન વિભાગે ગીરમાં એક મોનિટરિંગ સિસ્ટમ ઉભી કરી છે જે અકસ્માતો અટકાવવા માટે રસ્તા પર સિંહ, દીપડા જેવા પ્રાણીઓની પ્રવૃત્તિઓ અને દેખરેખ રાખશે. અમે અન્ય પ્રાણીઓની ગતિવિધિઓ નોંધવા માટે તેમની પ્રવૃત્તિઓ પર પણ નજર રાખીએ છીએ.વાહનોની ઝડપ માપવા અને ઓળખવા માટે આધુનિક સેન્સર લગાવવામાં આવ્યા છે.ઓછા પ્રકાશમાં અથવા રાત્રે પણ પ્રાણીઓને શોધવા માટે થર્મલ અને ઓપ્ટિકલ કેમેરા લગાવવામાં આવ્યા છે. આ સિસ્ટમ વાહનોની નંબર પ્લેટને આપમેળે ઓળખે છે. ત્યારબાદ સિસ્ટમમાંથી તમામ ડેટા સાસણ-ગીર ખાતેના સેન્ટ્રલ મોનિટરિંગ સ્ટેશનને મોકલવામાં આવે છે. આ ટેક્નોલોજીએ માત્ર જંગલી પ્રાણીઓની જ નહીં પણ માણસોની પણ સુરક્ષામાં સુધારો કર્યો છે. હાલ ડ્રાઈવરોને પ્રાણીઓની હાજરી વિશે જાગૃત કરીને, અથડામણનું જોખમ ઓછું તે માટે આગામી સમયમાં વન વિભાગ ગીર અને બૃહદ ગીરમાં પણ આ સિસ્ટમ લાગુ કરવાનું આયોજન કરી રહ્યું છે.

# અંબાજી મંદિરને એક દાતા દ્વારા સોનાનાં બિસ્કિટ દાનમાં અપાયા

ગુજરાત | વંદન

જગવિખ્યાતમાં અંબાના ધામમાં દરરોજ હજારો ભક્તો માં અંબાના દર્શને આવતા હોય છે અને પોતાની મનોકામનાઓ પૂર્ણ થતા તેઓ માતાજીના ચરણોમાં દાન ધરતા હોય છે અનેક વખત માતાજીના ચરણોમાં સોનાનું દાન ભક્તોએ ધર્યું છે. જેમાં વધુ એક માઈ ભક્તે મા અંબાને અધધ સોનું અર્પણ કર્યુ છે.વિશ્વમાં વસતા કરોડો માઈભક્તો માં અંબામાં અનેરી આસ્થા ધરાવે છે જેના કારણે તેઓ દિલ ખોલીને માતાજીને સોનાનું દાન આપે છે ત્યારે એક માઈભક્ત દ્વારા એક કિલો સોનાનુ ગુપ્તદાન અપાયું હોવાનું અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે.

અંબાજી મંદિરમાં ભંડારો ખોલવામાં આવતા તેમાંથી માતાજીની ચુંદડીમાં મુકેલ 10 સોનાના 100-100 ગ્રામના અલગ-અલગ બિસ્કીટ મળી આવ્યા છે. જેની અંદાજિત કિંમત 70 થી 75 લાખ જેટલી થાય છે. આ અંગેની સોની પાસે ખરાઈ કર્યા બાદ ટ્રસ્ટમાં જમા લેવામાં આવ્યું છે અને ભેટની રકમ એકાઉન્ટ ઓફિસરની હાજરીમાં ગણીને ટ્રસ્ટના ચોપડે નોંધવામાં આવી છે.

માતાજીના ચરણોમાં એક કિલો સોનાનુ ધરનાર માઈભક્ત દ્વારા નામ જાહેર કર્યા વિના આ



ગુપ્ત દાન આપવામાં આવ્યું છે, આ ગુપ્ત દાન મળ્યાની માહિતી પણ વહીવટદાર દ્વારા મીડિયાને અપાઈ હતી.

## શબ્દોની સંતાકૂકડી 129

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | | ■ | 4 | 5 |
| 6 | | | ■ | 7 | | |
| 8 | | ■ | 9 | | ■ | |
| | ■ | 10 | ■ | 11 | 12 | ■ |
| ■ | 13 | | 14 | ■ | 15 | |
| 16 | ■ | 17 | | 18 | | ■ |
| ■ | 19 | | ■ | 20 | | |

**ઊભી ચાવી**

(1) દુશ્મનાવટ, વેર [4]
(2) પથરાળ ભેખડ [3]
(3) ઇટલી દેશની રાજધાની [2]
(4) ચોવીસ તસુનું લંબાઈનું માપ; હાથી [2]
(5) ચિનગારી [3]
(7) આંખ [3]
(10) ઇચ્છા, ઉમેદ [4]
(12) અહીં નટવર શબ્દો આડોઅવળો થયો છે [4]
(14) એક વિદેશી દારૂ [2]
(18) માછલું [2]

**આડી ચાવી**

(1) એક સૂકો મેવો [4]
(4) વીતી ગયેલું [2]
(6) એક ફળ [3]
(7) આંખમાં આંજવાની મેસ [3]
(8) મજબૂતી, તાકાત [2]
(9) આબરૂ, પ્રતિષ્ઠા [2]
(11) વિદ્યાશાખાનો વડો [2]
(13) બનાસકાંઠા જિલ્લાનો એક તાલુકો [3]
(15) અંગ્રેજીમાં એક એટલે [2]
(16) એક સંબોધક ઉદ્ગાર [1]
(17) રાસ-ગરબાની બોલાવાય [4]
(19) હવા નાખતું એક સાધન [2]
(20) કોઈ વસ્તુ ખરીદવા કરવો પડે [3]

**શબ્દોની સંતાકૂકડી-129નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 અ | 2 ખ | 3 રો | ટ | ■ | 4 ગ | 5 ત |
| 6 દા | ડ | મ | ■ | 7 આં | જ | ણ |
| 8 વ | ક | ■ | 9 શા | ખ | ■ | ખો |
| ત | ■ | 10 અ | ■ | 11 ડી | 12 ન | ■ |
| ■ | 13 ભા | ભ | 14 ર | ■ | 15 વ | ન |
| 16 હે | ■ | 17 ર | મ | 18 ઝ | ટ | ■ |
| ■ | 19 પં | ખો | ■ | 20 ખ | ર | ચ |

## સુડોકુ

કોયડો નં. 130

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | | | | 8 | 3 | | | |
| | | | 6 | 2 | | | | |
| | | 8 | | | | | 2 | 6 |
| 7 | | | | | 2 | 4 | | |
| 2 | | | 5 | 7 | | | | 3 |
| | | 4 | 1 | | | 2 | | |
| | | 7 | | | | | | 1 |
| | | | 7 | 6 | | | | |
| | | 5 | 3 | | | | | 2 |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-130નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 1 | 2 | 4 | 8 | 3 | 7 | 5 | 9 |
| 5 | 7 | 9 | 6 | 2 | 1 | 3 | 8 | 4 |
| 3 | 4 | 8 | 9 | 5 | 7 | 1 | 2 | 6 |
| 7 | 3 | 1 | 8 | 9 | 2 | 4 | 6 | 5 |
| 2 | 9 | 6 | 5 | 7 | 4 | 8 | 1 | 3 |
| 8 | 5 | 4 | 1 | 3 | 6 | 2 | 9 | 7 |
| 9 | 6 | 7 | 2 | 4 | 8 | 5 | 3 | 1 |
| 1 | 2 | 3 | 7 | 6 | 5 | 9 | 4 | 8 |
| 4 | 8 | 5 | 3 | 1 | 9 | 6 | 7 | 2 |

અનુસંધાન પેજ 10 પરથી...

## પક્ષપલટુ

કટ મોશન પર ચર્ચા દરમિયાન ગૃહમાંથી ગેરહાજર રહીને પાર્ટી વ્હીપનું ઉલ્લંઘન કરવા બદલ 6 સભ્યોને પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ અયોગ્ય ઠેરવવામાં આવ્યા હતા. જેમાં કોંગ્રેસના બળવાખોર ધારાસભ્યો સુધીર શર્મા, રવિ ઠાકુર, રાજીન્દર રાણા, ઈન્દર દત્ત લખનપાલ, ચેતન્ય શર્મા અને દેવિન્દર કુમારના નામ સામેલ છે. બાદમાં જ્યારે પેટાચૂંટણી યોજાઈ ત્યારે સુધીર શર્મા અને ઈન્દર દત્ત લખનપાલ જીતીને ગૃહમાં પાછા ફર્યા હતા. જોકે અન્ય ચાર સભ્યો પેટાચૂંટણી હારી ગયા હતા. આ સિવાય કોંગ્રેસના આ છ બળવાખોર ધારાસભ્યોએ 27 ફેબ્રુઆરીએ યોજાયેલી રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર હર્ષ મહાજનની તરફેણમાં મતદાન કર્યું હતું અને પાર્ટી વ્હીપનું ઉલ્લંઘન કર્યું હતું. જો નવું બિલ મંજૂર થશે તો આ બળવાખોર ધારાસભ્યો પણ સુધારેલા કાયદાના દાયરામાં આવશે.

## મણિપુરમાં

રાઈફલ, રિવોલ્વર, બે ટ્યુબ લોન્ચિંગ, ત્રણ હેન્ડ ગ્રેનેડ, એક ઈન્સાસ એલએમજી રાઈફલ, ટીયર ગેસના બે ડેટોનેટર અને કારતૂસો ભરેલા બોક્સ મળી આવ્યા હતા. RPG, રોકેટ લોન્ચર, AK-47, INSAS SLR એ એવા હથિયારો નથી જે સામાન્ય રીતે સામાન્ય ગુનેગારોને આપવામાં આવે છે, પરંતુ આવા ઘાતક હથિયારોનો ઉપયોગ સુરક્ષા દળો દ્વારા કરવામાં આવે છે. પર્વતોમાં રહેતા કુકી પ્રભુત્વવાળા વિસ્તારો અને ખીણમાં મેઈતેઈ પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાંથી પણ આવા હથિયારો જપ્ત કરવામાં આવ્યા છે.


મણિપુર પોલીસના જણાવ્યા અનુસાર, આધુનિક યુદ્ધમાં ડ્રોનનો ઉપયોગ કરવામાં આવે છે, પરંતુ તેનો નાગરિકો વિરુદ્ધ ઉપયોગ કરવાથી સામસામે નવી આક્રમકતા વધી રહી છે. મણિપુરના રહેવાસી અને કારગિલ યુદ્ધમાં મહત્વની ભૂમિકા ભજવનાર લેફ્ટનન્ટ જનરલ કોશાય હિમાલય કહે છે, “મણિપુરમાં સંઘર્ષ માત્ર વંશીય સંઘર્ષ નથી... આ સંઘર્ષ મેઈતેઈ-કુકી વંશીય સંઘર્ષથી પણ આગળ વધી ગયો છે. રાષ્ટ્રીય સુરક્ષાનો મામલો છે, “છેલ્લા 48 વર્ષમાં આપણા દેશની આંતરિક સુરક્ષા માટે ડ્રોન હુમલા સૌથી મોટી ચિંતા હોવા જોઈએ.”

ડ્રોન હુમલાની ટેકનોલોજી ક્યાંથી આવી, તે અંગે નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ હિમાલયા કહે છે, “આ આતંકવાદીઓ પીપલ્સ ડિફેન્સ ફોર્સ (PDF) સાથે ખૂબ જ નજીકના સંબંધો અને કડીઓ ધરાવે છે જે પાડોશી દેશ મ્યાનમારની સૈન્ય વિરુદ્ધ છે. PDF મ્યાનમાર સેના સામે હુમલા માટે ડ્રોનનો ઉપયોગ કરવા માટે જાણીતું છે. ત્યાં દરેક શક્યતા છે. ચીનમાં બનેલા આવા ડ્રોન મ્યાનમાર દ્વારા આ આતંકવાદીઓ સુધી પહોંચી રહ્યા છે, પરંતુ જે રીતે આ ડ્રોનને સ્થાનિક હથિયારોથી સજ્જ કરવામાં આવી રહ્યા છે, તેમાં વિદેશી શક્તિઓ પણ સામેલ હોવાની સંભાવના છે.

મણિપુર પર ડ્રોન હુમલાની અસર અંગે જોઈએ તો, કોશમ હિમાલય કહે છે, “અત્યાધુનિક શસ્ત્રો અને ડ્રોનનો ઉપયોગ કરીને બોમ્બ વિસ્ફોટ એ સમગ્ર મણિપુર માટે ખતરો છે અને આતંકવાદી હુમલાની નવી કવાયતની શરૂઆત છે. સુરક્ષા એજન્સીઓએ આ અંગે સતર્ક રહેવું જોઈએ, કારણ કે તે માત્ર મણિપુર માટે જ નહીં પરંતુ રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમી છે. “આતંકવાદીઓને જે રીતે અંજામ આપવામાં આવી રહ્યો છે તેના કારણે મોટો ખતરો હોઈ શકે છે. સુરક્ષા એજન્સીઓએ હવે આ સુરક્ષા પડકારોનો સામનો કરવો પડશે

.કુકી સમુદાયનો આરોપ છે કે મૈતેઇ સશસ્ત્ર સંગઠનોએ ખીણમાં અનેક પોલીસ સ્ટેશનોને લૂંટી લીધા અને રિઝર્વ બટાલિયનના મિનેશ ડેપોમાં લૂંટફાટ કરી અને હથિયારો લૂંટ્યા. આ હથિયારોની શક્તિનું પરીક્ષણ કરવા માટે, સુરક્ષા દળોએ અનેક ઓપરેશન હાથ ધર્યા હતા અને મોટી માત્રામાં જપ્ત કર્યા હતા. તેઓ ભારતના પડોશી દેશ મ્યાનમાર પાસેથી અત્યાધુનિક હથિયારો મેળવી રહ્યા છે. કોઓર્ડિનેશન કમિટીના મિત્ર સંગઠનોએ કહ્યું છે કે કુકી આતંકવાદીઓને મ્યાનમાર તરફથી ટ્રેનિંગ અને હથિયારો આપવામાં આવી રહ્યા છે. રાજ્યના મુખ્યમંત્રી બિરેન સિંહે પોતે આ આરોપ લગાવ્યો છે કે મ્યાનમારથી આવી રહેલા કુકી આતંકવાદી સંગઠનોને કારણે ભારતની રાષ્ટ્રીય સુરક્ષા માટે મોટો ખતરો છે.

# અંબાજી ગબ્બર ઉપર ફરીથી રીંછના આંટાફેરા,યાત્રિકોમાં ભયનું વાતાવરણ



ગુજરાત | વંદન

ગુજરાતના પ્રખ્યાત યાત્રાધામ અંબાજી ગબ્બર પર ફરી રીંછના આંટાફેરા જોવા મળ્યા છે. જેમાં લાખો યાત્રિકોની સુરક્ષા સામે સવાલ ઉભો થયો છે. બનાસકાંઠા જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે આવેલ માતાજીના ગબ્બર પાસે સીડીઓ ઉતરવાના રસ્તા ઉપર રીંછ જોવા મળ્યું હતું. લાખો યાત્રિકોની સુરક્ષા સામે સવાલ ઉભા થઈ રહ્યા છે. થોડા જ દિવસો બાદ ભાદરવી મહાકુંભ શરૂ થઈ રહ્યો છે. ત્યારે ગબ્બર આસપાસ આંટાફેરા કરતું રીંછ જોવા મળ્યું છે.

અંબાજીના ગબ્બર ખાતે 14 ઓગસ્ટના રોજ રાત્રિના સમયે રીંછ જોવા મળ્યો હતું. અંબાજી નજીક આવેલા ગબ્બર પર્વતના 51 શક્તિપીઠ પરિક્રમા પથ પર 15 ઓગસ્ટના રાત્રીના સમયે સતત બીજા દિવસે પણ રીંછ આવ્યું હતું. 51 શક્તિપીઠ પરિક્રમાના મંદિર ખાતે પરિક્રમા પથ ઉપર રીંછના આંટાફેરા થતા જોવા મળ્યા હતા. ઓગસ્ટમાં રાત્રિના સમયે અંબાજીના ગબ્બર ખાતે રીંછ આવતા સિક્યુરિટી ગાર્ડમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. તો સાથે સાથે દર્શનાર્થે આવતા માઈ ભક્તોની સુરક્ષા સામે પણ સવાલ ઉભા થઈ રહ્યા છે.

ગબ્બર ખાતે દિવસે માઈ ભક્તો મોટી સંખ્યામાં પરિક્રમા કરે છે અને આ વિસ્તારમાં અનેકો જંગલી જાનવરો વસવાટ કરે છે. આ વિસ્તારમાં ગબ્બર બાલારામ અભયારણ આવેલું છે. જેથી આ વિસ્તારમાં રીંછ સહિત અનેકો જંગલી જાનવરો વસવાટ કરે છે. ગઈકાલે રાત્રે ફરજ બજાવતા સિક્યુરિટી ગાર્ડ દ્વારા રીંછ દેખતા વીડિયો બનાવવા આવ્યો હતો અને આ વીડિયો હાલમાં સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે.

અનુસંધાન પેજ 07 પરથી...

## વિવાદોથી

પાડે છે અને ઠપકો આપે છે. સેબી ચીફ પણ જાહેરમાં અપમાન કરે છે. તેમનો આરોપ હતો કે સેબીમાં છેલ્લા બે-ત્રણ વર્ષથી ઝેરી વાતાવરણ છે. વર્ક કલ્ચર બગડ્યું છે. કર્મચારીઓએ આ પત્ર નાણા મંત્રાલયને 5 પેજમાં આપ્યો હતો.

જેના જવાબમાં સેબીએ એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી જેમાં કર્મચારીઓને ‘બાહ્ય તત્વો દ્વારા ગેરમાર્ગે દોરવામાં આવતા’ તરીકે વર્ણવવામાં આવ્યા હતા, જેના કારણે કર્મચારીઓએ મુંબઈમાં પ્રદર્શન કર્યું હતું અને માધવી પુરી બુચના રાજીનામાની માંગ કરી હતી. આ તમામ આરોપો બાદ સેબીના વડા માધવી પુરી બુચ ચારે બાજુથી ઘેરાયેલા જોવા મળી રહ્યા છે. અને હવે સંસદની સમિતિ સમક્ષ હાજર થવુ પડશે અને જે આરોપો મૂકવામાં આવ્યાં છે તેનો જવાબ આપવો પડશે. દેખીતી રીતે જ આ સમિતિમાં કોંગ્રેસના પણ સભ્યો છે જેઓ તેમને ઘેરવાનો પ્રયાસ કરી શકે.

## હેલ્થ વીમા

આ ચાર વિકલ્પો સરકારી તિજોરી પર અનુક્રમે રૂ. 3,495 કરોડ, રૂ. 1,730 કરોડ, રૂ. 2,110 કરોડ અને રૂ. 645 કરોડનો બોજ લાદી શકે છે. એવું માનવામાં આવે છે કે સમિતિએ આ બાબતે નિર્ણય લેવાનું કાઉન્સિલ પર છોડી દીધું છે.જીવન વીમા પ્રિમીયમ પર GSTમાંથી મુક્તિના સંદર્ભમાં, સમિતિએ માત્ર શુદ્ધ મુદતની વ્યક્તિગત જીવન પૉલિસીઓ અને રિઈન્શ્યોરર્સ માટે જ મુક્તિની ભલામણ કરી છે. તેનાથી સરકારને 213 કરોડ રૂપિયાની આવકનું નુકસાન થશે.

જો કે, સમિતિએ એવું પણ સૂચન કર્યું છે કે જીવન વીમામાં ઉપલબ્ધ કોઈપણ કર મુક્તિનો લાભ વીમા કંપનીઓ દ્વારા પોલિસીધારકોને આપવામાં આવે.

નાણાકીય વર્ષ 2022-23 માટે નાણાકીય સેવાઓ વિભાગના ડેટાને ટાંકીને સમિતિએ જણાવ્યું હતું કે ભારતમાં કુલ સ્વાસ્થ્ય વીમા પ્રીમિયમ આશરે રૂ. 90,032 કરોડ છે. આમાં વ્યક્તિગત સ્વાસ્થ્ય વીમા સેગમેન્ટનો હિસ્સો રૂ. 35,300 કરોડ (કુલ સ્વાસ્થ્ય વીમા પ્રિમિયમના 39.21 ટકા) છે. 18 ટકાના વર્તમાન દરે વ્યક્તિગત સ્વાસ્થ્ય વીમા પ્રિમિયમમાંથી કુલ રૂ. 6,354 કરોડનો GST એકત્ર કરવામાં આવ્યો હતો.

નાણા મંત્રાલય હેઠળના નાણાકીય સેવાઓના વિભાગે GSTમાં ઘટાડો કરવાની માંગ કરતા કહ્યું કે ટેક્સ દર ઘટાડવાથી પ્રીમિયમની કિંમતમાં ઘટાડો થશે જે લોકોને સ્વાસ્થ્ય વીમો ખરીદવા માટે પ્રોત્સાહિત કરશે અને દેશમાં સ્વાસ્થ્ય વીમાની પહોંચ વધારવામાં પણ મદદ કરશે.

વિભાગનું માનવું છે કે આ પગલાથી વીમો લેનારા લોકોની સંખ્યામાં વધારો થશે, જે GST આવકમાં પ્રારંભિક તંગીની ભરપાઈ કરશે. આ પગલું દરેક નાગરિકને ન્યૂનતમ સામાજિક કવરેજ આપવાના કેન્દ્ર સરકારના પ્રયાસને અનુરૂપ છે અને 2047 સુધીમાં ‘બધા માટે વીમો’ના વિઝનને અનુરૂપ છે.

## સિંગાપોરના

ચિપ્સ બનાવવામાં પોતાની ઓળખ બનાવી રહ્યું છે. સિંગાપોર સરકારના જણાવ્યા અનુસાર, દેશના જીડીપીમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગનો હિસ્સો 7-8 ટકા છે. તે વૈશ્વિક સેમિકન્ડક્ટર સેક્ટરમાં 10 ટકા માંગ પૂરી કરે છે. અગાઉ, આ અઠવાડિયે કેબિનેટે ભારતમાં પાંચમા સેમિકન્ડક્ટર યુનિટની સ્થાપનાને મંજૂરી આપી હતી. આ એકમ સ્થાપિત કરવા માટે રૂ. 3,307 કરોડનો ખર્ચ થશે, જે દરરોજ 60 લાખ ચિપ્સનું ઉત્પાદન કરશે.

કૌશલ્ય વિકાસ, ડિજિટલાઈઝેશન, ગતિશીલતા, અદ્યતન ઉત્પાદન, સેમિકન્ડક્ટર્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), હેલ્થકેર, ટકાઉપણું અને સાયબર સુરક્ષામાં બંને દેશો વચ્ચેની ભાગીદારી આ મિકેનિઝમની ઓળખ બની ગઈ છે. ભારતનું પ્રથમ તિરુવલ્લુવર સાંસ્કૃતિક કેન્દ્ર સિંગાપોરમાં ખોલવામાં આવશે.

## RBIનો

“અમારે ડિસફ્લેશનના છેલ્લા તબક્કામાં સફળતાપૂર્વક નેવિગેટ કરવાની અને લવચીક ફુગાવાના લક્ષ્યાંક (FIT) ફ્રેમવર્કની વિશ્વસનીયતા જાળવી રાખવાની જરૂર છે, જે એક મુખ્ય માળખાકીય સુધારણા છે. ભાવ સ્થિરતા જાળવી રાખીને સતત વૃદ્ધિ જાળવી રાખવા માટે નાણાકીય નીતિ માટે શ્રેષ્ઠ યોગદાન રહેશે.

## અમેરિકન

કહ્યું, ‘આ પ્રથમ વખત છે જ્યારે યુએસ મિશન આ રીતે ભંડોળનું પ્રતિનિધિમંડળ કોઈ દેશમાં મોકલી રહ્યું છે. ભારતનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્ર સ્વચ્છ ઉર્જા, શહેરી આયોજન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડીકાર્બોનાઈઝેશન, બંદરો, ઉડ્ડયન, આરોગ્યસંભાળ અને ફાર્મા જેવા ક્ષેત્રોમાં અપાર તકોનું પ્રતિનિધિત્વ કરે છે.

અમારો ઉદ્દેશ્ય આ પેન્શન ફંડના પ્રતિનિધિઓને ભારતમાં રહેલી તકોથી વાકેફ કરવાનો છે. વૈશ્વિક કંપનીઓ કોઈપણ એક દેશ પર નિર્ભરતા ઘટાડીને અને અલગ-અલગ સ્થળોએ તેમના ઉત્પાદન કેન્દ્રો સ્થાપીને તેમની સપ્લાય ચેઈનને મજબૂત કરવાનો પ્રયાસ કરી રહી છે.

હેન્કીએ કહ્યું, ‘કંપનીઓ જે રીતે આ નિર્ણય લઈ રહી છે તેને ધ્યાનમાં રાખીને પણ રોકાણ કરવામાં આવશે.

ભારત તે દેશોમાંનો એક છે જ્યાં કંપનીઓ તેમના રોકાણનું સ્થળ શોધી શકે છે.

યુએસ સંસ્થાકીય રોકાણકારો ભારતમાં પહેલેથી જ $50 બિલિયનનું રોકાણ ધરાવે છે. યુએસ સરકારે તેના ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશન દ્વારા દેશમાં લગભગ $4 બિલિયનનું રોકાણ કર્યું છે.હેન્કીએ જણાવ્યું હતું કે, “તમામ રોકાણના નિર્ણયો વ્યક્તિગત ફંડ એડમિનિસ્ટ્રેટરો દ્વારા તેમની પોતાની વિવેકબુદ્ધિથી લેવામાં આવશે.” ફંડના આ અધિકારીઓ ભારતીય બજારનું મૂલ્યાંકન કરશે અને તેમની વ્યૂહરચના અને જોખમ અનુસાર નિર્ણય લેશે.દાસે આ કાર્યક્રમમાં કહ્યું કે ભારત સતત વિકાસના પંથે આગળ વધી રહ્યું છે. તેમણે કહ્યું કે જીડીપીના આંકડા અપેક્ષા કરતા ઓછા છે કારણ કે રાજ્યો અને કેન્દ્રનો ખર્ચ અટકી ગયો હતો.

કદાચ લોકસભાની ચૂંટણીને કારણે આવું બન્યું છે. સરકારના ઉપભોગ ખર્ચને બાજુ પર રાખીને જીડીપી વૃદ્ધિ 7.4 ટકા રહેશે. ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ એપ્રિલ-જૂન ક્વાર્ટર દરમિયાન વૃદ્ધિ દર 6.7 ટકા રહ્યો છે, જે અપેક્ષા કરતાં ઓછો છે.

તેમણે કહ્યું, ‘વૃદ્ધિના બે મુખ્ય ચાલકો વપરાશ અને રોકાણની માંગમાં વધારો કરી રહ્યા છે. બજેટ અનુમાન મુજબ કેન્દ્ર અને રાજ્યોનો ખર્ચ આગામી ક્વાર્ટરમાં વધશે. દાસ કહે છે કે ઉચ્ચ સ્થાનિક વપરાશ અર્થતંત્રને બાહ્ય અનિશ્ચિતતાઓથી બચાવશે.

તેમણે કહ્યું કે, ‘અર્થતંત્રની ટકાઉ વૃદ્ધિ માટે રોકાણ મહત્વપૂર્ણ છે અને વર્તમાન સાનુકૂળ પરિબળોને જોતાં, ખાનગી ક્ષેત્ર માટે આ દિશામાં મોટા પાયે આગળ આવવાનો આ યોગ્ય સમય છે.’

## ઓટો સેક્ટરઃ

FADAના પ્રમુખ મનીષ રાજ સિંઘાનિયાએ જણાવ્યું હતું કે, “અતિશય વરસાદને કારણે ગ્રામીણ બજારમાં ગ્રાહકોના સેન્ટિમેન્ટને અસર થઈ હતી, જેના કારણે ખાસ કરીને ટુ-વ્હીલરના વેચાણમાં ઘટાડો થયો હતો.

અમે આખા વર્ષ માટે છૂટક વાહનોના વેચાણમાં 6 ટકા વૃદ્ધિનો અંદાજ લગાવીએ છીએ. ભારતમાં ઓગસ્ટમાં 15.9 ટકા વધુ વરસાદ નોંધાયો હતો, જેમાં ઉત્તર-પશ્ચિમમાં 31.4 ટકા વધુ વરસાદ, પૂર્વ અને ઉત્તર-પૂર્વમાં 7.2 ટકા વધુ વરસાદ અને મધ્ય ભારતમાં 17.2 ટકા વધુ વરસાદનો સમાવેશ થાય છે.

દ્વીપકલ્પ પ્રદેશમાં વરસાદ 1.3 ટકા ઓછો હતો. ચોમાસાની શરૂઆત ભારે ગરમી સાથે થઈ હતી, જેણે વાર્ષિક વરસાદમાં વિલંબ કર્યો હતો અને ત્યારબાદ ભારે વરસાદ થયો હતો, જેના કારણે ઘણી જગ્યાએ પૂર પણ આવ્યું હતું.અતિશય વરસાદ અને પૂરના કારણે ટુ-વ્હીલરનું વેચાણ માસિક ધોરણે 7.29 ટકા ઘટ્યું હતું પરંતુ એક વર્ષ અગાઉની સરખામણીમાં 6.28 ટકા વધ્યું હતું.

માર્કેટ લીડર્સ હીરો મોટોકોર્પ અને હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા (352,605 વાહનો) વચ્ચેના વેચાણમાં તફાવત નજીવો હતો.

અનુસંધાન પેજ 07 પરથી...

## ખાટલાકોર્ટે...

કૂતરા અંગે તું સું કહેવા માગે છે?’ કેન્ટ અંકલે સામેથી જ આ વાત છેડી એટલે મારું કામ સરળ થઈ ગયું, નહિ તો મારે ફેરવી ફેરવીને તેમને આ વાત ઉપર લાવવા પડત! મેં કહ્યું, ‘અંકલ, મેં રાત્રે કહ્યું હતું કે એ આલ્શેશિયન જેવું લાગે છે, પણ હવે મારે કહેવું પડશે કે તે આલ્શેશિયન જ છે.’

‘એ તને જેવું કે જે લાગે તે ખરું, પણ મારા માટે તો એ કૂતરું માત્ર હતું, છે અને હવે નહિ રહે; કેમ કે તેની હયાતીનો આજે છેલ્લો દિવસ છે. તને હું પડકારું છું કે તું મને રોક સકે તો રોક!’ કેન્ટ અંકલે તો જાણે મારા સામે યુદ્ધ જાહેર કરી દીધું!

‘પણ અંકલ, તેની એક જ વખતની તમને ન ગમતી હરકત બદલ તમારે આવું ક્રૂર પગલું ન ભરવું જોઈએ!’

‘અલ્યા, એક જ વખતની નહિ; પણ ઉનાળો બેઠો ત્યારની દરરોજ રાત્રિએ બબ્બે ત્રણત્રણ વખતની તેની ગંદી હરકતે મારી રાત્રિઓની ઊંઘ હરામ કરી દીધી છે. એ તો તું ગઈકાલે જ તારા સહેરથી આવ્યો અને તને રાત્રે એક જ વાર અમારી ધમાચકડી જોવા મળી, એટલે તને તેના ઉપર દયા ઉભરાઈ આવે છે. બેટા, ગઈ રાત્રે જ તારા ઊંઘી ગયા પછી પણ મારે બેત્રણ હડીઓ કાઢવી પડી હતી!’

‘ઓહ, તો આપ કી યહ પુરાની દુશ્મની હૈ!’

‘જો અસોક, હું તારા ઘરે બેઠો છું એ મારી મર્યાદા છે અને તું એ તુચ્છ કૂતરાની જાત માટે મારા સામે મેદાને પડવા જઈ રહ્યો છે તેનું મને ભારોભાર દુ:ખ છે. આમ છતાં ય દુસ્મન અથવા દુસ્મનના તારા જેવા વકીલની વાત એકવાર સાંભળી લેવાની મારી ફરજ છે. બોલ તારા અસીલના બચાવ માટેની તારી સી દલીલ છે?’

કાકો કંઈ અંગુઠાછાપ ન હતો, જૂની મેટ્રિક પાસ હતો. તેમણે તો મારા ખાટલાને કોર્ટમાં તબદિલ કરી દીધો. એ તો મારું મહેલ્લાના છેડા ઉપરનું અમારું વધારાનું પડતર ઘર હતું, જ્યાં વેકેશનમાં હું અભ્યાસ કરતો હતો અને રાત્રે સૂતો હતો; નહિ તો મારી ખાટલાકોર્ટે શ્વાનખટલો સાંભળવા અમારા આગળ પ્રેક્ષકવૃંદનો જમાવડો થઈ ગયો હોત!

‘જુઓ વડીલ, મારી દલીલ એ છે કે એ બિચારાને તમારી જ સાથે સહશયન કરવાની આદત પડી ગઈ છે, તે બતાવી આપે છે કે તે હાલનું દેશી નહિ, પણ પૂર્વજન્મનું વિલાયતી કૂતરું છે. વળી ઋણાનુબંધ પ્રમાણે તેનું તમારા તરફનું આકર્ષણ એ બતાવે છે કે તમે તેના અગાઉના કોઈક જન્મ વખતના માલિક હશો જ!’

‘જો અસોક, મારા આગળ તારો જીભનો જાદુ ચલાવીને મારા ધ્યેયમાંથી તું મને ડગાવીશ નહિ. હું બેપગો ઘોડો છું અને બચકું ભર્યા પછી માંસનો લોચો કાઢ્યા સિવાય મારાં જડબાંને પહોળાં કરી શકીશ નહિ. મારી ભીષ્મપ્રતિજ્ઞા સાંભળી લે, કાં તો તે નહિ અને કાં તો હું નહિ, સમજ્યો?’

આમ કહેતાં કેન્ટ અંકલનો નીચલો હોઠ ફરક્યો. મને સમજતાં વાર ન લાગી કે તેઓ ખરેખર ક્રોધાવેશમાં આવી ગયા હતા! મને તેમના ગુસ્સામાં તથ્ય પણ લાગ્યું, કેમ કે હું સમજી શકું છું કે જે માણસને ઉનાળાની રાત્રિની ઠંડક થયા પછીની ઘેરી ઊંઘ માણવાનો અનેરો લ્હાવો લેવાના બદલે એક કૂતરા પાછળ આખી રાત દોડાદોડી કરવી પડતી હોય તે આમ જ રીએક્ટ કરે!

‘કાકા મારા, હાલ તો તમારા સામે બેઠેલો હું તમારો દોસ્ત છું અને તમારો દુશ્મન તો તમારાથી છુપાઈને ક્યાંક ખૂણામાં ભરાઈ પેઠો હશે. મને ડર લાગે છે કે તમે મારા ઉપર તો ગુસ્સો નહિ ઠાલવો?’

‘એ માટે તો તું નિશ્ચિંત રહેજે. કોર્ટના મુકદ્દમાઓમાં વકીલોને પ્રતિપક્ષના અસીલો કંઈ મારવા ધસી જતા નથી હોતા! હવે સીધી વાત ઉપર આવ અને તારો ઋણાનુબંધનો તુક્કો મને સમજાવ.’

‘જુઓ કેન્ટ અંકલ, તમે એક વાત તો સ્વીકારશો જ કે માનવજાતના ધર્મ અને માન્યતાઓના વિવાદોને વિજ્ઞાને ઉકેલી આપ્યા છે. હાલમાં માણસનું ડી.એન.એ. પારખવા અને સમજવા માટે ઘણાં સંશોધનો થઈ રહ્યાં છે. મારા એક કોલેજિયન મિત્રે માત્ર કુતૂહલ ખાતર તેનો ડી.એન.એ. ટેસ્ટ કરાવ્યો, તો તેના વડવાઓનું મૂળ સ્વીટઝર્લેન્ડ સુધી પહોંચ્યું. મેં તમને અનાયાસે કેન્ટ અંકલ તરીકે સંબોધવાનું શરૂ કર્યું, તેમાં પણ મને કુદરતનો ભેદ સમજાય છે કે તમારું મૂળ કેન્ટોના કોઈક દેશમાં હોવું જોઈએ. તમારું વિવાદિત કૂતરું બીજા કોઈ સાથે નહિ અને માત્ર તમારી સાથે જ સૂવાનો એક નિર્દોષ અધિકાર પામવા માટે આજે તેના જાનની બાજી ખેલી રહ્યું છે. તે કંઈ તમારી પાસે શેમ્પુથી સ્નાન કરાવવા, કોટન બડ્ઝથી તેના કાન સાફ કરાવવા, નેઈલ કટરથી તેના નખ કપાવવા, મોંઘાંદાટ પેટ બિસ્કીટ્સ કે નોનવેજ ટીનપેક્સનો આહાર આરોગવા, ગળે પટ્ટો કે ચેઈનના શણગાર સજાવવા કે એવી કોઈપણ જાતની અપેક્ષા રાખતું નથી. મહેલ્લામાં કેટલાં ય માણસો છે, હારબંધ કેટલા ય ઢોલિયાઓ છે અને છતાં ય તમારા તરફ જ તે આકર્ષાય છે, તેને ઋણાનુબંધ નહિ કહો તો કયો બંધ કહેશો; ભાખરા-નાંગલ બંધ, નર્મદા બંધ કે ભાઈબંધ?’

કેન્ટ કાકો મારા છેલ્લા વિધાનથી બેવડ વળીને એવો ખડખડાટ હસ્યો કે તેમની આંખોમાં પાણી આવી ગયાં. તેમના હસવામાં હું ય ભળ્યો અને અમે બંને જણા કેટલા ય સમય સુધી પાગલોની જેમ હસતા રહ્યા. સદનસીબે અમારી એકાકી જગ્યા હતી, નહિ તો અમે લોકોના કુતૂહલનો વિષય બની રહેત!

છેવટે અમને હસવામાંથી કળ વળી, ત્યારે તેમણે એટલું જ કહ્યું કે, ‘અલ્યા અસોકિયા, તું તો જીભનો જાદુગર નીકળ્યો! તેં તારા અસીલ પરત્વેના મારા ગુસ્સાને એવો તો ઠંડો પાડી દીધો કે તે હવે બરફ બની ગયો છે. હવે હું તારા અસીલને અભયદાન તો આપીસ; પણ મને રસ પડ્યો છે, તારી ડી.એન.એ.વાળી વાતમાં!’

‘તમે માનો કે ન માનો પણ ડી.એન.એ.ના પ્રતાપે ઘણા સમુદાયોના ઘમંડ ઓગળી ગયા છે. અમારો દેશ, અમે જ અહીંના મૂળ રહેવાસી એવી ભ્રામક વાતોને બુદ્ધિજીવીઓએ સાચી રીતે સમજી લીધી છે. સંશોધનો તો એમ કહે છે કે નજીકના ભૂતકાળમાં પારસીઓએ જેમ ઈરાનથી ભારતમાં સ્થાનાંતર કર્યું તેમ અગાઉ કેટલા ય સમુદાયો અહીં આવી વસ્યા છે અને કેટલાયે પરદેશગમન કરી ચૂક્યા છે. ઉત્તર ભારતીય બધા આગંતુકો છે, અહીંના મૂળ વતનીઓ તો સાઉથ ઈન્ડિયન જ છે. હાલમાં પણ ગ્લોબલાઈઝેશન એવું નિમિત્ત બન્યું છે કે દુનિયાના મોટા ભાગના દેશો અમેરિકા કે ઈંગ્લેન્ડની જેમ વસાહતીઓના દેશ બની રહ્યા છે. કહેવાય છે કે આપણા રબારીબંધુઓ અરબસ્તાનથી અહીં આવી વસ્યા છે. સાઉદી અરેબિયાના બદુઓ તરીકે ઓળખાતા એ ગ્રામ્યવિસ્તારના લોકોની રહેણીકરણી તેમના જેવી જ છે. એક સમુદાયે આપણા ત્યાં ઈજિપ્તથી આગમન કર્યું છે, તો બિચારા આફ્રિકનો ગુલામ બનીને વિદેશોમાં વેચાયા અને યુરોપ-અમેરિકાના વતની બન્યા. આપણા ત્યાં રાજસ્થાનના જેસલમેરમાં દરવર્ષે હિપ્પી જેવા જે વિદેશીઓ આવે છે, તેમનું માનવું છે કે તેમના પૂર્વજો અહીંના હતા.’

‘અલ્યા અસોક, તું તો ઘણું બધું જાણે છે. આ તારા ભણવામાં આવે છે કે તું બહારનું વાંચન કરે છે?’

‘કેન્ટ અંકલ, આ બધું મેં તમને હમણાં કહ્યું ને તે મારા મિત્ર પાસેથી સાંભળેલું છે. તે આ વિષયમાં ખૂબ ઊંડો ઊતર્યો છે. હવે મૂળ વાત ઉપર આવીએ. બોલો અંકલ, હવે આપણે પેલા આલ્શેશિયનનું શું કરવાનું છે?’

‘તું કહે તેમ, પણ એ મારા ભેગું સૂએ એ તો હરગિજ નહિ ચાલે. બીજું એ કે તેને ઘરમાં તો પ્રવેસવા ન જ દેવાય; કેમ કે તું તારી કાકીને સારી રીતે જાણે છે, એ અમને બેઉને ઘર બહાર તગેડી મૂકે.’ આમ બોલતાં કેન્ટ અંકલ મલકી પડ્યા.

‘તો વડીલ, એ શ્વાન મહારાજની તમારા સાથેની સહશયનની સમસ્યાનો ઉકેલ લાવવાનો છે, ખરું કે?’ ‘હા, પણ એ ઉકેલ માત્ર અહિંસક નહિ જ નહિ, સદભાવપૂર્ણ પણ હોવો જોઈએ. આપણે તેને જાકારો નથી આપવો. તેને આપણા મહેલ્લાના તમામ નાગરિક અધિકાર મળી રહેવા જોઈએ અને મારા ભેગું ન સૂએ તે જ પ્રસ્ન હલ થવો જોઈએ.’

એવામાં સાતેક વર્ષનું એક છોકરું અમારી આગળથી પસાર થતું હતું. મેં તેને બોલાવીને પૂછ્યું, ‘દીકરા, તું આ ગરમીની રાત્રિઓમાં બહાર સૂએ છે કે?’ ‘હા.’

‘હવે કોઈ કૂતરું તારા ભેગું વારંવાર આવીને સૂઈ જતું હોય તો તું શું કરે?’

‘શું કરવાનું, વળી? પથારી ઉપાડી લઈને ઘરમાં પંખા નીચે સૂઈ જવાનું!’ છોકરાએ ત્વરિત જવાબ આપી દીધો.મેં કહ્યું, ‘જા બેટા, તારા ભેરુડાઓ સાથે રમ, હોં.’એ છોકરાના ગયા પછી મેં સૂચક નજરે અને મલકતા મુખે કેન્ટ અંકલ સામે જોયું. તેમણે ઊભા થઈને મારી પીઠ ઉપર ધબ્બો મારતાં કહ્યું, ‘લુચ્ચા!’

વલીભાઈ મુસા|Opinion
સૌજન્યથી

અનુસંધાન પેજ 12 પરથી...

## બોલ માડી

અંબાજીમાં. મંદિરને લઈટોથી જગમગાટ કરી શણગારવામાં આવ્યું છે. ભારતભરમાંથી ભાદરવી પૂનમે ભક્તો દર્શન માટે પગપાળા આવી પહોંચશે. પગપાળા સંઘોએ અંબાજી તરફ જવા શરૂ થઈ ગયા છે. રસ્તાઓ બોલ ‘મારી અંબે, જય જય અંબે’ ના નાદથી ગુંજી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, અરવલ્લીની ગિરિમાળા વચ્ચે આવેલું તીર્થધામ અંબાજી 51 શક્તિપીઠોમાંનું એક છે. તંત્ર- ચુડામણીમાં આ ૫૧ શક્તિપીઠોનો ઉલ્લેખ જોવા મળે છે. આ સર્વે શક્તિપીઠોમાં આરાસુરના અંબાજી ખાતે આવેલ શક્તિપીઠ પ્રાચીન શક્તિપીઠોમાં શીરમોર સમાન છે કારણકે અહીં માનું હૃદય પડ્યું હતું.

અંબાજી મંદિર બેઠા ઘાટનું, અહી વિસા યંત્રની પૂજા થાય છે.અંબાજી માતાનું મૂળ મંદિર બેઠા ઘાટનું છે. વિશાળ મંડપ અને ગર્ભગૃહમાં માતાજીનો ગવાક્ષ ગોખ છે. અહીં મૂર્તિના સ્થાને વિસા યંત્રની પૂજા થાય છે. આરસની તકતી ઉપર સુવર્ણ જડિત યંત્રને મુગટ તથા ચુંદડી સાથે સિંહ, વાઘ, હાથી, નંદી, ગરૂડ જેવા વિવિધ વાહનો સાથે શણગાર કરવામાં આવે છે જેથી માતાજીની મૂર્તિ હોવાનો ભાસ થાય છે. આ યંત્ર કર્મ પૃષ્ઠવાળું સોનાનું છે અને યંત્રમાં એકાવન અક્ષર હોવાનું પ્રમાણ છે. યંત્ર સ્થાન નજરથી જોવાનો નિષેધ હોય આંખે પાટા બાંધી યંત્ર પૂજા કરવામાં આવે છે. દર મહિનાની આઠમે યંત્રની પૂજા થાય છે. આ યંત્ર કલ્પવૃક્ષ સમાન ગણાય છે. મંદિરની સામેની બાજુમાં ચાચરચોક આવેલો છે. અંબાજી માતા ચાચરના ચોક વાળી માતા તરીકે પણ જાણીતા છે. અહીં ચોકમાં હોમ હવન કરાય છે.

અંબાજી મંદિરમાં મા અંબાના સવાર, બપોર, અને સાંજે ત્રણ સ્વરૂપ હોય છે માતાજીનું સવારનું સ્વરૂપ બાળસ્વરૂપે દેખાય છે, મધ્યાહને યુવતી સ્વરૂપે અને સાંજે વૃદ્ધા સ્વરૂપે દેખાય છે.

મા અંબા ની સાતે દિવસ અલગ અલગ સવારી હોય છે.માતાજીની સાતેય દિવસની સવારી અલગ અલગ હોય છે. રવિવારે વાઘ સવારી, સોમવારે નંદી સવારી, મંગળવારે સિંહ સવારી, બુધવારે ઊંચી સૂંઢના હાથીની સવારી, ગુરુવારે ગરુડ સવારી, શુક્રવારે હંસ સવારી અને શનિવારે નીચી સૂંઢના હાથી (ઐરાવત)ની સવારીમાં મા દ્રશ્યમાન થાય છે.

અંબાજી ભાદરવી પૂનમનો મહા મેળો સાત દિવસ ચાલશે, ભાદરવા સુદ નોમ થી ભાદરવા સુદ પૂનમ સુધી આ મેળો યોજાશે. લાખોની સંખ્યામાં ભક્તો મા અંબાના દર્શને આવશે.

## એક એવા

ગાયન, વાદન અને અભિનયથી હું શિક્ષણ સરળ બનાવું છું કારણ કે સંગીત એ ગહન વિષયને સહજ બનાવી દે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિના મહત્વ અંગે જણાવતા ચંદ્રેશકુમારે જણાવ્યું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020થી સોનાનો સૂરજ ઉગ્યો છે. આ નીતિમાં ચેપ્ટર 4.7 અંતર્ગત કલાના માધ્યમથી અધ્યયનને આનંદપ્રદ બનાવવાની વાત છે. ચેપ્ટર 4.8માં રમતગમતના માધ્યમથી શિક્ષણ અને બાળકોના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની વાત કરવામાં આવી છે. આ અભિગમથી હું જે ઈનોવેટિવ કાર્ય કરતો હતો તેને આગળ લઈ જવા માટે મને નવી ઊર્જા અને પ્રેરણા મળી છે. ભારતના સાંસ્કૃતિક મૂલ્યોને સાથે લઈને બાળકોના વર્તમાન અને ભવિષ્યને નિર્ધાર કરવાની દિશામાં આ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

બાઢડાપરા પ્રાથમિક શાળાના પરિસરમાં ભાષાને સાંભળીને શીખવાના અભ્યાસ તરીકે, વર્ગખંડની બહાર સ્પીકર પર અમુક સમયે અંગ્રેજી કવિતાઓ વગાડવામાં આવે છે. એ કવિતાઓ સાંભળીને બાળકો અંગ્રેજી ભાષા વધુ સારી રીતે શીખી રહ્યા છે. તે સિવાય વૃક્ષની ડાળીઓ અને કેરમની કુકરીઓ પર મૂળાક્ષરો લખીને નવીન પ્રયોગો કરવામાં આવ્યા છે.

આ મૂળાક્ષરો બાળકોની નજરમાં પડે તો તેમના મસ્તિષ્કમાં તે સરળતાથી અંકિત થાય છે અને તે શીખવામાં પણ તેમને રસ પડે છે. બાળકોના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે વિવિધ રમતગમત પ્રવૃત્તિઓ અને હોમવર્કમાં લેખન અને વાંચન સાથે સાંભળીને બોલવાનું અને અભિનયનું કાર્ય પણ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેના આ પ્રયોગોથી સારા પરિણામો જોવા મળી રહ્યા છે.

## મકરબાનો

કામના તેને 4 લાખ રૂપિયા મળી જશે. જોકે તેમને પ્લોટ તો વેચી નાખ્યો અને આ એક્ટિંગ કરનારો હમશકલ પણ ત્યારે નહોતો પકડાયો પરંતુ જ્યારે આ પ્લોટ રિસેલમાં આવ્યો ત્યારે જે ઓરિજિનલ માલિક મહેતા પરિવાર હતા તેની સાથે જ ડિલ શેર થઈ હતી. તેમને જાણ થઈ કે આ તો મારો પ્લોટ છે એ કેવી રીતે બારોબાર રિસેલિંગમાં આવી ગયો છે. જેથી કરીને તેમને પોલીસ ફરિયાદ કરી અને બાદમાં કમિશનરે પણ તાત્કાલિક આ સ્કેમનો પર્દાફાશ કરવા ટકોર કરતા આખી ટોળકીનો ભાંડો ફૂટ્યો હતો.

# ક્યારે સુધરશે KKRનો આ સ્ટાર ક્રિકેટર? એકવાર પ્રતિબંધ છતાં ફરી એ જ હરકત કરી

ગુજરાત | વંદન

દુલીપ ટ્રોફીમાં ઝડપી બોલર હર્ષિત રાણા ભારત-D ટીમ તરફથી રમી રહ્યો છે. તેણે ભારત-C વિરુદ્ધની મેચમાં ટીમના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડને આઉટ કર્યો હતો. આ મેચમાં ગાયકવાડે નિરાશાજનક પ્રદર્શન કર્યું હતું. તે માત્ર 5 રન કરી આઉટ થઈ ગયો હતો.

5 સપ્ટેમ્બરથી શરૂ થયેલ આ ચાર દિવસીય મેચ અનંતપુરના રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ સ્ટેડિયમમાં યોજાઈ રહી છે. આ મેચ દરમિયાન ગાયકવાડને આઉટ કરતા જ હર્ષિત રાણાએ 'ફ્લાઈંગ કિસ' કરીને સેલિબ્રેશન કર્યું હતું.

હર્ષિત રાણાએ IPL 2024 માં 23 માર્ચે સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની મેચમાં મયંક અગ્રવાલને આઉટ કર્યા પછી ત્યારે તેને આ જ રીતે ફ્લાઈંગ કિસ આપી હતી. તેના આ વર્તનને લઈને તેના પર મેચ ફીના 60 ટકા કાપવામાંનો દંડ ફટકારવામાં આવ્યો હતો. હર્ષિતે 29 એપ્રિલે દિલ્હી કેપિટલ્સ સામેની મેચમાં ફરીથી આ વર્તનનો પુનરાવર્તન કરવાનો પ્રયાસ કર્યો હતો. આ કારણે તેના પર એક મેચનો પ્રતિબંધ અને તેની મેચ ફીના 100% રકમ કાપવામાં આવી હતી. કોલકાતાની ટીમે જ્યારે IPLનો ખિતાબ જીત્યો હતો ત્યારે ટીમના માલિક શાહરૂખ ખાને પણ હર્ષિત રાણાની જેમ ફ્લાઈંગ કિસ દ્વારા સેલિબ્રેશન કરવાનું પુનરાવર્તન કર્યું હતું.

# સપ્ટેમ્બરમાં અનેક તહેવારેની ઉજવણી સાથે કેરળમાં ઓણમ પર્વ 15મીએ ઉજવાશે

■ વાયનાડ દુર્ઘટનાને લઈને ઓણમની સાદાઈથી ઉજવણીની શક્યતા

ગુજરાત | વંદન




સાંસ્કૃતિક તહેવારોથી લઈને ધાર્મિક ઉજવણીઓ સુધી, સપ્ટેમ્બર મહિનો અનેક ઉજવણીઓથી ભરપૂર મહિનો ગણાય છે. જેમાં 7મીએ ગણેશ ચતુર્થી , ભારતના સૌથી આદરણીય અને ઉજવાતા તહેવારોમાંના એક છે. ત્યારબાદ રાધા અષ્ટમી , દુર્વા અષ્ટમી, બુધ અષ્ટમી વ્રત અને મહાલક્ષ્મી વ્રત સહિતના અનેક તહેવારોને કારણે 11મી સપ્ટેમ્બર મહત્ત્વપૂર્ણ છે . આ પછી, પાર્શ્વ એકાદશી અને વામન જયંતિ 14મીએ આવે છે.

કેરળ રાજ્યનો સૌથી મોટો અને સૌથી પ્રખ્યાત તહેવાર, ઓણમ , આ વર્ષે 15મી સપ્ટેમ્બરે આવે છે. લોકો કોઈપણ મતભેદને ધ્યાનમાં લીધા વિના એકતા, સમૃદ્ધિ અને અત્યંત આનંદમાં મોસમની ઉજવણી કરે છે. ઓણમની સાથે, ભાદ્રપદ મહિનાનું શુક્લ પ્રદોષ વ્રત પણ 15મીએ આવે છે. જો કે કેરળના વાયનાડમાં બનેલી દુર્ઘટનામાં 100 કરતાં વધુ લોકોના મોત અને અને અનેક ગાયબની ગંભીર ઘટનાને લઈને આ વખતે ઓણમની ઉજવણી સાદાઈથી થાય તેમ મનાય છે. કેરળમાં ઓણમનું પર્વ દિવાળી પર્વ કરતાં પણ વધારે ગણાય છે. આ પછી 16મીએ કન્યા સંક્રાંતિ અને વિશ્વકર્મા પૂજા મનાવવામાં આવે છે. ભાદ્રપદ મહિનાની પૂર્ણિમા 18 સપ્ટેમ્બરના રોજ આવે છે . આ પૂર્ણિમા ભાદ્રપદ મહિનાના અંત અને પૂર્ણિમંત અનુયાયીઓ માટે અશ્વિન મહિનાની શરૂઆત દર્શાવે છે. આ ઉપરાંત, પ્રતિપદા શ્રાદ્ધ અને પિતૃપક્ષ પણ 18મીએ મનાવવામાં આવે છે.

ભગવાન ગણેશના માનમાં મનાવવામાં આવતી સંકષ્ટી ચતુર્થી 20મીએ આવે છે, ત્યારબાદ 21મીએ ભરણી શ્રાદ્ધ, 24મીએ મધ્ય અષ્ટમી અને 25મીએ અવિધવ નવમી આવે છે. ઈન્દિરા એકાદશી , પૂર્વજો અને મૃત પૂર્વજોને મોક્ષ આપવા માટે સમર્પિત પખવાડિયું, 28મીએ મનાવવામાં આવે છે. આ પછી, અશ્વિન મહિનાનો કૃષ્ણ પક્ષ પ્રદોષ વ્રત 29મીએ આવે છે, જે માઘ શ્રાદ્ધ અને યતિ મહાલય સાથે એકરુપ થાય છે . સપ્ટેમ્બરના તહેવારો 30મીએ મસિક શિવરાત્રીના પાલન સાથે સમાપ્ત થાય છે.

# બ્રિટનની સંસદમાં મુસ્લિમ સાંસદોએ પોતાનું સ્વતંત્ર ગઠબંધન બનાવ્યું

■ હાઉસ ઓફ કોમનમાં ગાઝાના સમર્થનમાં કામ કરશે, નવી માંગણી મૂકી

ગુજરાત | વંદન



બ્રિટનની સંસદમાં મુસ્લિમ સાંસદોનું પ્રભુત્વ વધી રહ્યું હોય એવી એક હિલચાલમાં લેબર પાર્ટીના નેતા જેરેમી કોર્બીને અન્ય ચાર સ્વતંત્ર સાંસદો સાથે મળીને હાઉસ ઓફ કોમન્સમાં સંયુક્ત રીતે પાંચમું સૌથી મોટું જૂથ બનાવ્યું છે. નવા સ્વતંત્ર ગઠબંધન, જે ગ્રીન પાર્ટી કરતા વધારે છે અને રિફોર્મ યુકે સાંસદોની સંખ્યા સાથે મેળ ખાય છે, તેણે વધુ સભ્યોની ભરતી કરવાની માંગ કરી છે. કોર્બીનના સાત સાથીઓને સંસદીય લેબર પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. નોંધનીય છે કે તાજેતરમાં જ બ્રિટનને કોમી રમખાણોનો સામનો કરવો પડ્યો હતો. જેમાં મુસ્લિમ ઈમિગ્રેશનનો વિરોધ કરાયો હતો.

જુલાઈની ચૂંટણીમાં, જૂથના તમામ પાંચ સભ્યોએ પેલેસ્ટાઈન તરફી વલણ અપનાવીને મુસ્લિમ વસ્તીવાળા મતવિસ્તારોમાં લેબર પાર્ટીના ઉમેદવારોને હરાવ્યા હતા. સ્વતંત્ર ગઠબંધનનું કહેવું છે કે તેઓ ચૂંટણી પ્રચાર માટે તેમના નવા પ્લેટફોર્મનો ઉપયોગ કરશે. આ સંગઠનો ઈઝરાયેલને હથિયારો વેચવાની વિરુદ્ધ છે.

મળતી માહિતી મુજબ, લેબર પાર્ટીના પૂર્વ નેતા જેરેમી કોર્બીને સોમવારે નવા 'સ્વતંત્ર ગઠબંધન'ની રચનાની જાહેરાત કરી છે. આ જોડાણ પેલેસ્ટાઈન તરફી વલણ સાથે છે. આ જોડાણમાં ચાર નવા ચૂંટાયેલા બ્રિટિશ મુસ્લિમ સાંસદોનો સમાવેશ થાય છે. જેમાં ભારતીય મૂળના શૌકત આદમ અને ઈકબાલ મોહમ્મદ અને પાકિસ્તાની મૂળના અયુબ ખાન અને અદનાન હુસૈનનો સમાવેશ થાય છે.આ ગઠબંધન 4 જુલાઈના રોજ યોજાયેલી સામાન્ય ચૂંટણીઓ મજબૂત ઈઝરાયેલ વિરોધી મંચ પર લડ્યું હતું.

હવે, આ સાંસદો સત્તાવાર સંસદીય જૂથ તરીકે હાઉસ ઓફ કોમન્સ (યુકે સંસદ)ની ચર્ચાઓ અને સમિતિઓમાં ભાગ લેવાની આશા રાખે છે, જેથી તેઓ સંસદમાં વધુ સારું પ્રતિનિધિત્વ મેળવી શકે.નવા ગઠબંધને તેના નિવેદનમાં જણાવ્યું હતું કે, "અમને અમારા મતદારો દ્વારા અંધકારમય સંસદમાં આશાની કિરણ તરીકે ચૂંટવામાં આવ્યા હતા અને એમને વફાદાર છીએ."

તેમણે સરકારની નીતિઓની ટીકા કરતા કહ્યું કે, સરકારે 10 મિલિયન પેન્શનરોના શિયાળુ બળતણ ભથ્થાને નાબૂદ કરી દીધું છે, બે બાળકો માટેનું ભથ્થું બંધ કરી દીધું છે અને ઈઝરાયલને શસ્ત્રોનું વેચાણ બંધ કરવાના કોલની અવગણના કરી છે.

# હીટવેવ-ફ્લડવેવ અને હવે કાતિલ ઠંડીના કોલ્ડવેવ માટે તૈયાર રહેજો

■ લા નીનાની અસરથી ડિસેમ્બરના મધ્યથી જાન્યુઆરી સુધી હાડ થીજાવતી ઠંડી પડશે

ગુજરાત | વંદન



આ વર્ષે ગરમીએ તમામ રેકોર્ડ તોડ્યા છે, તો ચોમાસું પણ ભારે રહ્યુ છે. ત્યારે હવે થર થર કંપી ઉઠીએ એવી કાતિલ ઠંડી માટે પણ તૈયાર રહેવાની આગાહી કરવામાં આવી છે. આ વર્ષે ઠંડી તેના તમામ રેકોર્ડ તોડી દેશે તેવી હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે.

દેશમાં ચોમાસું મોડું આવ્યું છે. પરંતુ હવે બરાબરનું જામ્યું છે. હજી પણ સપ્ટેમ્બર મહિનો ભારે જવાનો છે. આ વચ્ચે આગામી ઠંડીની સીઝનની ભવિષ્યવાણી થઈ ગઈ છે. લા નીનાની સૌથી મોટી અસર આગામી ઠંડીની સીઝન પર પડશે. વૈજ્ઞાનિકોએ અનુમાન લગાવ્યું કે, લા-નીનાથી બંગાળની ખાડીનું તોફાન ઉત્તર ભારતમાં ઠંડી વધારે દેશે.

ભારતીય હવામાન વિભાગ (IMD) ના ડાયરેક્ટર ડો.મૃત્યુંજય મહાપાત્રાએ આગાહી કરતા કહ્યું કે, એટલે કે લા- નીનાથી ચોમાસાને ખાસ અસર નથી થઈ, પરંતુ જો શિયાળા પહેલાં લા-નીના પરિસ્થિતિ ઊભી થઈ તો ડિસેમ્બરના મધ્યથી જાન્યુઆરી સુધી હાડ થીજવતી ઠંડી પડવાની છે.

તેમણે કહ્યું કે, હાલ પશ્ચિમ પ્રશાંત મહાસાગરમાં સપાટીનું તાપમાન સરેરાશથી વધુ છે. પૂર્વમાં સરેરાશની નજીક કે નીચે છે. બંને છેડાના તાપમાન વચ્ચે અનસો ન્યૂટ્રલ (ન અલનીનો, ન લા-નીના) પરિસ્થિતિઓ બનેલી છે. લા-નીના પરિસ્થિતિ ચોમાસાના અંતિમ સપ્તાહ કે તે પછી જ વિકસિત થશે. લા-નીનાના સપ્ટેમ્બરથી નવેમ્બર દરમિયાન બનવાની 66 ટકા શક્યતા છે. શિયાળામાં નવેમ્બરથી જાન્યુઆરી, 25 સુધી ઉત્તર ગોળાર્ધમાં રહેવાની શક્યતા 75 ટકાથી પણ વધુ છે.

લા નીના ભારતના ચોમાસાને અસર કરે તેવી શક્યતા નથી દેખાતી તેવું હવામાન વિભાગનું કહેવું છે. તે સપ્ટેમ્બરથી નવેમ્બરની વચ્ચે બનશે. ત્યાં સુધી ચોમાસાની સીઝન પૂરી થઈ જશે. દક્ષિણ ભારતના ચોમાસાને તે અસર કરે તેવી શક્યતા છે, કારણ કે, ઓક્ટોબરના અંતથી અહી ચોમાસું શરૂ થાય છે. લા-નીનાને કારણે બંગાળની ખાડીમાં સમુદ્રી તોફાનની એક્ટિવિટી વધી જાય છે અને ઉત્તર ભારતમાં સખત ઠંડી પડે છે.

# ચુનાવ પર્વઃ રાજકીય "કુશ્તીબાજ" ની સાથે દંગલ કુશ્તીબાજ....!





ગુજરાત | વંદન

હરિયાણા વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત બાદ તમામ રાજકીય પક્ષો ચૂંટણીની તૈયારીઓમાં વ્યસ્ત છે. છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલી અટકળો બાદ હવે વિનેશ ફોગાટ અને રાહુલ ગાંધીની મુલાકાતના સમાચાર આવ્યા છે. ભારતીય કુસ્તીબાજો વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયા લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીને મળ્યા છે.બંને કુસ્તીબાજો અને રાહુલ ગાંધી વચ્ચેની મુલાકાતની તસવીર સામે આવી છે, જે બાદ હવે એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે વિનેશ ફોગટ કોંગ્રેસની ટિકિટ પર હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ઉતરી શકે છે. છેલ્લા ઘણા દિવસોથી એવી અટકળો ચાલી રહી હતી કે વિનેશ ફોગટ કોંગ્રેસ પાર્ટીમાં જોડાઈ શકે છે. હવે આ બેઠકનું ચિત્ર સપાટી પર આવ્યા બાદ આની શક્યતા વધી રહી છે.

# પત્નીના નામે ઘર ખરીદવાથી થઈ શકે છે ફાયદો, અન્ય ખર્ચાઓમાંથી મુક્તિ મળશે

ગુજરાત | વંદન




દરેક વ્યક્તિનું પોતાની માલિકીનું ઘર ખરીદવાનું સપનું હોય છે. જો કે, ઘરની કિંમત ઉપરાંત અને ઘણી બાબતો માટે ખર્ચ કરવો પડતો હોય છે. જો તમે પરિણિત છો, અને ઘર લેવાનું વિચારી રહ્યા છો, તો આ સમાચાર તમારા માટે છે. અહીં દર્શાવવામાં આવેલી ટીપ્સ અનુસરવાથી તમે ખર્ચના બોજો વિના સરળતાથી ઘર ખરીદી શકો છો.

ઘર ખરીદવા માટે પુરૂષ કરતાં મહિલાને સરકાર અનેક લાભો અને રાહતો આપી રહી છે. મહિલાઓ માટે પ્રોપર્ટી ખરીદવા સંબંધિત અલગથી નિયમો બનાવાયા છે. જેથી જો તમે ઘર ખરીદવાની યોજના બનાવી રહ્યા હોવ તો તમારા ઘરની મહિલાના નામે આ યોજના સફળ બનાવી શકો છો.

ભારતમાં મહિલાઓને પ્રાથમિકતા આપવાના ભાગરૂપે હોમ લોનમાં છૂટ આપવામાં આવે છે. મહિલાઓને બેન્કો ખાસ ઓછા વ્યાજે હોમ લોન ઓફર કરતી હોય છે. જેથી હોમ લોન સસ્તી અને સરળ પડે છે. બેન્કો ઉપરાંત હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓ પણ મહિલાઓને ઓછા વ્યાજે લોન ઓફર કરે છે.

મહિલાઓને સ્ટેમ્પ ડ્યુટીમાં છૂટ મળે છે. જો કે, રાજ્યવાર સ્ટેમ્પ ડ્યુટીનો ચાર્જ જુદો-જુદો હોય છે. ઘરના દસ્તાવેજ તૈયાર કરાવતી વખતે ચૂકવવામાં આવતી નિર્ધારિત દરે સ્ટેમ્પ ડ્યુટી ચૂકવાય છે. ગુજરાતમાં 4.9 ટકા સ્ટેમ્પ ડ્યુટી લાગુ છે. જેમાં મહિલાઓને રજિસ્ટ્રી ફીમાં મુક્તિ મળે છે. મહિલાઓને 2થી 3 ટકા ઓછી સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવી પડે છે.

# 2 ફૂટ સુધીની પ્રતિમાનો અનુભવ ધરાવનારે 36 ફૂટ ઉંચી શિવાજીની પ્રતિમા બનાવી, અને...?

■ છત્રપતિની પ્રતિમા બનાવનાર શિલ્પકાર જયદીપ આપ્ટે 24 વર્ષનો જ છે, પોલીસ ફરિયાદ,ધરપકડ



ગુજરાત | વંદન


મહારાષ્ટ્રના સિંધુદુર્ગ જિલ્લાની પોલીસે રાજકોટના કિલ્લામાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાને તોડી પાડવાના સંબંધમાં શિલ્પકાર જયદીપ આપ્ટે વિરુદ્ધ લુકઆઉટ સર્ક્યુલર જારી કર્યો છે. વિપક્ષનો આરોપ છે કે મહાગઠબંધન સરકાર જયદીપ આપ્ટેને છુપાવી રહી છે.સંજય રાઉતે કહ્યું કે લોકોના મનમાં શંકા છે કે આરોપીને સીએમ આવાસમાં સંતાડી રાખવામાં આવ્યો છે.

થાણેના શિલ્પકાર આપ્ટેએ પ્રતિમા બનાવવાનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. માલવણ પોલીસે આપ્ટે અને સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ ચેતન પાટીલ સામે બેદરકારી અને અન્ય ગુનાઓ માટે કેસ નોંધ્યો હતો. પાટીલની કોલ્હાપુરથી ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે આપ્ટેની પણ ધરપકડ થઈ ગઈ છે.નવાઈ લાગે તેમ શિવાજીની 36 ફૂટની પ્રતિમા બનાવનાર જયદીપ આપ્ટે માત્ર 24 વર્ષનો યુવાન છે અને કલ્યાણનો રહેવાસી છે. આપ્ટે કલ્યાણ સ્થિત એક કલાત્મક કંપનીનો માલિક છે. બાળપણથી જ તેને શિલ્પ બનાવવાનો શોખ હતો. તેણે મુંબઈની એક આર્ટ સ્કૂલમાંથી ગ્રેજ્યુએશન કર્યું. જયદીપ આપ્ટેને ક્યારેય આટલી મોટી પ્રતિમા બનાવવાનો અનુભવ નહોતો, તેણે માત્ર 2 ફૂટ ઊંચી સુધીની જ પ્રતિમા બનાવી છે. સવાલ એ થાય છે કે નૌકાદળે તેમને આટલી ઊંચી પ્રતિમા બનાવવાનો કોન્ટ્રાક્ટ કેવી રીતે આપ્યો?એકલા માલવણ પોલીસની 7 ટીમો ટોચના પોલીસ અધિકારી જયદીપ આપ્ટેને મહારાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં, મુખ્યત્વે મુંબઈમાં શોધી રહી છે. વિવિધ પોલીસ વિભાગો પણ જયદીપ આપ્ટેને શોધી રહી છે. UBT સેના પાર્ટીના મુખપત્ર સામનાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કર્યું છે કે સીએમ શિંદેએ શિંદેના પુત્ર સાંસદ શ્રીકાંત શિંદેના પરિચિત જયદીપ આપ્ટેને કોન્ટ્રાક્ટ આપ્યો છે.આપ્ટેએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે આવી પ્રતિમા બનાવવામાં ત્રણ વર્ષનો સમય લાગે છે, જ્યારે તેણે આને માત્ર થોડા મહિનામાં જ બનાવી દીધું છે.

# પક્ષપલટુ અને બળવો કરનારની સામે હવે નવો કાયદાકીય હથિયાર તૈયાર

■ નવા સૂચિત કાયદા હેઠળ બળવાખોર ધારાસભ્યોને હવે પેન્શન નહીં મળે

ગુજરાત | વંદન



હવે હિમાચલ પ્રદેશમાં ધારાસભ્યો માટે પાર્ટી બદલવાનો નિર્ણય લેવો આસાન નહીં હોય. વિધાનસભામાં એક બિલ રજૂ કરવામાં આવ્યું છે, જેમાં પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ ગેરલાયક ઠરેલા ધારાસભ્યોનું પેન્શન રોકવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

આ વર્ષે કોંગ્રેસ સામે બળવો કરનારા છ ધારાસભ્યો પણ આ બિલના દાયરામાં આવશે, જેમણે સુખુ સરકાર સામે મોરચો ખોલ્યો હતો અને પાર્ટી છોડીને ભાજપમાં જોડાયા હતા.મુખ્ય પ્રધાન સુખવિન્દર સિંહ સુખુએ હિમાચલ પ્રદેશ વિધાનસભા (ભથ્થાં અને સભ્યોનું પેન્શન) સંશોધન બિલ 2024 રજૂ કર્યું. હવે આ બિલ પર ચર્ચા કરીને પસાર કરવામાં આવશે. જે બાદ તેને રાજ્યપાલને મંજૂરી માટે મોકલવામાં આવશે. જો રાજ્યપાલની મંજૂરી મળશે તો તે કાયદો બની જશે.

68 સભ્યોની વિધાનસભામાં કોંગ્રેસના 40 ધારાસભ્યો છે. ભાજપના 28 ધારાસભ્યો છે.નવા બિલ અનુસાર, જો કોઈ વ્યક્તિને બંધારણની દસમી અનુસૂચિ (વિરોધી વિરોધી કાયદો) હેઠળ કોઈપણ સમયે અયોગ્ય જાહેર કરવામાં આવે છે, તો તે કાયદા હેઠળ પેન્શન મેળવવા માટે હકદાર રહેશે નહીં.

સરકારે બિલમાં સુધારો કરવાના ઉદ્દેશ્ય અને કારણોનો પણ ઉલ્લેખ કર્યો છે. પ્રસ્તાવિત સુધારામાં કહેવામાં આવ્યું છે કે બિલની જરૂર હતી કારણ કે 1971ના કાયદામાં સભ્યોના પક્ષપલટાને નિરુત્સાહિત કરવા, તેમને બંધારણીય પાપો કરતા અટકાવવા, લોકો દ્વારા આપવામાં આવેલા આદેશનું રક્ષણ કરવા અને લોકતાંત્રિક મૂલ્યોની જાળવણી માટે કોઈ જોગવાઈ નથી.

નોંધનીય છે કે, આ વર્ષે ફેબ્રુઆરીમાં, 2024-25 માટે બજેટ પસાર કરવા અને

(અનુસંધાન પેજ નં.6પર)

# માંડ-માંડ બચ્યા ચંદ્રબાબુ નાયડુ, રેલવે ટ્રેકની પાસે ઊભા હતા અને અચાનક જ આવી ટ્રેન

ગુજરાત | વંદન



આંધ્રપ્રદેશમાં થોડા દિવસ પહેલા અતિભારે વરસાદ પડ્યા બાદ અનેક સ્થળો મોટું નુકસાન થયું છે. વરસાદના કારણે રાજ્યમાં 30થી વધુ લોકોના મોત થયા છે, ત્યારે રાજ્યના મુખ્યમંત્રી એન.ચંદ્રબાબુ નાયડુ આજે પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે પહોંચ્યા હતા. અહીં તેઓ નિરિક્ષણ કરવાની સાથે પરિસ્થિતિનો તાગ મેળવી રહ્યા હતા, ત્યારે તેઓ ટ્રેનની અડફેટે આવતા માંડ-માંડ બચી ગયા હતા. આ ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, ચંદ્રબાબુ નાયડુ વિજયવાડાના મધુરાનગર સ્થિત રેલવે ટ્રેક પાસે બનેલા એક પુલ પર ઉભા હતા. અહીં તેઓ સ્થાનિક વહિવટી તંત્રની ટીમ સાથે બુદમેરુ નદીના વહેણનું નિરિક્ષણ કરી રહ્યા હતા. અહીં તેમની આસપાસ અનેક સ્થાનિક લોકો પણ હતા. આ દરમિયાન તેમની પાસેથી એક ફુલ સ્પીડે ટ્રેન પસાર થઈ હતી. જોકે તેમના સુરક્ષા જવાનોએ તુરંત તકેદારી રાખી ટ્રેક પાસેથી તમામને દુર હટાવ્યા હતા.

આંધ્રપ્રદેશના પૂરગ્રસ્ત વિસ્તારોની સ્થિતિ અંગે ગૃહ મંત્રાલયના અધિક સચિવ સંજીવ કુમાર જિંદાલે કહ્યું કે, NDRFની ટીમોએ અત્યાર સુધીમાં રાજ્યમાં 350 લોકોને બચાવ્યા છે અને લગભગ 15000 લોકોને બહાર કાઢ્યા છે. જ્યારે તેલંગાણામાં 68 લોકોને બચાવાયા છે. લગભગ 3200 લોકોનું સ્થળાંતર કરાયું છે. ભારતીય વાયુસેના અને નૌકાદળના 65 હેલિકોપ્ટરો પણ બચાવ-કાર્યમાં જોડાયા છે.

## કથિત કુકી આતંકવાદીઓ હુમલા માટે હાઈ-ટેક બન્યા હોવાનો સુરક્ષા દળોનો મત

# મણિપુરમાં યુધ્ધની જેમ ઘાતક સશસ્ત્ર ડ્રોન હુમલાઓનો નવો દોર શરૂ થયો...!

ગુજરાત | વંદન


દેશના ઉત્તર-પૂર્વીય રાજ્ય મણિપુર છેલ્લા એક વર્ષથી સળગી રહ્યું છે. કુકી અને મેઈતેઈ સમુદાયો વચ્ચે હિંસા શરૂ થયાને એક વર્ષથી વધુ સમય વીતી ગયો છે, પરંતુ સ્થિતિ હજુ સામાન્ય થઈ નથી. એજન્સીઓના તમામ પ્રયાસો છતાં હિંસા પર અંકુશ આવ્યો નથી. બીજી તરફ છેલ્લા કેટલાક દિવસોથી મણિપુરમાં સ્થિતિ વધુ ચિંતાજનક બની રહી છે.

સતત હિંસા વચ્ચે યુધ્ધમાં ઉપયોગમાં લેવાતા ઘાતક RPG અને ડ્રોનનો હુમલા માટે ઉપયોગ થવા લાગ્યો છે. જેને ખૂબ જ ગંભીર મામલો ગણવામાં આવી રહ્યો છે. હાલમાં જ પહાડી જિલ્લા કાંગપોકપીની સરહદે આવેલા પશ્ચિમ ઈમ્ફાલ ખીણના ગામો પર ડ્રોન દ્વારા બોમ્બમારો કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં અત્યાર સુધીમાં બે લોકોના મોત થયા છે, જ્યારે બંને ઘટનાઓમાં ઘાયલોની સંખ્યા 10થી વધુ છે.

1 સપ્ટેમ્બરના રોજ પશ્ચિમ ઈમ્ફાલના કોટ્રુક ગામમાં બપોરે પહાડી વિસ્તારોમાંથી હુમલો થયો હતો. પોલીસ અને ઈન્ટેલિજન્સ સૂત્રો દ્વારા મળેલા વીડિયોમાં કાટખૂણે બોમ્બ જમીન પર પડતા જોવા મળી રહ્યા છે. હિંસામાં ડ્રોન હુમલાથી સુરક્ષા એજન્સીઓની ચિંતા વધી ગઈ છે.ગ્રામજનોના જણાવ્યા અનુસાર તેઓએ આકાશમાં ડ્રોનનો અવાજ સાંભળ્યો હતો.

મણિપુર પોલીસે પોતાના નિવેદનમાં કહ્યું છે કે આ ગામમાં હુમલામાં ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત કુકી આતંકીઓ આરજી જેવા અત્યાધુનિક હથિયારોનો પણ ઉપયોગ કરી રહ્યા છે.એ જ રીતે, 2 સપ્ટેમ્બરે, પશ્ચિમ ઈમ્ફાલના પર્વતીય વિસ્તારના સિંજમ ચિરાગ ગામમાં બોમ્બ વિસ્ફોટ કરવામાં આવ્યો હતો અને અહીં





ડ્રોનને સ્થાનિક હથિયારોથી સજ્જ કરવામાં વિદેશી શક્તિઓ પણ સામેલ હોવાની સંભાવના

પણ આરપીજી અને ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ બોમ્બ ધડાકામાં ત્રણ ગ્રામીણો ઘાયલ થયા છે જે બે ગામો મેઈતેઈ પ્રભુત્વ ધરાવતા ગામો છે.

આ ઘટના પછી, મણિપુર પોલીસે એક ઔપચારિક નિવેદનમાં જણાવ્યું હતું કે ઈમ્ફાલ પશ્ચિમમાં કોટારુકમાં અભૂતપૂર્વ હુમલામાં, કથિત કુકી આતંકવાદીઓએ હાઈ-ટેક ડ્રોનનો ઉપયોગ કરીને બહુવિધ RPG તૈનાત કર્યા છે. જે સામાન્ય રીતે યુદ્ધોમાં ડ્રોન બોમ્બનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

પોલીસના જણાવ્યા અનુસાર, આ હિંસા પાછળ કુકી આતંકવાદીઓનો હાથ છે જેઓ પહાડી વિસ્તારોમાં છુપાયેલા છે અને ડ્રોન, આરપીજી અને અન્ય અત્યાધુનિક હથિયારોનો ઉપયોગ કરી રહ્યા છે. પરંતુ માત્ર કુકી સંગઠનો પર જ નથી, પરંતુ પહાડી વિસ્તારોમાં રહેતા કુકી આદિવાસીઓ અને તેમના સંગઠનોનો આરોપ છે કે મણિપુર પોલીસ ખીણમાં રહેતા મેઈતેઈ સશસ્ત્ર સંગઠન આરમબાઈ ટંગોલ સાથે મળીને પહાડી વિસ્તારોમાં હુમલો કરી રહી છે.

આરપીજી અને ડ્રોનના ઉપયોગ બાદ, રાજ્યના ડીજીપીએ પાંચ સભ્યોની એક સમિતિની રચના કરી છે જે 13 સપ્ટેમ્બર સુધીમાં આ ઘટનાઓ અંગે પોતાનો અહેવાલ સુપરત કરશે. કમિટી એ શોધી કાઢશે કે કથિત કુકી આતંકવાદીઓને RPG અને ડ્રોન જેવા અત્યાધુનિક હથિયારો અને ટેક્નોલોજી કેવી રીતે મળી.

આ સમિતિને કહેવામાં આવ્યું છે કે તે તપાસમાં નિષ્ણાતોની મદદ પણ લઈ શકે છે.સર્ચ ઓપરેશનમાં મોટી માત્રામાં હથિયારો જપ્તમણિપુરમાં છેલ્લા બે દિવસથી ચાલી રહેલા સર્ચ ઓપરેશનમાં સુરક્ષા દળોએ મોટી માત્રામાં હથિયારો જપ્ત કર્યા છે. મણિપુરમાં આ હથિયારોની શોધને કારણે અનેક ગંભીર સવાલો ઉભા થઈ રહ્યા છે.


2 સપ્ટેમ્બરના રોજ સર્ચ ઓપરેશન દરમિયાન, સુરક્ષા દળોએ કાંગચુપ વિસ્તારમાંથી 12 ઈંચ સિંગલ બોર રાઈફલ, એક ઈમ્પ્રુવાઈઝ્ડ મોર્ટાર, 9 ઈમ્પ્રુવાઈઝ્ડ મોર્ટાર બેરલ, 20 જિલેટીન સ્ટિક, 30 ડિટોનેટર, 10 મીટર ફ્યુઝ, બે દેશી બનાવટના રોકેટ, પાંચ રેડિયો સેટ જપ્ત કર્યા હતા.

એ જ રીતે, સુરક્ષા દળોએ જિલ્લાના ખારમ વિસ્તારમાં એક ડ્રોન જપ્ત કર્યું છે. સુરક્ષા દળોને શંકા છે કે આ ડ્રોનનો ઉપયોગ બોમ્બ વિસ્ફોટ માટે કરવામાં આવી રહ્યો હતો.તે જ સમયે, પોલીસ દળે 2 સપ્ટેમ્બરે કાસ્ટિંગ જિલ્લામાં સર્ચ ઓપરેશન દરમિયાન SLR રાઈફલ, રાઈફલ મેગેઝિન અને જીવંત કારતુસ અને 1 સપ્ટેમ્બરે પશ્ચિમ ઈમ્ફાલ જિલ્લામાંથી સર્ચ ઓપરેશન દરમિયાન એક 303 રાઈફલ, એક 9 એમએમ સબ મશીનગન પણ જપ્ત કરી હતી. , 10 મોર્ટાર બોમ્બ, ડિટોનેટર, ત્રણ હેન્ડ ગ્રેનેડ અને કારતુસ ભરેલું બોક્સ જપ્ત કરવામાં આવ્યું હતું.

એ જ રીતે, વિષ્ણુપુર જિલ્લાના ગેલમલ ગામમાંથી સર્ચ ઓપરેશન દરમિયાન, એક એકે-47 બંદૂક, એક સીએમજી કાર્બાઈન, એક સ્નાઈપર

(અનુસંધાન પેજ નં.6પર)

# આખુ મલયાલમ ફિલ્મ ઉદ્યોગ સૌથી વધુ ભ્રષ્ટ અને હવસખોરોથી ભરપૂર હોય તેમ કેમ જણાય છે...?



ફિલ્મ જગતમાં બોલીવુડમાં કાસ્ટીંગ કાઉચ એટલે કે અભિનેત્રીને બિસ્તર ગરમ કરવાની ફરજ પડાતી હોવાના એકલ-દોકલ કિસ્સા બહાર આવે છે. પણ મલયાલમ ફિલ્મ ઉદ્યોગમાં જે ચાલી રહ્યું છે તે જોઈને ઘણાંને એમ લાગે છે આખુ મલયાલમ ફિલ્મ ઉદ્યોગ સૌથી વધુ ભ્રષ્ટ અને હવસખોરોથી ભરપૂર છે, જેમાં અભિનેત્રીઓને ગુલામની જેમ રખાતી હશે....?

આ ચોંકાવનારી વિગતો કેરળ સરકાર દ્વારા નિમાયેલી જસ્ટીસ હેમા કમિટિના અહેવાલમાંથી બહાર આવી છે. અને તેમાં એવા એવો અત્યાચારોના ઉલ્લેખો છે કે એ પુરૂષ કલાકારો અને નિર્માતાઓને જાહેરમાં ઉભા રાખીને ખુલ્લા પાડવા જોઈએ...એવો એક મત પણ વ્યકત થયો છે. દરમ્યાન આ કમિટિના અહેવાલ પર એક નજર....

હેમા સમિતિએ શોધી કાઢ્યું કે ફિલ્મ ઉદ્યોગમાં અભિનેત્રીઓ સહિત 30 કેટેગરીની મહિલાઓ કામ કરે છે. આમાં નિર્માતા, દિગ્દર્શક, મેક-અપ આર્ટિસ્ટ, ગાયક, સંપાદક અને જુનિયર આર્ટિસ્ટ જેવી કેટેગરીનો સમાવેશ થાય છે.હેમા સમિતિએ લગભગ તમામ કેટેગરીમાં કામ કરતી મહિલાઓ સાથે વિવિધ માધ્યમો દ્વારા વાત કરવાનો પ્રયાસ કર્યો. જેના આધારે તેમણે મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓની 17 મુખ્ય સમસ્યાઓ જણાવી.....જેમાં:1. ઉદ્યોગમાં પ્રવેશ અને કામ માટે મહિલાઓ પાસેથી સેક્સની માંગ કરે છે 2. મહિલાઓની જાતીય સતામણી, દુર્વ્યવહાર અને જાતીય હુમલો થાય છે..3. જાતીય માંગ પૂરી ન કરવા બદલ ત્રાસ અપાય છે...4. શૌચાલય અને ચેન્જિંગ રૂમ જેવી મૂળભૂત બાબતોનો અભાવ છે, જે સુવિધા હેવી જ જોઈએ...5. ઉદ્યોગમાં સલામતીનો અભાવ છે...6. અવાજ ઉઠાવનાર મહિલાઓ અને અન્ય વ્યક્તિઓ પર ગેરકાયદેસર રીતે પ્રતિબંધ લાદે છે...7. પ્રતિબંધની ધમકી આપીને મહિલાઓના અવાજને દબાવી દેવામાં આવે છે..8. લિંગ અને ઉદ્યોગમાં પુરુષોના વર્ચસ્વના આધારે મહિલાઓ સામે ભેદભાવ રખાય છે....9. નશીલી દવાઓના પ્રભાવ હેઠળ સ્ત્રીઓનો દુરુપયોગ થાય છે..10. કામ પર અથવા ફોન પર અપમાનજનક અને અશ્લીલ ટિપ્પણીઓ કરાય છે...11. વ્યક્તિગત જરૂરિયાતોને અનુરૂપ વ્યવસાયિક કરાર પૂરા ન કરવા દેવાય છે,...12. નિયત ફી ન મેળવવી....13. લિંગના આધારે ફીમાં ભેદભાવ - સ્ત્રીઓ અને પુરુષો માટે અલગ-અલગ ફીના ધોરણો રખાય છે....14. ખાસ કરીને ટેકનિકલ બાબતોમાં મહિલાઓને ઓછી તક આપવામાં આવે છે...15. ઓનલાઈન હેરેસમેન્ટ કરાય છે...16. મહિલાઓમાં તેમના અધિકારો વિશે જાગૃતિનો અભાવ જોવા મળે છે..17. ફરિયાદ કરવા માટે કોઈપણ કાનૂની સત્તાનો અભાવ છે.

## શરમજનકઃ અભિનેત્રીને કપડા બદલવા ઝાડની પાછળ મોકલાય છે...!



હેમા સમિતિના અહેવાલમાં, મલયાલમ ઉદ્યોગમાં મહિલાઓને જે સમસ્યાઓનો સામનો કરવો પડે છે તેનો પણ વિગતવાર અભ્યાસ કરવામાં આવ્યો હતો. આમાંના કેટલાક મોટા કારણો નીચે મુજબ છે. હેમા કમિટીએ જે મહિલાઓ સાથે વાત કરી તે લગભગ તમામ મહિલાઓએ કહ્યું કે સેટ પર કોઈ શૌચાલય અથવા ચેન્જિંગ રૂમ નથી, ખાસ કરીને જ્યારે શૂટ દૂરના આઉટડોર સ્થળોએ કરવામાં આવે છે. મહિલાઓને કપડાં બદલવા અને શૌચાલયનો ઉપયોગ કરવા માટે ઘણીવાર નજીકના જંગલો, ઝાડીઓ અથવા મોટા વૃક્ષોની પાછળ જવું પડે છે....

# દિપિકાએ પ્રસુતિ પહેલા માતૃત્વનો અદભૂત અનુભવ વ્યક્ત કરતી તસ્વીરો વહેતી કરી....!




બાજીરાવ મસ્તાની અને પદમાવતની દીપિકા પાદુકોણે પોતાની પ્રેગ્નેન્સીના સ્ટાઈલીસ લુક્સ જાહેર કરીને સૌ કોઈને અભિભૂત કર્યા છે. તેમણે ઈન્સ્ટાગ્રામ પર અદભૂત છબીઓની શ્રેણી શેર કરીને તેના ચાહકોની વાહ વાહી મેળવી હતી. જેમાં માત્ર થોડા ઈમોટિકોન્સ હતા. તેમનું ફોટોશૂટ ઝડપથી વાયરલ થયું હતું, ચાહકોએ તે કેવી રીતે તેના બેબી બમ્પને સ્ટાઈલમાં બતાવે છે તે વિશે ઉત્સાહિત હતા.

તેના સગર્ભાવસ્થાના દેખાવ માટે, દીપિકાએ સહેલાઈથી વહેતા વસ્ત્રો અને છટાદાર કાળા રંગમાં વલણ સાથે મનોહારી લૂક દર્શાવ્યો. એક અદ્ભુત પોશાકમાં, તેમણે આકસ્મિક રીતે સ્ટાઈલિશ ખુલ્લા ગૂંથેલા સ્વેટર સાથે ભડકતી ડેનિમ જીન્સને રોકી હતી, જે હળવા છતાં ફેશનેબલ વાતાવરણને અપનાવે છે. અન્ય દેખાવમાં, તેણીએ એક આકર્ષક બ્લેક ઓપન બ્લેઝર સાથે મેચિંગ લૂઝ પેન્ટ સાથે જોડી બનાવી, એક બોલ્ડ અને અત્યાધુનિક જોડાણ બનાવ્યું. અને અલૌકિક લાવણ્યના સ્પર્શ માટે, દીપિકાએ સ્પષ્ટ અને શુદ્ધ વાઈબ્સ ફેલાવતા નિર્ભેળ, ફ્લોય ડ્રેસ પસંદ કર્યા.

એક લુકમાં, દીપિકા એકદમ બ્લેક નેટેડ ફેબ્રિકમાં ચમકી રહી છે, જે ચારે બાજુ સિક્વિન એમ્બિલિશમેન્ટથી સજ્જ છે. ડ્રેસમાં ટૂંકી નેકલાઈન અને બલૂન સ્લીવ્સ છે, જેમાં ફ્લોય બોટમ છે જે ફ્લેરનો વધારાનો સ્પર્શ ઉમેરે છે. અન્ય સમાન સ્ટાઈલિશ ડ્રેસ બોડીકોન ફીટ દર્શાવે છે જે તેના બેબી બમ્પને સંપૂર્ણ રીતે ગળે લગાવે છે. કુદરતી મેકઅપ અને છૂટક મોજામાં તેના વાળની શૈલી સાથે, દીપિકા એકદમ આકર્ષક લાગે છે. તેણીનું સ્ટાઈલિશ ફોટોશૂટ સાબિત કરે છે કે સગર્ભાવસ્થા ફેશન મનોરંજક અને બોલ્ડ બંને હોઈ શકે છે, જે સંપૂર્ણ સંપૂર્ણતા સાથે કોઈપણ દેખાવને ખેંચવાની તેણીની ક્ષમતા દર્શાવે છે.

દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ તેમના પ્રથમ બાળકના એક સાથે આગમનની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તેઓએ ફેબ્રુઆરીમાં તેણીની ગર્ભાવસ્થાના સમાચાર જાહેર કર્યા, Instagram પર શેર કર્યું કે સપ્ટેમ્બરમાં તેમના બાળકની અપેક્ષા છે. ઘોષણામાં બાળકના પગરખાં અને કપડાંથી શણગારેલું ચિત્ર દર્શાવવામાં આવ્યું હતું, જે નિયત તારીખને પ્રકાશિત કરે છે: "સપ્ટેમ્બર 2024." 38 વર્ષીય દીપિકા અને રણવીર બંનેએ 2018 માં ઈટાલીના લેક કોમો ખાતે એક ખાનગી સમારંભમાં લગ્ન કર્યા હતા.



# કૃપયા અપની સીટબેલ્ટ બાંધ દિજિયે, ફલાઈટ નં. આઈસી814 અબ ઉડને કો તૈયાર હૈ.....!



કેન્દ્ર સરકારના દબાણ બાદ ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સ ઈન્ડિયાએ વેબ સિરીઝ IC814: ધ કંદહાર હાઈજેકમાં દર્શાવવામાં આવેલા ઈન્ડિયન એરલાઈન્સના એરક્રાફ્ટના તાલીબાની મુસ્લિમ અપહરણકર્તાઓના વાસ્તવિક નામ અને તેમણે પેસેન્જરોને ગેરમાર્ગે દોરવા અપનાવેલા કોડ નામ સામેલ કર્યા છે. દર્શકોના એક વર્ગે દ્વારા આતંકવાદીઓના હિંદુ કોડ નામોના સંદર્ભ સામે વાંધો ઉઠાવ્યા બાદ, જેમાં દલીલ કરવામાં આવી હતી કે, હાઈજેકર્સની વાસ્તવિક ઓળખને બદલી કાઢવી એ ઐતિહાસિક ઘટનાઓની ખોટી રજૂઆત સમાન છે.

માહિતી અને પ્રસારણ સચિવ સંજય જાજુએ નેટફ્લિક્સ ઈન્ડિયાના કન્ટેન્ડ હેડ, મોનિકા શેરગીલને વેબ સિરીઝમાં અમુક ઘટકોના નિરૂપણ અંગે કેન્દ્રની સખત નારાજગી વ્યક્ત કરવા માટે બોલાવ્યા હતા. "ઈન્ડિયન એરલાઈન્સ ફ્લાઈટ 814ના 1999 ના હાઈજેકીંગથી અજાણ્યા દર્શકો આ ઘટનાને સમજી શકે તે માટે ઓપનિંગ ડીસક્લોઝરમાં હાઈજેકર્સના વાસ્તવિક અને કોડ નામોનો સમાવેશ કરી અપડેટ કરવામાં આવ્યું છે," નેટફ્લિક્સ ઈન્ડિયાના કન્ટેન્ટ વાઈસ પ્રેસિડેન્ટ શેરગીલે મીટિંગ પછી એક નિવેદનમાં આ બાબત વિષે જણાવ્યું હતું.

નોંધનીય છે કે તત્કાલીન વડાપ્રધાન વાજપેયીની સરકાર વખતે ખૂંખાર આતંકી મસૂદ અઝહરને છોડાવવા માટે ભારતના એક વિમાનનું નેપાળના કાઠમંડુથી ઉપડ્યા બાદ હાઈજેક કરી લેવામાં આવ્યું હતું. આ સત્ય ઘટના પરથી વેબ સિરિઝ બની છે. જે વિવાદ બાદ હવે રજૂ થશે.

સિરીઝમાં ઉપયોગ કરવામાં આવેલા કોડ નામો વાસ્તવિક ઘટના દરમિયાન ઉપયોગમાં લેવાતા કોડના સમાંતર જ છે. હાઈજેકર્સના સાચા નામ ઈબ્રાહિમ અથર, શાહિદ અખ્તર સૈયદ, સની, અહમદ કાઝી, ઝહૂર મિસ્ત્રી અને શાકિર હતા. જો કે, સિરીઝમાં આતંકવાદીઓ દ્વારા ભોલા, શંકર, ડૉક્ટર, બર્ગર અને ચીફ તરીકે ઉપયોગમાં લેવાતા કોડ નામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

અનુભવ સિન્હા દ્વારા દિગ્દર્શિત અને વિજય વર્મા, પત્રલેખા, પંકજ કપૂર, નસીરુદ્દીન શાહ, અરવિંદ સ્વામી અને દિયા મિર્ઝા અભિનીત, વેબ સિરીઝ ડિસેમ્બર 1999માં પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન હરકત-ઉલ મુજાહિદ્દીન દ્વારા વિમાનના અપહરણની સાચી વાર્તા કહે છે. આ સીરિઝએ સોશિયલ મીડિયા પર અને અન્યત્ર વિવાદ ઉભો કર્યો છે, જેમાં ઘણા લોકો દાવો કરે છે કે ફિલ્મ નિર્માતાએ આતંકવાદીઓના સાચા ધર્મને છુપાવવા અપહરણકર્તાઓના નામ બદલીને હિન્દુ નામ શંકર અને ભોલા રાખ્યા હતા, જેઓ કથિત રીતે ચોક્કસ સમુદાયના હતા.

# ઈમરજન્સીના ગીતકારે લલકાર્યું- 'મહાનતાનો આ ઢોંગ છોડો, તમે એક ફિલ્મ સહન કરી શકતા નથી...?'

બોલિવૂડ અભિનેત્રી અને બીજેપી સાંસદ કંગના રનૌતની ફિલ્મ 'ઈમરજન્સી' વિવાદમાં સપડાઈ ગઈ છે. શીખ સમુદાયના વિરોધને કારણે તને પ્રમાણપત્ર અપાયુ નથી. જો કે આખાબોલી કંગના તેનાથી નારાજ છે. તો બીજી તરફ આ ફિલ્મના ગીતકારે પોતાની લાગણીઓ વ્યકત કરી છે....

ફિલ્મના ગીતકાર મનોજ મુન્તાશીરે હવે 'ઈમર્જન્સી'ની પ્રતિબંધને લઈને એક વીડિયો શેર કર્યો છે. અને 'ફ્રીડમ ઓફ એક્સપ્રેશન'ને લઈને સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

મનોજે તેનો વીડિયો 'ઈમરજન્સી'ની રિલીઝ મોકૂફ રાખવાના સમાચાર સાથે શરૂ કર્યો અને તેનું કારણ શું હતું તે






જણાવ્યું. આ પછી મનોજે અભિવ્યક્તિની આઝાદીને લઈને ભારે વલણ સાથે પ્રશ્નો ઉઠાવ્યા. તેમણે કહ્યું કે, 'સર્ટિફિકેટની આ રમત અર્ધાંગિનીથી કેમ રમાઈ રહી છે, તેને પૂરી રીતે રમવી જોઈએ. બીજું પ્રમાણપત્ર અમારી પાસેથી છીનવી લેવું જોઈએ કે અમે અભિવ્યક્તિની સ્વતંત્રતાનું સન્માન કરતા લોકો છીએ. આ મહાનતાનો ઢોંગ છોડો, અમે એક ફિલ્મ સહન કરી શકતા નથી. અભિવ્યક્તિની સ્વતંત્રતા વિશે વાત કરીએ.

વધુમાં, મનોજે વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની હત્યા વિશે પૂછ્યું અને કહ્યું, 'ઈમરજન્સીમાં શું સમસ્યા છે? સમસ્યા એ છે કે ઈન્દિરા ગાંધીની ઘાતકી હત્યા દર્શાવવામાં આવી છે. તો શું ઈન્દિરાજીનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું હતું અને શું તેમની હત્યા નથી થઈ? સમસ્યા એ છે કે ઈન્દિરા ગાંધીના હત્યારાઓને શીખ બતાવવામાં આવ્યા છે. તો સતવંત સિંહ અને બિઅંત સિંહ શીખ ન હતા? સમસ્યા એ છે કે જરનૈલ સિંહ ભિંડરાનવાલેને આતંકવાદી ગણાવવામાં આવ્યો છે. તો શું હજારો નિર્દોષોની નિર્દયતાથી હત્યા કરનાર એ ઘાતકી આતંકવાદી ન હતો?

# ચીન-ભારતના યુધ્ધ પરથી વધુ એક ફિલ્મ આવી રહી છે, નામ છે- '120 બહાદુર'....

ભારત-ચીન વચ્ચે 1962માં થયેલા યુધ્ધ પરથી વર્ષો પહેલાં ધર્મેન્દ્ર, બલરાજસહાનીની ફિલ્મ હકીકત બની હતી. હવે ફરહાન અખ્તર એ યુધ્ધ પરથી વધુ એક ફિલ્મ લઈને આવી રહ્યો છે. કર લે હમ ફિદાં જાનો તન સાથીઓ.. અબ તુમ્હારે હવાલે વતન સાથીયોં....ગીત ફિલ્મ હકીકતનું છે. આ ફિલ્મમાં ભારતના જવાનોને કડકડતી ઠંડીમાં પગમાં પહેરવા માટે ફાટેલા મોજાથી કામ ચલાવવુ પડ્યું તે પણ વાસ્તવિકતા દર્શાવી છે.

જ્યારે પણ ફરહાન અખ્તર કોઈપણ વિષય પર ફિલ્મ બનાવવાની જાહેરાત કરે છે, ત્યારે ચાહકોને વિશ્વાસ હોય છે કે ફિલ્મ સારી વાર્તાથી ભરેલી હશે. એક્સેલ એન્ટરટેઈનમેન્ટ હેઠળ બનેલી ફિલ્મોનો રેકોર્ડ અત્યાર સુધી સારો રહ્યો છે.આ દિવસોમાં બોલિવૂડમાં જ્યાં વાસ્તવિક ઘટનાઓ પર આધારિત ફિલ્મો બનાવવાનો અથવા વ્યક્તિના વાસ્તવિક વ્યક્તિત્વને દર્શાવવાનો ટ્રેન્ડ વધી ગયો છે, ત્યારે ફરહાન અખ્તરે







'120 બહાદુર'ની જાહેરાત કરી છે. જો કે આ પહેલા તેણે વાસ્તવિક ફિલ્મોમાં પણ કામ કર્યું છે. તેણીએ 'ભાગ મિલ્ખા ભાગ'માં ભારતીય ટ્રેક અને ફિલ્ડ દોડવીર મિલ્કા સિંહની ભૂમિકા ભજવી હતી. હવે ફરહાન 120 બ્રેવહાર્ટ્સમાં મહત્વની ભૂમિકા ભજવતો જોવા મળશે.

આ ફિલ્મની જાહેરાતની સાથે જ ફરહાન અખ્તરે પણ આ ફિલ્મના પ્લોટ પર એક હિંટ આપી હતી. તે ભારતીય સેનાના અધિકારી મેજર શૈતાન સિંહની ભૂમિકામાં જોવા મળશે. રજનીશ રાજી ઘાઈ દ્વારા નિર્દેશિત, આ ફિલ્મ 1962 માં થયેલા ભારત-ચીન યુદ્ધ પર આધારિત છે, જ્યારે બંને દેશો વચ્ચે પ્રથમ યુદ્ધ થયું હતું.

1962ના ભારત-ચીન યુદ્ધનું નામ રેઝાંગ કાયદા યુદ્ધના નામ પરથી રાખવામાં આવ્યું છે, જે લદ્દાખ અને સપનુગર તળાવ બેસિન વચ્ચેનો પર્વતીય માર્ગ છે. અહીં 120 બહાદુરો ત્રણ હજાર ચીની સૈનિકો સામે લડ્યા હતા અને ફરહાન અખ્તર પોતાના દેશવાસીઓને આ બહાદુરીની વાર્તા બતાવવા અને કહેવા માંગે છે.

# માસ્ટરપીસ ગેંગ્સ ઓફ વાસેપુર...ના ડાયલોગ્સ પણ કાંઇ મીમ્સથી કમ નથી....

ગેંગ્સ ઓફ વાસેપુર એક એવી ફિલ્મ છે જે રિલીઝ થયા પછી માત્ર હિટ જ નથી રહી, પરંતુ આજે પણ તેના ડાયલોગ્સ ધૂમ મચાવે છે. ફિલ્મ ચોક્કસપણે એક માસ્ટરપીસ છે, પરંતુ તેના સંવાદોથી બનેલા મીમ્સ ઈન્ટરનેટ પર એટલી ઝડપથી વાઈરલ થાય છે કે જાણે ફિલ્મ ક્યારેય જૂની થઈ જ નથી.

વર્ષ 2012માં બે ભાગમાં રીલીઝ થયેલી ગેંગ્સ ઓફ વાસેપુર એક શાનદાર ફિલ્મ તરીકે બહાર આવી હતી, જેને આ ફિલ્મ ગમે છે, જેઓ ફિલ્મની વિરુદ્ધ કંઈ પણ સાંભળી શકતા નથી. આ ફિલ્મને રિલીઝ થયાને 12 વર્ષ થઈ ગયા છે, પરંતુ હજુ પણ અન્ય કોઈ ફિલ્મ તેના પાત્રો, ગીતો અને સંવાદોને ટક્કર આપી શકી નથી.

આ ફિલ્મની વાર્તા ધનબાદના કોલસા માફિયા અને ત્રણ પરિવારોની આસપાસ ફરે છે. ફિલ્મ કરતાં વધુ, તેના મેમ નમૂનાઓ દરેક જગ્યાએ છે. તે 30 ઓગસ્ટના રોજ ફરીથી રિલીઝ કરવામાં આવી હતી. આ ફિલ્મનું નિર્દેશન અનુરાગ કશ્યપે કર્યું છે. ગેંગ્સ ઓફ વાસેપુર એક વાર્તા પર આધારિત છે જેમાં ત્રણ ગેંગસ્ટર પરિવારો એકબીજા પર બદલો લેતા જોવા મળે છે. જો કે આ સ્ટોરી જેટલી ગંભીર લાગે છે એટલી જ ફિલ્મનું ડિરેક્શન અને તેના ડાયલોગ્સે પણ એટલી જ મજેદાર બનાવી છે.



### બધા સંવાદો મીમ મટીરીયલ છે.....

ફિલ્મમાં એક તરફ હત્યાનો સીન ચાલી રહ્યો છે તો બીજી તરફ ગેંગસ્ટરની મૂર્ખતા પર દર્શકો હસી રહ્યા છે. ફિલ્મના ઉત્તમ સંવાદોએ મીમ્સ દ્વારા લોકોના દિલમાં વધુ જગ્યા બનાવી છે. ચાલો જાણીએ કે કયા છે તે સંવાદો...

'બેટા તુમસે ના હો પાયેગા' - ગેંગ્સ ઓફ વાસેપુરના એક સીનમાં રામાધીર સિંહનું પાત્ર ભજવનાર તિગ્માંશુ ધુલિયા તેના ધારાસભ્ય પુત્ર જેપી સિંહની હરકતોથી નારાજ થઈ જાય છે અને તેને કહે છે, "બેટા, તુમસે ના હો. પાયેગા."

'યે વાસેપુર હૈ, યહાં કબૂતર ભી એક પંખ સે ઉડતા હૈ ' - પંકજ ત્રિપાઠીએ બુચર સુલતાનના રોલમાં જબરદસ્ત એક્ટિંગ કરી છે. એક દ્રશ્યમાં જ્યારે પોલીસ કસાઈની દુકાને પહોંચે છે ત્યારે કસાઈ સુલતાન કહે છે, 'આ વાસેપુર છે, અહીં એક કબૂતર પણ એક પાંખથી ઉડે છે અને બીજી પાંખથી પોતાની ઈજ્જત બચાવે છે.'

- 'ચાબી કહાં હૈ ?' દિગ્દર્શક અનુરાગ કશ્યપની ફેમસ ફિલ્મમાં જ્યારે સરદાર ખાન પોતાના પુત્રને ગોળી માર્યા બાદ હોસ્પિટલ લઈ જતા હતા ત્યારે કારની ચાવી ન મળતા તેઓ ગુસ્સામાં પૂછે છે કે ચાવી ક્યાં છે?
- 'બાપ કા. દાદા કા, ભાઈ કા, સબ કા બદલા લેંગા ફૈઝલ' - એકબીજાથી બદલો લેવાની આ વાર્તામાં પોતાના પરિવારના સભ્યોના મોતનો બદલો લેવાની વાત કરતાં તે કહે છે, પિતાનું, દાદાનું, ભાઈનું અરે, તારો ફૈઝલ બધાનો બદલો લેશે.
- ' અબ અન્ડરગ્રાઉન્ડ હોને કા વક્ત આ ગયા હૈ ' - મનોજ બાજપેયીનો આ ડાયલોગ ઘણો ફેમસ થયો હતો. જેમાં માથા પર શાલ ઓઢીને ઉભા રહેલા મનોજ બાજપેયી કહે છે કે હવે ભૂગર્ભ જવાનો સમય આવી ગયો છે.
- ફૈઝલ કબ ખૂન ખોલેગા રે તેરા' - ફૈઝલની માતા નગમા ખાતૂનનું પાત્ર ભજવતી રિચા ચઢ્ઢા તેના પરિવારના સભ્યોના મૃત્યુનો બદલો લેવાનું કહે છે. તે કહે છે, ફૈઝલ, તારું લોહી ક્યારે ઉકળે?
- 'ખાના ખાઓ, તાકાત આયેંગી...' - નગમા ખાતૂન તેના પતિ સરદાર ખાનની પ્રવૃત્તિઓ પર રોક લગાવે છે અને કહે છે, 'ભોજન ખાઓ, તાકાત આવશે... બહાર જઈને તેનું અપમાન ન કરો.'
- 'સાંપ કો પાલ રહા થા' - ફિલ્મના આ ડાયલોગમાં રામાધીર સિંહ પોતાના પુત્ર માટે બોલે છે, જ્યારે તેને ખબર પડે છે કે તેનો દુશ્મન તેના પુત્ર માટે કામ કરે છે.
- 'સ્ટાર્ટ ધ કાર' - મનોજ બાજપેયીની ફિલ્મના ઘણા સંવાદો યોગ્ય મીમ્સ સામગ્રી છે. મનોજ બાજપેયી બદલાના જોશમાં દોડતા આ ડાયલોગ બોલે છે.

## અમદાવાદથી સેંકડો માઇભકતોએ 52 ગજ સહિત નાની મોટી ધજા લઇ પગપાળા અંબાજી તરફ પ્રયાણ


# બોલ માડી અંબે..જય જય અંબે...ના નાદથી માર્ગો ગૂંજી ઉઠશે

■ 12 થી 18 સપ્ટેમ્બર દરમિયાન અંબાજી ખાતે ભાદરવી પૂનમના મહામેળાનું ભવ્ય, દિવ્ય આયોજન

ગુજરાત | વંદન





શક્તિ ભક્તિ અને આસ્થાનો મહાકુંભ સમો ભાદરવી પૂનમનો મેળાનો ૧૨ સપ્ટેમ્બરથી શુભારંભ થશે. તા. ૧૨ થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન અંબાજી ખાતે ભાદરવી પૂનમના મહામેળાનું આયોજન કરાયું છે. અંબાજી અને અંબાજી જતા તમામ માર્ગો જયઅંબેના નાદથી ગુંજી ઉઠશે. અમદાવાદથી સેંકડો માઈભકતોએ 52 ગજની ધજા સહિત નાની મોટી ધજા લઈ પગપાળા અંબાજી તરફ પ્રયાણ શરૂ કર્યું છે. રસ્તામાં ઠેર ઠેર તેમના આરામ અને અલ્પાહાર સહિત ભોજનની રહેવાની વ્યવસ્થા માટે નાના મોટા કેમ્પો પણ શરૂ થઈ ગયા છે.

દરમ્યાનમાં, શક્તિપીઠ અંબાજી ખાતેના ભાદરવી પૂનમ મહામેળાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.. જે અંતર્ગત સચિવ (પ્રવાસન અને દેવસ્થાન) રાજેન્દ્રકુમારના અધ્યક્ષ સ્થાને અંબાજી મંદિરના મીટીંગ હોલમાં બેઠક યોજવામાં આવી હતી. જેમાં સચિવએ સમગ્ર મેળાના આયોજન અંગે સમીક્ષા કરી હતી.

સચિવે ભાદરવી પૂનમ મહામેળામાં આવનાર યાત્રિકો માટે સલામતિ, સુરક્ષા, ક્રાઉડ મેનેજમેન્ટ, સ્વચ્છતા, સેનિટેશન, આરોગ્ય, પીવાનું પાણી વગેરે બાબતો ઉપર ઝીણવટપૂર્વક આયોજન કરવા જરૂરી સૂચનો આપ્યા હતા. તેમજ જિલ્લા કલેકટર અને જિલ્લા પોલીસ અધિક્ષક સાથે હાલમાં અંબાજી ખાતે ચાલતા વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટની સ્થળ મુલાકાત પણ કરી હતી. .

આગોતરા આયોજન માટે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન અને કલેકટરની અધ્યક્ષતામાં વિવિધ વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિમાં બેઠક કરાઈ હતી, કલેકટરએ વિવિધ સુવિધાઓ વિશે વિસ્તૃત અને ઝીણવટભરી સમીક્ષા કરી અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સુચનાઓ આપી હતી.

### અંબાજી મંદિરનો વહીવટ પહેલા દાંતા ના રાજા કરતા હતા

અંબાજી મંદિરનો વહીવટ આઝાદી પહેલાં દાંતા રાજ્ય તરફથી થતો હતો. આઝાદી બાદ દાંતા રાજ્ય ગુજરાતમાં ભળી જતા ૧૯૮૫થી મંદિરના વહીવટ માટે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ બનાવવામાં આવ્યું જેના અધ્યક્ષ તરીકે બનાસકાંઠાના કલેક્ટરને નિયુક્ત કરાયા છે. જ્યારે વહીવટદાર તરીકે નાયબ કલેક્ટરની નિયુક્તિ કરાય છે.

### પોશી પુનમ માતાજીનો પ્રાગટ્ય દિવસ

પોષી પૂનમ માતાજીનો પ્રાગટ્ય દિવસ તરીકે ભવ્ય રીતે ઉજવાય છે. આ દિવસે ગુજરાત અને આજુબાજુના રાજ્યોમાંથી પણ દર્શનાર્થીઓના સંઘ પગપાળા તેમજ વાહનો સાથે મોટી સંખ્યામાં ઉમટી પડે છે. ભાદરવી પુનમના દિવસે અહી મેળાનું આયોજન થાય છે. અંબાજી ગામ શણગાર સજે છે. આ દિવસે 'શતચંડી યજ્ઞ' કરવામાં આવે છે અને માતાજીને છપ્પન ભોગ ધરાવવામાં આવે છે.

કલેકટરએ અધિકારીઓને સંબોધતા જણાવ્યું કે, ગયા વર્ષે આ મેળાને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હતો, તેવી જ રીતે આ વર્ષે દૂરદૂરથી લાખો પદયાત્રિકો માતાજીના દર્શનાર્થે આવવાની ધારણા છે. અંબાજી આવતા પદયાત્રિકોને જરૂરી તમામ સુવિધાઓ સરળતાથી મળે અને સરસ દર્શન થાય તે માટે આપણે સૌ સેવાભાવના સાથે કાળજીપૂર્વક કામગીરી થાય તે પ્રકારનું આયોજન કરવા સૂચન કર્યું હતું.

બનાસકાંઠા જિલ્લામાં આવેલ વિશ્વપ્રસિદ્ધ માં અંબેના ધામ અંબાજી ખાતે દર વર્ષે આસ્થાના મહાકુંભ સમાન ભાદરવી પૂનમનો મહામેળો યોજાય છે. જેમાં ગુજરાત અને દેશભરમાંથી શ્રદ્ધાળુઓ આ પવિત્ર દિવસોમાં માં અંબાના દર્શનાર્થે પધારે છે. મા અંબામાં માત્ર ગુજરાત નહિ વિશ્વભરના લોકો આસ્થા ધરાવે છે.

અંબાજી આવતા સંઘો અને સેવા કેમ્પોની ઓનલાઈન નોંધણી શરૂ થઈ ગઈ છે, તેમજ અંબાજી મંદિર પરિસર અને ગબ્બર ખાતે દર્શનાર્થીઓ માટે જરૂરી સુવિધાઓ સહિત વિવિધ વ્યવસ્થાઓ અને નિ:શુલ્ક ભોજન અને પીવાના પાણીની વ્યવસ્થા, વીજળી, આરોગ્ય, સાથે આવનાર ભક્તો માટે એસ.ટી.બસોની સુવિધા કરવામાં આવનાર છે, આ સાથે CCTV કેમેરાથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવણી તથા સ્વચ્છતા માટેની તમામ તકેદારી રાખવામાં આવનાર છે.


ભાદરવી પૂનમના મેળામાં ગુજરાતભરમાંથી મોટી સંખ્યામાં માઈભક્તો દર્શન કરવા આવી પહોંચે છે. જેથી કોઈ અવ્યવસ્થા ના સર્જાય તે માટે અંબાજી ટેમ્પલની વેબસાઈટ પર પગપાળા સંઘ, સેવા કેમ્પ, વાહન પાસ માટે ઓનલાઈન નોંધણી શરૂ થઈ ચૂકી છે.

...અનુસંધાન પેજ નં. 6 પર

# ગુજરાત 129 અબજોપતિ સાથે ભારતનું ત્રીજા નંબરનું બિલિયોનર્સ સિટી બન્યું

■ અમદાવાદમાં 67 અબજોપતિ છે, તો સુરતમાં 28 અબજોપતિઓ ડયમંડમાં રમે છે

ગુજરાત | વંદન



ભારતમાં અબજોપતિની સંખ્યા ચાલુ વર્ષે રોકેટ ગતિથી વધી રહી છે. હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ 2024 રિપોર્ટ મુજબ વર્ષ 2023 દરમિયાન ભારતના અબજોપતિની યાદીમાં નવા 94 ધનિક વ્યક્તિઓ ઉમેરાયા છે અને આ મામલે અમેરિકા બાદ ભારત બીજા ક્રમે છે. આ રિપોર્ટ અનુસાર ભારતના અબજોપતિઓ એ સંયુક્ત રીતે કૂલ 1 લાખ કરોડ ડોલરની કમાણી કરી છે, જે કુલ વૈશ્વિક સંપત્તિના 7 ટકા બરાબર છે.

આ રિપોર્ટમાં જર્શાવ્યાં પ્રમાણે, જો ગુજરાતની વાત કરીએ તો 129 અબજોપતિ સાથે ભારતના બિલિયોનર્સ સિટીની યાદીમાં ત્રીજા નંબર છે. આ યાદીમાં મહારાષ્ટ્ર 470 અબજોપતિ સાથે પ્રથમ નંબર પર અને 213 ધનિકો સાથે દિલ્હી બીજા નંબર પર છે.

ગુજરાતમાં અમદાવાદ ધનિકોનું શહેર છે. અમદાવાદમાં 67 અબજોપતિ છે, જેમા જાણીતા ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને પરિવાર સામેલ છે. તો સુરતમાં 28 અબજોપતિ રહે છે. સુરતમાં એક વર્ષમાં નવો એક અબજોપતિ ઉમેરાયો છે. ભારતના ટોપ 10 બિલિયોનર્સ સિટીમાં અમદાવાદ 7 અને સુરત 9માં ક્રમે છે. બેંગ્લોર 100 અબજોપતિ સાથે આ યાદીમાં ચોથા નંબર છે, જો કે છેલ્લા એક વર્ષમાં ત્યાં નવો એક પણ વ્યક્તિ અબજોપતિ ઉમેરાયો નથી.

એશિયાનું બિલિયોનર કેપિટલ મુંબઈમાં ચાલુ વર્ષે નવા 58 અબજોપતિ ઉમેરાયા છે. આ સાથે મુંબઈમાં રહેતા અબજોપતિની કુલ સંખ્યા 386 થઈ ગઇ છે. તો ભારતના પાટનગર દિલ્હીમાં ચાલુ વર્ષે નવા 18 અબજોપતિ ઉમેરાયા છે. આ સાથે દિલ્હીમાં અબજોપતિની સંખ્યા 217 થઇ ગઇ છે. ભારતના અબજોપતિ શહેરોની યાદીમાં હૈદરાબાદ 103 ધનિક સાથે ત્રીજા નંબર છે, ત્યાં આ વર્ષે નવા 17 બિલિયોનર્સ ઉમેરાયા છે.

ભારતમાં અબજોપિતની સંખ્યા ઝડપથી વધી રહી છે. હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ 2024 રિપોર્ટ અનુસાર ભારતમાં છેલ્લા એક વર્ષમાં 334 નવા અબજોપતિ ઉમેરાયા છે. આ સાથે ભારતમાં અબજોપતિની કુલ સંખ્યા 1539 થઇ થઇ છે. જે વ્યક્તિની સંપત્તિ 1000 કરોડ કે તેથી વધુ હોય તેમને અબજોપતિની યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. આ વખેત ગૌતમ અદાણીને પાછળ રાખી મુકેશ અંબાણી ભારતના નંબર 1 અબજોપતિ બની ગયા છે.

એશિયાના અબજોપતિ શહેરની યાદીમાં મોટો ફેરફાર થયો છે. જેમાં ચીનની રાજધાની બેઈજિંગને પછાડી ભારતનું આર્થિક પાટનગર મુંબઈ એશિયાનું બિલિયોનર કેપિટલ બની ગયું છે. રિચેસ્ટ સિટી એટલે જ્યાં સૌથી વધારે અબજોપતિ રહે છે. હુરુન ઈન્ડિયા રિપોર્ટ મુજબ મુંબઈ હવે દુનિયાનું ત્રીજું સૌથી ધનિક શહેર બની ગયું છે.

## સલામ ચંદ્રેશકુમાર બોરીસાગરને જેમની દેશના 50 શ્રેષ્ઠ શિક્ષકોમાં પસંદગી થઇ

# એક એવા શિક્ષક કે જેમણે કલાસરૂમ નહીં પણ બાઇક પર હરતી ફરતી શાળા બનાવી!

ગુજરાત | વંદન



લોકગીત, સંગીત, ગાયન, વાદન અને અભિનયથી શિક્ષણકાર્યમાં નવા પ્રાણ ફૂંક્યા...

5 સપ્ટેમ્બર શિક્ષક દિવસ નિમિત્તે ભારત સરકાર દ્વારા આ વખતે દેશભરમાંથી કુલ 50 શિક્ષકોને નેશનલ ટીચર્સ એવોર્ડ 2024 માટે પસંદગી કરવામાં આવી છે. જેમાં ગુજરાતમાંથી ચંદ્રેશકુમાર બોરીસાગર અને આણંદની વડાલા સ્થિત હાઈસ્કુલના શિક્ષક વિનય શશિકાન્ત પટેલ સામેલ છે.

શ્રેષ્ઠ શાળાથી શ્રેષ્ઠ રાષ્ટ્રના નિર્માણ માટે પ્રયત્નશીલ ચંદ્રેશકુમારે આવા અનેક નવીન પ્રયોગોથી બોરિંગ અને કષ્ટદાયક જણાતા શિક્ષણકાર્યમાં નવા પ્રાણ ફૂંકીને તેને રસપ્રદ બનાવ્યું છે. આ પ્રયોગોની હકારાત્મક અસર બાળકોના ઘડતરમાં જોવા મળી રહી છે અને શિક્ષણ ક્ષેત્રમાં તેમના સંનિષ્ઠ પ્રયાસોના પરિણામે તેમને નેશનલ ટીચર્સ એવોર્ડ 2024 આપવામાં આવ્યો છે.

"પંખીડા તું ઉડીને જાજે ગામે ગામ રે...ગામના બાળકોને કહેજે ભણવા આવો રે..મારા દેશના બાળકો તમે ભણવા આવો રે..વહેલા આવો, નિયમિત આવો, રોજે આવો રે..દેશના બાળકો રે તમે ભણવા આવો રે...

ગુજરાતના પ્રસિદ્ધ લોકગીતને શૈક્ષણિક લોકજાગૃતિ માટે આ રીતે ઉપયોગમાં લઈને, અમરેલીની બાઢડાપરા પ્રાથમિક શાળાના કાર્યકારી મુખ્ય શિક્ષક ચંદ્રેશકુમાર ભોલાશંકર બોરીસાગરે શિક્ષણ ક્ષેત્રે નવીનતાનું એક અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે..

સંગીતની સાધના કરતા ચંદ્રેશકુમારે શિક્ષણ કાર્ય માટે કરેલા તેમના પ્રયોગો વિશે જણાવતા કહ્યું, હું સંગીતમાં રસ ધરાવું છું અને સંગીતના માધ્યમથી શિક્ષણકાર્યને સરળ બનાવી દઉં છું. મેં બાઈક પર હરતી ફરતી શાળા બનાવીને ગીતોના માધ્યમથી શિક્ષણકાર્ય માટે બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. તેમાં સ્થાનિક લોકગીતોનો ઉપયોગ શિક્ષણના ગીતો તરીકે કર્યો હતો. વર્ગખંડમાં પણ સંગીતના ઉપયોગથી બાળકોને સમજાવવામાં ઘણી સફળતા મળી છે.

...અનુસંધાન પેજ નં. 6 પર

# 250થી વધુ નર્સિંગ કોલેજો પાસે ફાયર NOC ન હોવાથી મંજૂરી અટકી પડી

■ સંચાલકો આગામી 15 દિવસમાં ફાયર મંજૂરી રજૂ ન કરે તો શિક્ષણકાર્ય અસર

ગુજરાત | વંદન

રાજયમાં નર્સિંગની 300થી વધારે કોલેજો પૈકી હાલમાં ફાયર એનઓસી સહિતની જુદી જુદી ક્ષતિઓની પૂર્તતા કરતાં માત્ર 40 જેટલી જ કોલેજોને મંજૂરી આપવામાં આવી છે. આગામી 15 દિવસમાં કોલેજો ફાયર એનઓસી સહિતની ક્ષતિપૂર્તિ ન કરે તો મંજૂરી આપવામાં નહી આવે તેવી ચીમકી પણ કાઉન્સિલ દ્વારા આપવામાં આવી છે. બીજીબાજુ લાંબા સમયથી રજિસ્ટ્રેશન કરીને પ્રવેશની રાહ જોઈ રહેલા વિદ્યાર્થીઓ માટે સમિતિ દ્વારા આજે પ્રેક્ટિસ માટે મોક રાઉન્ડમાં કોલેજની ફાળવણી કરી દીધી હતી. જેમાં 17866 વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો.પેરા મેડિકલ એટલે કે એએનએમ, જીએનએમ, બીએસસી નર્સિંગ, ફિઝિયોથેરાપી, ઓપ્ટોમેટ્રી, ઓક્યુપેશનલ થેરાપી, ઓર્થોટીક્સ, પ્રોસ્થેટીક્સ, નેચરોપથી સહિતની જુદા જુદા કોર્સમાં પ્રવેશ માટે છેલ્લા કેટલાય સમયથી રજિસ્ટ્રેશન સહિતની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. રાજયમાં જુદી જુદી નર્સિંગની સરકારી સહિતની અંદાજે 400થી વધારે કોલેજો કાર્યરત છે. સૂત્રો કહે છે છેલ્લા કેટલાય સમયથી આ કોલેજોને કાઉન્સિલ દ્વારા મંજૂરી આપવામાં આવી નથી. આ મુદ્દે કાઉન્સિલના સત્તાધીશો કહે છે કે, ફાયર એનઓસી સહિતની જુદી જુદી ક્ષતિઓ હોવાના કારણે કોલેજોને મંજૂરી આપવામાં આવતી નથી. હાલમાં અંદાજે 40 કોલેજો એવી છે કે જેઓએ ફાયર એનઓસી સહિતની ક્ષતિપૂર્તિ કરી દીધી હોવાથી તેમને મંજૂરી આપી દેવામાં આવી છે. એટલે કે મોટાભાગની કોલેજોને હજુસુધી કાઉન્સિલની મંજૂરી બાકી છે. સૂત્રો કહે છે કે આગામી 15 દિવસમાં સંસ્થાઓ ફાયર એનઓસી રજૂ કરે તો મંજૂરી આપવામાં આવશે નહી તેવી ચીમકી પણ હાલ આપવામાં આવી છે. આમ, સરકારી સહિતની અનેક કોલેજોની મંજૂરી ફાયર સેફ્ટીના મુદ્દે અટકી પડે તેવી સ્થિતિ હાલ ઉભી થઈ છે.

# ક્રાઈમ:ગુજરાતમાં બનતા ગુનાઓ સામે થતી સજાનો દર ઓછો

■ ક્રાઈમ રેટ ઈન ઈન્ડિયાના ડેટામાં ઉલ્લેખ, તપાસમાં ભૂલથી આરોપી છૂટી જાય છે

ગુજરાત | વંદન

ગુજરાતમાં બનતા ગુનાઓની સામે તેનો કન્વિક્શન રેટ એટલે કે સજાનો દર અન્ય રાજ્યોની સરખામણીમાં ઓછો હોવાનો ચોંકાવનારો આંકડો ક્રાઈમ રેટ ઈન ઈન્ડિયાના ડેટામાં સામે આવ્યો છે. જે રાજસ્થાન અને મહારાષ્ટ્ર કરતા ઓછો છે. જે બાબતે ચિંતા વ્યક્ત કરતા સિનિયર પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે અનેક કિસ્સામાં ભૂલ ભરેલી તપાસના કારણે આરોપીઓ કોર્ટમાં નિર્દોષ છુટી જાય છે. પોલીસ કેસમાં કન્વિક્શન દરમાં વધારો થાય તે માટે અમદાવાદ ખાતે એક દિવસીય સેમિનાર યોજાયો હતો. ક્રાઈમ રેટ ઈન્ડિયાના ૨૦૨૨ દ્વારા રજુ કરવામાં આવેલા અહેવાલમાં દેશનો સરેરાશ સજાનો દર ૫૪.૨ ટકા છે. તેની સામે રાજસ્થાનનો કન્વિક્શન દર ૫૧.૭ ટકા અને મહારાષ્ટ્રનો દર ૪૫.૧ ટકા છે. જેના પ્રમાણમાં ગુજરાતનો દર માત્ર દર ૨૯.૭ ટકા છે. જે ગુજરાત પોલીસ માટે ચિંતાનો વિષય બન્યો છે. તો બીજી તરફ ચાર્જશીટ રેટમાં ચિત્ર ઉલ્ટુ છે. દેશનો ચાર્જશીટ રેટ ૭૧.૩ ટકા છે. તેની સામે ગુજરાતનો દર ૮૯.૯ ટકા છે અને રાજસ્થાનનો રેટ ૪૯.૮ ટકા તેમજ મહારાષ્ટ્રનો દર ૭૫.૩ ટકા છે. જેથી ગુજરાતમાં સજાનો દર વધે તે માટે પોલીસ અધિકારીઓના માર્ગદર્શન માટે એક દિવસીય સેમિનાર યોજાયો હતો. જેમાં સંબોધન કરતા પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે ફોરેન્સીક સાયન્સ અને જ્યુડીશીયલ સિસ્ટમ સજાનો દર વધારવા માટે મદદરૂપ થાય છે.

# મકરબાનો રૂપિયા 32 કરોડનો પ્લોટ હડપવા ન્યૂઝિલેન્ડથી હમશકલ બોલાવાયો, પણ...

■ મૂળ માલિકની જેમ ચાલતા, બોલતા અને દેખાવમાં પણ એવો જ બનવા ટ્રેનિંગ આપી

ગુજરાત | વંદન



અમેરિકા રહેતા ધ્રુવીશ મહેતાનો પ્લોટ બારોબાર વેચાઈ જવાના કેસમાં મોટો વળાંક આવ્યો છે. ફિલ્મી ઢબે આ ઠગ ટોળકીએ પ્રોપર તૈયારીઓ કરી ન્યૂઝીલેન્ડથી ધ્રુવીશનો હમશકલ બોલાવી કાંડને અંજામ આપ્યો હતો. મકરબામાં ધ્રુવીશ મહેતાનો 32 કરોડ રૂપિયાનો પ્લોટ હતો, તેઓ અમેરિકામાં જ સેટલ હતા. પરિવારે ધ્રુવીશના નામે અહીં એક પ્લોટ ખરીદી મોટુ ઈન્વેસ્ટમેન્ટ કરી દીધું હતું. જેને મહેતા પરિવારની જાણ બહાર બારોબાર વેચી નાખનારી આખી ટોળકીનો પર્દાફાશ થઈ ગયો છે.

કોઈ બોલિવૂડ ફિલ્મમાં એક્ટર તેના રોલ પ્લે કરતા પહેલા મેકઅપ કરે એવી જ રીતે ધ્રુવીશનો રિયલ લાઈફમાં હમશકલ શોધીને આ પ્લોટ પચાઉ ટોળકીએ પ્લાન બનાવ્યો હતો. તેમણે પ્લોટ માલિકના હમશકલ વ્યક્તિને ન્યૂઝીલેન્ડથી ભારત બોલાવ્યો હતો અને તેને ધ્રુવીશ તરીકે ગેટઅપ સેટ કરી આપ્યો હતો.

આ વ્યક્તિને ધ્રુવીશની જેમ ચાલતા, બોલતા, હરકતો કરતા અને દેખાવમાં પણ એવો જ બનવા ટ્રેનિંગ આપી હતી. આ વ્યક્તિને બાદમાં ફૂલપ્રુફ પ્લાન સાથે દસ્તાવેજ પર સિગ્નેચર કરવાની સાથે તમામ પ્રોસિજરમાં હાજર રહેવા માટે તૈયાર કરાયો હતો. તેની સાથે ડિલ થઈ હતી કે આટલુ કર્યા બાદ આ વ્યક્તિ પાછો ન્યૂઝીલેન્ડ જતો રહેશે અને આ

...અનુસંધાન પેજ નં. 6 પર

# મકાન આપવામાં બહાનાબાજી કરનારા બિલ્ડર સામે RERAની લાલ આંખ

■ સાત ફરિયાદીઓમાંથી પ્રત્યેકને 15,000નો ખર્ચ ચૂકવવાનો આદેશ

ગુજરાત | વંદન




બિલ્ડર્સ અને ડેવલપર્સ તરફથી થતી હેરાનગતિ સામે ગ્રાહકોને ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (GUJRERA) તરફથી રક્ષણ મળી રહેતું હોય છે. હાલમાં જ ગુજરેરાએ એક ચુકાદો આપ્યો હતો જેમાં તેમણે WTC નોઈડા ડેવલપમેન્ટ કંપની પ્રાઈવેટ લિમિટેડના પ્રમોટર્સને કેસની સુનાવણીને વારંવાર મુલતવી રાખવા માટે બહાનાબાજી કરવા બદલ સાત ફરિયાદીઓમાંથી પ્રત્યેકને 15,000 રૂપિયાનો ખર્ચ ચૂકવવાનો આદેશ આપ્યો છે.

સુનીલ કુમાર અગ્રવાલ અને અન્ય છ લોકોએ RERA ઓથોરિટીનો સંપર્ક કર્યો હતો અને પ્રમોટર કંપનીને વેચાણ ડીડને અમલમાં મૂકવા અને ખાતરીપૂર્વકનું વળતર ચૂકવવા માટેના આદેશની વિનંતી કરી હતી.સુનાવણી દરમિયાન બેન્ચે તમામ બાબતોને એકસાથે જોડી દીધી કારણ કે તે સમાન પ્રકારની હતી. જોકે, પ્રમોટર કંપનીના એડવોકેટે સુનાવણી મુલતવી રાખવા માટે અરજી દાખલ કરી હતી, જેમાં જણાવ્યું હતું કે તેમના વરિષ્ઠ વકીલે પોતાને છોડી દીધો છે અને તેમને અન્ય એક કાઉન્સેલ કેસમાં જોડાય તેની જરૂર છે. સાથે જોડાવવાની જરૂર છે. પરંતુ અરજદારના વકીલોએ સુનાવણીમાં વિલંબ કરવા માટે કોઈ પર્યાપ્ત કારણ દર્શાવવામાં આવ્યું નથી તેવી દલીલ કરીને કોઈપણ મુલતવી આપવા સામે વાંધો ઉઠાવ્યો હતો. તેમમે દરેક ફરિયાદીને 50,000 રૂપિયાનું વળતર ચૂકવવાની માંગ કરી હતી. ઓથોરિટીએ નોંધ્યું હતું કે આ મામલો મૌખિક દલીલો સાંભળવા માટે મૂકવામાં આવ્યો હતો, પરંતુ વિરોધી કંપનીએ ફરિયાદીઓના વકીલોને અથવા સત્તાધિકારીને મુલતવી રાખવાના તેમના ઈરાદા વિશે અગાઉથી જાણ કરી ન હતી.

ડો. એમડી મોડિયા અને એમએ ગાંધીની બનેલી રેરા બેન્ચે એ શરતે મુલતવી અરજીને મંજૂરી આપી હતી કે પ્રતિસ્પર્ધી કંપની આદેશની તારીખથી એક સપ્તાહની અંદર પ્રત્યેક ફરિયાદીને 15,000 રૂપિયાનો ખર્ચ ચૂકવે. શહેર સ્થિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સુનિલ કુમાર અગ્રવાલ અને અન્ય 23 લોકોએ સમયસર પઝેશન અને રોકાણ પર વળતરનું વચન આપ્યા બાદ તે મળતા RERAમાં અરજી કરી હતી.

# વડોદરામાં પૂરના મામલે જૈન મૂનિ સૂર્યસાગર સ્વામીનો આક્રોશ

ગુજરાત | વંદન

વડોદરામાં પૂરની સ્થિતિને લઈને જૈન મુનિ સૂર્યસાગર સ્વામી ક્રોધિત થયા હતા. તેઓ સ્થાનિક નેતાઓ ઉપર કોપાયમાન થયા છે. જૈન મુનિ સૂર્યસાગર સ્વામીએ જણાવ્યું છે કે વડોદરા શહેરમાં 10થી 12 ઈંચમાં ક્યારેય પૂરની સ્થિતિ ઉદ્ભવી નથી. આ વર્ષે વડોદરા શહેરનો મોટાભાગનો વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ ગયો હતો અને ભયંકર પૂરની સ્થિતિ સર્જાઇ હતી. પરંતુ પૂરની સ્થિતિને લઈને જવાબદાર કોણ ? સ્થાનિક નેતાઓ માત્રને માત્ર વિકાસની ગાથા ગાતા હોય છે. પરંતુ રીયલી સ્થિતિ તો કઈ અલગ જ હોય છે જેનો વડોદરા શહેરને અનુભવ થઈ ગયો. ધારાસભ્યોને માત્ર સત્તા જોઈએ છે. મનીષા વકીલ અને ભરત ડાંગરને માત્ર સત્તા જોઈએ છે. બાળકૃષ્ણ શુક્લને પણ માત્ર સત્તા જોઈએ છે. આ નેતાઓને જીવડા પડશે. કોઈ બોલે તો હેરાન કરાય છે. સાપ અને વીંછી કરડતા લોકો મરી ગયા છે. બે લોકો કરંટ લાગવાથી મરી ગયા છે. ખબર નહીં શીર્ષ નેતૃત્વને આમણે શું લોલીપોપ આપી છે. મને હેરાન કરી બતાવો તો હું તેમને બતાવું. જેમાં હવે જૈન મુનિ સૂર્યસાગર સ્વામીનો વડોદરાના નેતાઓ પર પ્રકોપ સામે આવ્યો છે. વડોદરાના ધારાસભ્યોને કડવા વેણ કહ્યા છે. જેમાં 10 થી 12 ઈંચ વરસાદમાં ક્યારેય પુર ન આવ્યું અને આ વર્ષે પુર આવી ગયુ છે. મ્યુનિસિપલ કોર્પોરેશન એના માટે જવાબદાર છે.

